વર્ષ : ૬૨ ■ અંક : ૬ ■ તા.૧૬-૩-૨૦૨૨

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

અંદાજપત્ર વિશેષ



અંદાજપત્ર - ૨૦૨૨-૨૩






## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનો ગુજરાત પ્રવાસ

પંચાયત મહાસંમેલન : રક્ષા યુનિવર્સિટી રાષ્ટ્રને સમર્પિત : ખેલ મહાકુંભ

# ખેલ મહાકુંભ-૨૦૨૨નો શાનદાર શુભારંભ









**Gujarat**
The Reliable fortnightly of Gujaratis

Year : 62 ▪ Issue : 6 ▪ Date 16-3-2022

**તંત્રી** : ડી. પી. દેસાઈ
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**કાર્યવાહક તંત્રી** : પુલક ત્રિવેદી
**સંપાદક** : મિનેશ ત્રિવેદી
**સહસંપાદક** : દેવાંગ મેવાડા, હર્ષદ રૂપાપરા
**કલાનિર્દેશક** : જસ્મીન દવે

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ** : ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૦૭૯-૨૩૨૫૩૪૪૨
**ઈ-મેઇલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com
**ફેસબુક લિંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૪૪૧૨

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**



રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.



માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત


**48 + 4 Cover = Total 52 Pages**

આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેઇલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.

# શબ્દશ:

- ગ્રામ પંચાયતોને જાહેર વહિવટમાં પ્રાધાન્ય આપવાનો ગુજરાતનો ગૌરવપૂર્ણ ઇતિહાસ છે.
- ગામડાઓમાં લોકો વચ્ચે જઇને એમના પ્રશ્નો - સમસ્યાઓ જાણી તેનું નિવારણ લાવવાની પ્રાથમિકતા છે.
- મહિલા શક્તિના સર્વગ્રાહી કલ્યાણ માટે રાજ્ય સરકારે સ્વાસ્થ્ય-શિક્ષા-સુરક્ષાનો ત્રિસ્તરીય અભિગમ અપનાવ્યો છે.
- આદિજાતિઓની રાષ્ટ્રભક્તિ, આઝાદી જંગમાં યોગદાનની શૌર્યગાથા 'લિવ ફોર ધ નેશન-ડાય ફોર ધ નેશન'ની પ્રેરણા આપે છે.
- આત્મનિર્ભર ભારતના નિર્માણમાં ગુજરાતની પ્રત્યેક ગ્રામ પંચાયત આત્મનિર્ભર પંચાયત બનીને સહયોગ આપશે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેલ મહાકુંભનો આપેલો વિચાર આજે વટવૃક્ષ બન્યો.
- ગુજરાતમાં રમતગમત વે ઓફ લાઈફ એટલે કે જીવન જીવવાની રીત બની ચૂકી છે.
- ગુજરાતમાં બાળકો અને યુવાનો હવે રમતગમતને શોખ ઉપરાંત વ્યવસાય તરીકે પણ પસંદ કરી રહ્યાં છે.

(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યોના સંકલિત અંશો)

આકર્ષણ











06 પંચાયતી રાજ

09 રમતોત્સવ - ખેલ મહાકુંભ

12 સુરક્ષા - રક્ષા યુનિવર્સિટી





14 કવર સ્ટોરી સર્વજન હિતાય, સર્વજન સુખાયનો મંત્ર ચરિતાર્થ કરતું અંદાજપત્ર - 2022-23
- પુલક ત્રિવેદી





24 અંદાજપત્ર વિશેષ

13 અંદાજપત્ર
સુરાજ્યના સ્વપ્નને સાકાર કરતું ગુજરાત

22 આભાર પ્રસ્તાવ

42 વિધાનસભાના દ્વારેથી

44 મહિલા દિન વિશેષ

46 આસપાસ

47 વિશેષ

48 નિર્ણય

49 પારિજાત
- ઉર્વી રાવલ



# સર્વાંગી વિકાસનો રાજમાર્ગ કંડારતુ અંદાજપત્ર - ૨૦૨૨-૨૩

રંગોના પર્વ ધૂળેટી ટાણે ગુજરાત વિકાસના રંગે રંગાઈ રહ્યું છે એમ કહેવામાં પ્રત્યેક ગુજરાતી બાંધવ સ્વાભાવિક ગૌરવ અનુભવે છે. લોકતંત્રને મજબૂત કરવામાં પંચાયતી રાજ વ્યવસ્થા મહત્ત્વની છે. અમદાવાદમાં આપણું ગામ, આપણું ગૌરવના નાદ સાથે યોજાયેલા ગુજરાત પંચાયત મહાસંમેલનને વડાપ્રધાનશ્રીએ સંબોધી આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના સંદર્ભે પંચ શકિત અને પંચાયતી રાજને સુદ્રઢ કરવા પ્રેરક વિચારો પ્રસ્તુત કર્યાં.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહની ઉપસ્થિતિમાં દેશની સૌપ્રથમ રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીને ગુજરાતની ધરતી પરથી દેશને સમર્પિત કરી પ્રથમ પદવીદાન સમારોહમાં સહભાગી થયા હતા. ગુજરાતનું નામ રમત-ગમતનાં ક્ષેત્રમાં વધુ ગૌરવવંતુ બને અને ગુજરાતનાં પ્રત્યેક ખેલાડીઓને એમનાં સપનાં સાકાર કરવાની તક મળે એવા ઉમદા હેતુસર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ અમદાવાદના સરદાર પટેલ સ્ટેડિયમથી રાજ્યનાં ૧૧મા ખેલ મહાકુંભનો શુભારંભ કરાવ્યો ત્યારે સૌ કોઇના મનમાં 'રમશે ગુજરાત, જીતશે ગુજરાત'ની પરિકલ્પના આકાર લેતી જોવા મળી હતી.

માર્ચ મહિનો એટલે અંદાજપત્ર રજૂ કરવાનો સમય. અંદાજપત્રથી જ રાજ્યની વિકાસની દિશાનો અંદાજ મળે છે. આ વર્ષનું ગુજરાત રાજ્યનું અંદાજપત્ર સમાજના તમામ વર્ગને તથા રાજ્યનાં તમામ ક્ષેત્રોના સર્વાંગી વિકાસ માટેનું ઉદ્દીપક બની રહ્યું. રાજ્યનાં યુવાઓ, ખેડૂતો, વંચિતો, મહિલાઓના વિકાસને વેગ આપવાના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના વિચારને નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઇએ અંદાજપત્ર ૨૦૨૨-૨૩માં ચરિતાર્થ કર્યું છે.

અંદાજપત્ર ૨૦૨૨-૨૩માં ખેડૂતો, મહિલાઓ, યુવાનો, વિદ્યાર્થીઓ, વંચિતો, ગરીબો વગેરે માટે અનેક નવતર યોજનાઓ જાહેર કરવામાં આવી છે. ખેડૂતોને ખરીફ ઉપરાંત રવી અને ઉનાળુ પાક માટે પાકધિરાણ પર પણ વ્યાજ રાહત ઉપલબ્ધ કરાવવામાં આવશે. તેમજ આવનારા સમયમાં તમામ ખેડૂતોને વીજળી અને પાણી આપવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે. મહિને બાર હજાર સુધી આવક મેળવતા નોકરીયાતોને વ્યવસાય વેરામાંથી મુક્તિ આપવામાં આવી છે. કોરોનાના કારણે આર્થિક સમસ્યાઓનો સામનો કરતા લઘુઉદ્યોગોને પગભર કરવા અંદાજપત્રમાં વિશેષ જોગવાઇ કરવામાં આવી છે.

૮મી માર્ચ એટલે વિશ્વ મહિલા દિવસ. ભારતીય સંસ્કૃતિમાં નારીશક્તિને હંમેશા પૂજનીય સ્થાન આપવામાં આવ્યું છે. ગુજરાત સરકાર મહિલાઓના ઉત્કર્ષ માટે સતત પ્રયત્નશીલ છે. આ વર્ષે મહિલા અને બાળ વિભાગની અંદાજપત્રીય જોગવાઇમાં ૪૨ ટકા જેટલો માતબર વધારો કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે સાબરકાંઠા પાલ-દઢવાવ ખાતે થયેલા હત્યાકાંડને શતાબ્દી પૂર્ણ થયાના પ્રસંગે શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ સાથે મુખ્યમંત્રીશ્રીએ સંગ્રામમાં આદિવાસી મહિલાઓએ ભજવેલી મહત્ત્વની ભૂમિકાને યાદ કરી હતી.

આ ઉપરાંત પ્રસ્તુત અંકમાં વિધાનસભામાં થયેલી કામગીરી વિષયક બાબતો, વિકાસકાર્યો અને જનહિતલક્ષી નિર્ણયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તે પાક્ષિકના સુજ્ઞ વાચકોને વાંચવી રસપ્રદ બની રહેશે એવી મને શ્રદ્ધા છે.

જય જય ગરવી ગુજરાત...

**- ડી.પી. દેસાઇ** આઇ.એ.એસ.
માહિતી નિયામક

# આપણું ગામ, આપણું ગૌરવ

## વડાપ્રધાનશ્રીની ઉપસ્થિતિમાં ગુજરાતમાં યોજાયું પંચાયત મહાસંમેલન

લોકશાહીમાં પાયાનું એકમ ગામ છે. પૂજ્ય મહાત્મા ગાંધીજી કહેતા કે, સાચુ ભારત ગામડાઓમાં વસે છે. આ ગામડાઓનો વિકાસએ પૂજ્ય બાપુનું મહત્વનું સ્વપ્ન હતું. લોકતંત્રને મજબૂત કરવામાં પંચાયતી રાજ વ્યવસ્થાનું ખૂબ મહત્ત્વ છે તેમાં પરિણામલક્ષી ગતિ, પરિવર્તન લાવવાનું કામ સરપંચો - જનપ્રતિનિધિઓ કરે છે. તાજેતરમાં અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં ગુજરાત પંચાયત મહાસંમેલન યોજાયું હતું.

ગુજરાત પંચાયત મહાસંમેલનમાં જનપ્રતિનિધિઓને સંબોધતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, ગુજરાત ગાંધી અને સરદારની ભૂમિ છે. પૂજ્ય બાપુએ હંમેશા ગ્રામીણ વિકાસ અને આત્મનિર્ભરતાની વાત કરી છે. આપણે જયારે આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યા છીએ ત્યારે પૂજ્ય બાપુના ગ્રામ વિકાસ અને આત્મનિર્ભરતાના સ્વપ્નને સાકાર કરવા આપણે સૌ કટિબદ્ધ બનીએ.

રાજ્યભરમાંથી ઉપસ્થિત રહેલા જનપ્રતિનિધિઓનું અભિવાદન કરતા વડાપ્રધાનશ્રીએ કહ્યું કે કોરોનાની વૈશ્વિક મહામારીએ સમગ્ર દેશને હચમચાવી દીધો હતો, પરંતુ દેશભરના ગામડાઓની સ્વયં જાગૃતિએ કોરોનાને હરાવ્યો છે. ગામડાઓએ કોરોના નિયંત્રણ માટે પોતે અનેક નિયમો બનાવ્યા. તેને પગલે કોરોનાના કાળખંડમાં ગામડાઓ કોરોનાને સફળતાપૂર્વક દુર રાખી શક્યા તે માટે સૌ અભિનંદનના અધિકારી છે. ત્યારે ગુજરાત રાજ્યની પંચાયતી રાજ વ્યવસ્થા સમગ્ર દેશ માટે પ્રેરક બનશે તેવો વિશ્વાસ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વ્યક્ત કર્યો છે.

રાજ્યની પંચાયત વ્યવસ્થામાં મહિલાઓના યોગદાનનો ઉલ્લેખ કરી વડાપ્રધાનશ્રીએ જણાવ્યુ કે રાજ્યની પંચાયત વ્યવસ્થામાં મહિલાઓનું યોગદાન નોંધપાત્ર છે. સાથેસાથે રાજ્યમાં સમરસ પંચાયતનો અભિગમ સફળતાપૂર્વક અમલી બન્યો છે. એક સમયે ગામડાઓમાં ચૂંટણીના પગલે કુસંપ વધવાની સ્થિતિને કારણે વેરઝેર જોવા મળતું હતું. વડાપ્રધાનશ્રીએ શ્રી વિનોબા ભાવેનું સ્મરણ કરતા કહ્યું કે, તેઓ હંમેશાં કહેતા કે બધા સહમતીથી ગામના પ્રતિનિધિ નક્કી કરે તો ગામમાં સંપ જોવા મળે તે વાત આજે ગુજરાતે સાચા અર્થમાં સાકાર કરી છે.

ગુજરાતના રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રીએ ધરતીમાતાને સામર્થ્યવાન બનાવવા પ્રાકૃતિક ખેતીને પ્રાધાન્ય આપ્યું છે ત્યારે ગામના ૭૫ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવાનો સંકલ્પ લેવા અનુરોધ કરતા વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે, ધરતીમાતાને આપણે રસાયણિક તત્ત્વોથી પીડા આપીએ છીએ પણ હવે આપણે ધરતીમાતાને પ્રાકૃતિક ખેતીના માધ્યમથી પીડામુક્ત કરીએ અને તેનાથી પર્યાવરણ સુરક્ષા સાથે નાણાં પણ બચશે.

એક સમય હતો કે ગુજરાત બે ત્રણ વર્ષના અંતરે દુષ્કાળનો સામનો કરતુ હતું ત્યારે આપણે જળસંચય માટે ખેતતલાવડી - બોરીબંધ - ચેકડેમના નિર્માણનો નવતર અભિગમ અપનાવ્યો હતો. અને ૧



લાખથી વધુ બોરીબંધનું નિર્માણ કર્યું હતું. ગામડામાં સ્ટ્રીટ લાઈટ કે ઘરવપરાશમાં એલ.ઈ.ડી.બલ્બ લગાવાની હાકલ કરતા તેમણે જણાવ્યું કે, વીજળી બચાવવી એ આપણી ફરજ છે. ગામના નિવૃત સરકારી કર્મચારીઓ મહિનામાં એક વખત મળીને રાજય અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓના વધુ ને વધુ લાભો પોતાના ગામને કેવી રીતે મળે તે માટે સક્રિય બને તે જરૂરી છે. સાથેસાથે ગામનો જન્મદિવસ ઉજવી ગામની બહાર અન્ય સ્થળોએ રહેતા લોકોને નિમંત્રણ આપીએ તો ગામ વિકાસનું નવું સીમાચિહ્ન પ્રસ્થાપિત કરશે તેવો મને દ્રઢ વિશ્વાસ છે.

તેમણે જણાવ્યું કે, ટેકનોલોજીના વ્યાપના પગલે ઓપ્ટીકલ ફાઈબર આજે ગામડાઓ સુધી પહોચ્યા છે ત્યારે ટેલી મેડીસીન, ટેલી એજ્યુકેશનનો લાભ લેવા જનપ્રતિનિધિઓ સક્ષમ બને. ગામડામાં કોમન સર્વિસ સેન્ટરનો અભિગમ કાર્યન્વિત કર્યો છે. તેનો ગામની નાનામાં નાની વ્યક્તિ લાભ લઈ સમય - નાણાની બચત કરી શકશે

રાજ્યનું કોઈપણ બાળક શાળા છોડીને ન જાય, પ્રત્યેક બાળક આંગણવાડી - શાળામાં દાખલ થાય તે માટે સંકલ્પબદ્ધ બની સમયદાન કરે તેવો જનપ્રતિનિધિઓને અનુરોધ કરી તેની નિયમિત મુલાકાત લેવા સૂચન કર્યું હતું. મહિલાઓ સમાજનું સામર્થ્યવાન અને અભિન્ન અંગ છે ત્યારે રાજ્યના ૫૦%થી વધુ ગામમાં મહિલાઓ ચૂંટાઈને પ્રતિનિધિત્વ કરે છે સમાજમાં ગામ માટે મમતા જાગે તે માટે મહિલાઓ આગળ આવે. પૂ. લાલબહાદુર શાસ્ત્રીએ જે ગામ ચોક્કસ શરત પૂર્ણ કરે ત્યાં રાત્રી નિવાસ કરવાનો સંકલ્પ કર્યો હતો તે પુરવાર કરે છે કે ગામડા કેટલા સામર્થ્યવાન બની શકે છે. ચૂંટાયેલી મહિલાઓ - પ્રતિનિધિઓ લોકતંત્રની શક્તિઓને પરિણામલક્ષી રીતે ઉજાગર કરે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજયના સરપંચોને દેશના સર્વોચ્ચ નેતૃત્વનું સીધું માર્ગદર્શન-સંવાદની આ ઘટનાને ઐતિહાસિક ગણાવી હતી. તેમણે કહ્યું કે, ગ્રામ પંચાયતોને જાહેર વહિવટમાં પ્રાધાન્ય આપવાનો ગુજરાતનો ઈતિહાસ છે. મુખ્યમંત્રીશ્રીએ ગામડાઓના વિકાસને વેગવંતો બનાવવા પ્રધાનમંત્રીશ્રીએ નાણાપંચ દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટમાં વધારો કર્યો તે માટે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત યોજાયેલ આત્મનિર્ભર ગ્રામ યાત્રા અને ગાંધીજયંતી અવસરે આયોજીત ગ્રામસભાઓની સફળતાની ભૂમિકા આપતા જણાવ્યુ કે, વડાપ્રધાનશ્રીએ ગુજરાતમાં મુખ્યમંત્રીના કાર્યકાળ દરમ્યાન નિયમિત ગ્રામસભાઓનો જે ઉપક્રમ હાથ ધરેલો તેના જ પદચિહ્નો પર રાજ્ય સરકાર ચાલી રહી છે. ગામડાઓમાં લોકો વચ્ચે જઈને એમના પ્રશ્નો સમસ્યાઓ જાણી તેનું નિવારણ લાવવામાં આવે છે.

ગ્રામીણ નાગરિકોને ઘર આંગણે વિવિધ સરકારી સેવાઓ સરળતાથી મળે તે માટે ૧, હજારથી વધુ ગામોમાં ઈ-ગ્રામ કેન્દ્રો બ્રોડબેન્ડ કનેક્ટીવીટી સાથે શરૂ કર્યા છે તેની પણ વિગતો આપી હતી. તેમણે ગુજરાતમાં ૮૫ લાખ ગ્રામીણ ઘરોમાં નળ જોડાણ, ૩ લાખ ૮ હજાર ગ્રામીણ આવાસોની પૂર્ણતા સહિતના ગ્રામીણ ક્ષેત્રે થયેલા જનહિતકારી વિકાસ કામોની છણાવટ કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ પ્રધાનમંત્રીશ્રીને એવો વિશ્વાસ પણ આપ્યો કે આત્મનિર્ભર ભારતના નિર્માણમાં ગુજરાતની પ્રત્યેક ગ્રામ પંચાયત આત્મનિર્ભર પંચાયત બનીને સહયોગ આપશે.

પંચાયત મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજા જણાવ્યું હતું કે, મજબૂત ગ્રામ પંચાયતો આત્મનિર્ભર ગામનો આધાર છે ત્યારે સરપંચ સહિતના તમામ પદાધિકારીઓ સાથે વડાપ્રધાનશ્રીના પરિસંવાદનું આ






મહાસંમેલન ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે આલેખાશે. ત્રિસ્તરીય પંચાયતી માળખું ગુજરાતના વિકાસ રથનું ચક્ર છે જે વિકાસની ગતિને વિશેષ વેગ આપે છે.

દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી તેમણે ગ્રામ પંચાયતોને દેશના વિકાસ માટે પાયાનું એકમ ગણી તેના પર વિશેષ ફોકસ કર્યું હતું અને ગ્રામ પંચાયતોમાં ચેતના લાવવા અનેક પ્રયત્નો કર્યા હતા. ગુજરાતમાં ઈ-ગ્રામના બીજ પણ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રોપ્યા હતા જે આજે વાઈફાઈયુક્ત ગ્રામ થવાની દિશામાં છે. રાજ્યના યુવાનોની શહેર તરફની દોડ અટકાવવા ગામડાઓને જ અદ્યતન અને સુવિધાસભર બનાવવાનો સરકારનો સંકલ્પ છે.

વડાપ્રધાન પદ ઉપર શ્રી નરેન્દ્રભાઈ મોદી બિરાજ્યા, ત્યાર બાદ તેમણે ૧૪માં નાણાં પંચમાં રૂ. ૮,૧૩૨ કરોડ ફાળવ્યાં અને ૧૫માં નાણાં પંચમાં રૂ. ૧૫,૬૫૦ કરોડ ફાળવી પંચાયતી માળખાને વધુ મજબૂત બનાવ્યા છે.

આ પ્રસંગે પંચાયતીરાજને લગતી કોફીટેબલ બુકનું વડાપ્રધાનશ્રીના હસ્તે વિમોચન કરાયું હતું. તેમજ રાજ્યમાં સતત પાંચ વર્ષથી સમરસ થયેલા મહિલા સરપંચોનું પ્રતીકરૂપે સન્માન પણ વડાપ્રધાનશ્રીના હસ્તે કરાયું હતું.

આ પ્રસંગે સાંસદ સર્વેશ્રી સી આર પાટીલ, શ્રી નરહરિભાઈ અમિન, શ્રી હસમુખભાઈ પટેલ, મેયરશ્રી કિરીટભાઈ પરમાર, ગુજરાત પંચાયત પ્રદેશ સમિતિના પ્રમુખ શ્રી નયનાબેન પટેલ, પૂર્વ મુખ્યમંત્રી શ્રી, નાયબ મુખ્યમંત્રી શ્રી, રાજ્ય મંત્રી મંડળના સભ્યો શ્રી, મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, ગામ વિકાસ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી વિપુલ મિત્રા ઉચ્ચ સનદી અધિકારીશ્રીઓ, જિલ્લા અને તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ, સભ્યશ્રીઓ, ગ્રામ પંચાયતના સરપંચશ્રીઓ તેમજ સભ્યશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. ●

**ગુજરાતના પનોતાપુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તાજેતરમાં બે દિવસ ગુજરાતના પ્રવાસે આવતા રાજ્યના નાગરિકો દ્વારા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ગાંધીનગર રાજભવનથી રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં જતા સમયે રોડ શોના દ્રશ્ય જોવા મળ્યા હતા. નાગરિકોએ ફુલ, ગીત-સંગીત તથા ભારત માતા કી જયના નાદ સાથે સ્વાગત કર્યું હતું. સાંજના સમયે અમદાવાદના ઈન્દિરા બ્રિજથી સરદાર પટેલ સ્ટેડિયમ સુધીના માર્ગ ઉપર પણ વડાપ્રધાનશ્રીએ નાગરિકોનું અભિવાદન સ્વીકાર્યું હતું.**








# "ગુજરાત ખેલ મહાકુંભ-૨૦૨૨"નો PMના હસ્તે શુભારંભ




વ્યકિત, રાજ્ય કે રાષ્ટ્રના ઘડતરમાં મન અને તનનું સ્વાસ્થ્ય એમ બે બાબતો મહત્ત્વપૂર્ણ ભાગ ભજવે છે. મનના સ્વાસ્થ્યનો આધાર વિચારો પર છે. સારા અને શુદ્ધ વિચારોના મૂળમાં વાંચન રહ્યું છે. તેવી રીતે, તનના સ્વાસ્થ્યનો આધાર કસાયેલું શરીર છે અને તેના પાયામાં છે ખેલકૂદ.. પ્રત્યેક ગુજરાતીને સુસંસ્કૃત અને સ્વસ્થ બનાવવાની નેમ સાથે તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૦માં ખેલ મહાકુંભ શરૂ કરીને લોકચેતના જગાવી હતી. ખેલમહાકુંભનાં માધ્યમથી ગુજરાતની યુવાપેઢીમાં રહેલી શકિતને બહાર લાવવામાં ઉપયોગી બની છે. આ ખેલમહાકુંભની અગિયારમી શૃંખલાનો પ્રારંભ કરાવતાં ઉપસ્થિત "યુવા જોશ" ના ઉમંગથી લહેરાતા સાગરને સંબોધિત કરતા દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, ગુજરાતનો યુવાન હવે આકાશને આંબવા માટે તૈયાર છે. આ માત્ર ખેલનો જ મહાકુંભ જ નહિ, ગુજરાતની યુવા મહાશક્તિનો મહાકુંભ છે." કૉરોનાકાળમાં બે વર્ષથી મુલતવી રહેલા ખેલમહાકુંભનું ચાલુ વર્ષે વધુ જોશ અને આયોજનપૂર્વકનું આયોજન કરવા બદલ શ્રી મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રસંશા કરતા જણાવ્યું હતું કે, તેમના આ પ્રયાસોએ યુવા ખેલાડીઓને નવા જોશથી ભરી દીધા છે.

શ્રી મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે તેમના કાર્યકાળને યાદ કરતા જણાવ્યું હતું કે, મને બરાબર યાદ છે કે, ૧૨ વર્ષ પહેલા વર્ષ-૨૦૧૦માં રાજ્યના મેં ખેલમહાકુંભનો પ્રારંભ કરાવ્યો હતો. જે સ્વપ્નોનું મેં બીજ વાવ્યું હતું; તે આજ વટવૃક્ષ બનીને વૈશ્વિક ફલક ઉપર વિસ્તરી ચૂક્યું છે. વર્ષ-૨૦૧૦માં ૧૬ ખેલ, ૧૩ લાખ ખેલાડીઓ સાથે થયેલી શરૂઆત વર્ષ-૨૦૧૯માં ૪૦ લાખ ખેલાડીઓની ભાગીદારી અને ૩૬ સ્પોર્ટ્સ, ૨૬ પેરા-સ્પોર્ટ્સ બાદ હવે આ સંખ્યા ૫૫ લાખ ખેલાડીઓ ઉપર પહોંચી ગઈ છે. આપણા ખેલાડીઓ કબડ્ડી, ખો-ખો, યોગાસન, સ્કેટીંગ, ટેનિસ, ફેન્સીંગ સહિતની રમતોમાં કમાલ કરી રહ્યા છે. શક્તિ દૂત જેવી સરકારની યોજનાઓ ખેલાડીઓને સહયોગ આપી રહી છે. મને કહેતા એ આનંદ થાય છે કે, તમારા સૌના સતત-અવિરત પ્રયાસ, સાધના, તપસ્યાના લીધે ગુજરાતના લોકોએ મળીને જે સંકલ્પ લીધો હતો તે આજ દુનિયામાં તેનો પરચમ લહેરાવી રહ્યો છે.

ખેલમહાકુંભ જેવા આયોજનમાંથી નીકળતા યુવાઓ એશિયન-ઓલેમ્પિક-કોમનવેલ્થ જેવા રમતોત્સવમાં ગુજરાત અને દેશનું ગૌરવ વધારી રહ્યા છે. હજુ પણ અહીંથી નવી પ્રતિભા નીકળશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતા વડાપ્રધાનશ્રી ઉમેર્યું હતું કે, એક સમય હતો, જયારે ખેલજગતમાં ભારતની ઓળખ માત્ર એક-બે ખેલ પૂરતી જ માર્યાદિત હતી. જેના લીધે કેટલીક ગૌરવાન્વિત પ્રતિભાઓ પણ છુપાયેલી રહી હતી. ટોક્યો ઓલમ્પિકમાં ૦૭ મેડલ અને ટોક્યો પેરા ઓલમ્પિકમાં ૧૯ મેડલ્સ જીતીને ભારતે વૈશ્વિક સ્તરે તેના પરચમ લહેરાવી દીધા છે. મને ભરોસો છે કે, "ના હિન્દુસ્તાન ઝુકેગા, ના હિન્દુસ્તાન થકેગા"! મને મારા દેશના ખેલાડીઓ અને તેમની તપશ્ચર્યા ઉપર વિશ્વાસ છે, તેમના સપના-સંકલ્પ ઉપર ભરોસો છે. આજે હું લાખો યુવા સામે હિંમતથી કહી શકું છું કે, ભારતની યુવા શક્તિ દેશને ખૂબ જ આગળ લઈને જશે.


દેશ આગામી ભવિષ્યમાં ઘણા મેડલો જીતશે તેવો આશાવાદ વ્યકત કરતા વડાપ્રધાન શ્રી મોદીએ આગળ જણાવ્યું હતું કે, યુક્રેનથી દેશ સલામત રીતે પરત ફરતી વેળા દેશના યુવાઓએ તિરંગાની આન-બાન-શાનને જોઈ છે. દેશ માટેની આ ભાવના મેં મેડલ પ્રાપ્ત કરી પોડિયમ ઉપર ઊભા રહી ગૌરવથી હર્ષાશ્રુ વહેવડાવતા ખેલાડીની આંખમાં જોઈ છે. જે યુવાઓ સંકલ્પ અને સમર્પણભાવથી જોડાય છે, તે દેશને દિશા આપવામાં મોટી ભૂમિકા નિભાવે છે.

શ્રી મોદીએ કહ્યું કે, આજે રાજ્યના ગામ-શહેરથી લાખોની સંખ્યામાં તમે આવ્યા છો, તમારા સ્વપ્નોને પુરા કરવા તમે દિન-રાત મહેનત કરી રહ્યા છો, તમારા સ્વપ્નમાં હું તમારું , રાજ્ય અને દેશનું ભવિષ્ય જોઈ રહ્યો છું. ડિજિટલ ઈન્ડિયા, આત્મનિર્ભર ભારત, સ્ટાર્ટ-અપ, સ્ટેન્ડ-અપ, વોક્લથી લોકલ તથા મેક ઈન ઈન્ડિયાથી મેડ ઈન ઈન્ડિયા સહિતની યોજનાઓ થકી "નયા ભારત"ના તમામ અભિયાનનોની જવાબદારી દેશના યુવાએ ઉઠાવી છે. આજે સોફ્ટવેરથી સ્પેસ, ડિફેન્સથી આર્ટીફીસીયલ ઈન્ટેલિજન્સ, પ્રત્યેક ફિલ્ડમાં ભારતનો દબદબો છે. દુનિયા ભારતને એક મોટી શક્તિના સ્વરૂપમાં જોઈ રહી છે.



ખેલના મુખ્ય ગુણધર્મોને યાદ કરતા વડાપ્રધાશ્રીએ જણાવ્યું હતું કે, ખેલ એ ખેલદિલી વધારે છે. જે ખેલે તે જ ખીલે છે. યુવાઓને સલાહ આપતા શ્રી મોદીએ કહ્યું હતું કે, સફળતા માટે કોઈ શોર્ટકટ ન શોધશો. આ અલ્પજીવી રસ્તો છે. સફળતાનો એક જ મંત્ર છે ; લોન્ગ ટર્મ પ્લાનિંગ એન્ડ કન્ટિન્યુઅસ કમિટમેન્ટ. રોકાયા વિના, થાક્યા વગર, ઝૂક્યા વગર રમવું. આ ભાવનાના લીધે જ દેશ આગળ વધી રહ્યો છે. આપ પણ સતત પરિશ્રમથી જ આગળ વધો. ૩૬૦ ડિગ્રી પરફોર્મ કરી ટીમવર્કથી આગળ વધો. ભારતમાં ખેલને સફળતાનાં શિખર ઉપર પહોંચાડવા માટે ૩૬૦ ડિગ્રી ટીમવર્કની જરૂર છે. આ માટે દેશ પણ હોલિસ્ટિક અપ્રોચથી કામ કરી રહ્યો છે. પહેલા યુવાઓને તક મળતી નહોતી, અમે દેશની પ્રતિભા ઓળખી તેમને સહયોગ આપવાનું શરુ કર્યું છે. છેલ્લા ૭-૮ વર્ષમાં સ્પોર્ટ્સ બજેટ ૭૦% વધારવામાં આવ્યું છે. ખેલાડીના ભવિષ્યની ચિંતા દૂર કરવા માટે તેમને મળનારા પ્રોત્સાહન ઈનામ અને અનુદાનની રકમ વધારી છે. આ કારણે પછાત અને આદિવાસી વર્ગથી પણ ખેલાડીઓ આવી રહ્યા છે. ખેલને હવે સહજ સ્વીકૃતી મળતા સમાજની માનસિકતા બદલાઈ રહી છે. હવે સ્પોર્ટ્સમાં કારકિર્દીનો મતલબ ખેલમાં નંબર -૧ બનવું જ નહિ, પરંતુ કોચ, સ્પોર્ટ્સ સોફ્ટવેર, સ્પોર્ટ્સ મેનેજમેન્ટ, રાઈટિંગ, ટ્રેનિંગ, ડાયટિશિન, ફિઝિયોથેરાપી જેવા આનુષંગિક ફિલ્ડને પણ કેરિયર તરીકે આપનાવી શકાય છે. આ માટે દેશમાં પ્રોફેશનલ સંસ્થાઓ ઊભી થઈ રહી છે. આ માટે જ વર્ષ-૨૦૧૮મા મણિપુર નેશનલ સ્પોર્ટ્સ યુનિવર્સિટી સ્થપાઈ છે, જયારે ઉત્તરપ્રદેશમાં મેજર ધ્યાનચંદ યુનિવર્સિટી ઊભી થઇ રહી છે. હરિયાણાના આઈ.આઈ.એમ.- રોહતકમાં સ્પોર્ટ્સના પી.જી. પ્રોગ્રામ ચાલી રહ્યા છે તો ગુજરાતની સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી પણ સ્પોર્ટ્સમાં કારકિર્દી બનાવવા માટેના ઉત્તમ સ્થળો છે.

ગુજરાતમાં સ્પોર્ટ્સની ઈકો-સિસ્ટમને વધુ વ્યાપક બનાવવા માટે તાલુકા અને જિલ્લા સ્તરે સ્પોર્ટ્સ સંકુલ બનાવાઈ રહ્યાં છે, જે સરાહનીય બાબત છે તેમ જણાવતા વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યના વિશાળ દરિયાઈ સંસાધનને ધ્યાને રાખતા આ ક્ષેત્ર માટે પણ બીચ સ્પોર્ટ્સની સંભાવના માટે વિચારવું જોઈશે. આપ રમશો-ફિટ રહેશો તો રાષ્ટ્રનિર્માણ કરી શકશો અને "નયા ભારત"ના સ્વપ્નને સાકાર કરી શકશો. શ્રી મોદીએ ખેલને પ્રોત્સાહન આપવા વાલીઓને તેમના બાળકોને તાકીદ કરી હતી અને ભારપૂર્વક જણાવ્યું હતું કે, આખું ગામ મળીને-હાજર રહીને, કશું નહિ તો તાળીઓ દ્વારા પણ રમત રમતા યુવાઓને પ્રોત્સાહન આપી શકે છે.આ અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, આજથી ૧૨ વર્ષ પહેલા શ્રી નરેન્દ્રભાઈએ રમતગમતને ગુજરાતની સંસ્કૃતિનો અભિન્ન હિસ્સો બનાવવાનું જે સપનું જોયું હતું તે તેમના માર્ગદર્શન અને નેતૃત્વમાં સાકાર થઈ રહ્યું છે.





રાજ્યના રમતગમત, યુવા સાંસ્કૃતિક વિભાગના મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપણી સમક્ષ સંકલ્પશક્તિની તાકાત શું હોય છે, તેનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં વિકાસ દેશના છેવાડાના માનવી સુધી પહોંચ્યો છે અને દેશના પ્રત્યેક નાગરિકને વિકાસ માટેના અવસર પ્રાપ્ત થયા છે. આત્મનિર્ભર ભારતથી માંડીને મેક ઈન ઈન્ડિયા, ડિજિટલ ઈન્ડિયા, સ્ટાર્ટઅપ ઈન્ડિયા, ખેલો ઈન્ડિયા અને ફિટ ઈન્ડિયા મુવમેન્ટ જેવા શ્રેણીબદ્ધ પ્રકલ્પો થકી દેશના યુવાનો પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે. સંકટગ્રસ્ત યુક્રેનમાંથી ભારતના વિદ્યાર્થીઓને હેમખેમ ભારત પરત લાવીને ભારતના વડાપ્રધાનશ્રીએ મજબૂત નેતૃત્વનું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

મંત્રીશ્રીએ ગુજરાતમાં રમતગમત ક્ષેત્રે આવેલા આમૂલ પરિવર્તન અંગે વાત કરતા કહ્યું કે, ગુજરાતમાં વર્ષ ૨૦૦૨ પહેલા માત્ર ૩ સ્પોર્ટસ કોમ્પ્લેક્સ હતા, જેની સંખ્યા આજે ૨૪એ પહોંચી છે. તેમણે રાજ્યમાં ૪૪ સ્પોર્ટ્સ સ્કુલ કાર્યરત હોવાનું પણ જણાવ્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ખેલ મહાકુંભના ૧૧-મા સંસ્કરણના સરદાર પટેલ સ્ટેડિયમ ખાતેથી ભવ્યાતિભવ્ય શુભારંભના પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ગૃહરાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, પદાધિકારીઓ તથા મોટા પ્રમાણમાં ખેલપ્રેમીઓ, કોચ અને કલાકારો જોડાયા હતા.

આ પ્રસંગે વડાપ્રધાનશ્રીએ રાજ્યની વર્ષ-૨૦૨૨-૨૭ની ખેલકૂદ નીતિનું ડિજિટલ અનાવરણ કરાવ્યા બાદ ખેલ મહાકુંભનો વિધિવત પ્રારંભ કરાવ્યો હતો. આ કાર્યક્રમનું સંચાલન દેવકી દવે દ્વારા કરવામાં આવ્યું હતું. રાજ્યના કેટલાક પ્રતિષ્ઠિત અને ઉપરાંત ગાયકો સર્વશ્રી પાર્થિવ ગોહિલ, સુશ્રી ભૂમિ ત્રિવેદી, સુશ્રી જયશ્રી શ્રીમાન્કર, શ્રી ભાવિક શાસ્ત્રીએ પરફોર્મન્સ આપીને ઉપસ્થિત યુવાઓને હિલ્લોળે ચડાવ્યા હતા. આ તબક્કે કલાકારો-યોગાભ્યાસીઓએ તથા નર્તનકારોએ તેમના કરતબ પ્રદર્શિત કર્યા હતા. ●

## દાંડી માર્ચ : સાયકલ યાત્રા



અમદાવાદના કોચરબ આશ્રમ ખાતેથી દાંડી કૂચ દિવસે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે દાંડી સાયકલ યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. ૧૨ માર્ચથી ૭ દિવસની આ દાંડી સાયકલ યાત્રાનો પ્રારંભ કરાવતા કેન્દ્રિય મંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે, કોચરબ આશ્રમે મોહનને મહાત્મા બનાવવાની ભૂમિકા ભજવી હતી. જો દેશ ગાંધી માર્ગે ચાલ્યો હોત તો આજે અનેક સમસ્યાઓ ન હોત

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, દાંડી માર્ચ, દાંડી યાત્રા એક એવું આંદોલન હતું કે દુનિયાભરમાં નામ કર્યું. દાંડીયાત્રા વખતે કોમ્યુનિકેશનના કોઈ સશક્ત સાધનો ન હતા તો પણ ગાંધીજીનો સંદેશો લોકો સુધી પહોંચતો તેવી ગાંધીજીમાં એક પ્રચંડ શક્તિ હતી. આ ઉપરાંત તેમણે કહ્યું કે વડાપ્રધાન મોદી જે નવી શિક્ષણ નીતિ લાવ્યા છે તેમાં ગાંધીજીના વિચારો સમાવી લેવામાં આવ્યા છે.

પોતાના સંબોધનમાં તેમણે મહાત્મા ગાંધીને યાદ કરતાં કહ્યું કે, ૧૨ માર્ચ ૧૯૩૦ના રોજ તેમણે અંગ્રેજોના મીઠા પર ટેક્સ લગાવવાના નિર્ણયના વિરોધમાં અમદાવાદના સાબરમતી આશ્રમથી મીઠાના સત્યાગ્રહની શરૂઆત કરી હતી. તેના અંતર્ગત સમુદ્ર કિનારે વસેલા દાંડી ગામ સુધીની ૨૪૧ માઈલ લાંબી યાત્રા કરવામાં આવી હતી. આ પ્રસંગે સાંસદ શ્રી નરહરિભાઈ અમીન, ધારાસભ્ય શ્રી રાકેશભાઈ શાહ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી હિતેશભાઈ બારોટ, શહેર પ્રમુખ શ્રી અમિતભાઈ શાહ, ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ શ્રી ડો. રાજેન્દ્રભાઈ ખીમાણી તેમજ કલેકટર શ્રી સંદીપ સાગલે, પોલીસ કમિશનર શ્રી સંજય શ્રીવાસ્તવ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં. ●

# રક્ષા યુનિવર્સિટીનું અત્યાધુનિક ભવન રાષ્ટ્રને સમર્પિત



રાષ્ટ્રીય રક્ષા વિશ્વવિદ્યાલયનું અત્યાધુનિક ભવન રાષ્ટ્રને સમર્પિત કરી તેનું પ્રથમ દીક્ષાંત સંબોધન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ, ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મહત્વનું સ્મરણ કરીને પ્રધાનમંત્રીશ્રીએ મહાકૂચ કરનાર મહાત્મા ગાંધી અને દાંડી કૂચમાં સહભાગી થનાર વીર આંદોલનકારીઓને શ્રદ્ધાંજલિ આપીને ઉમેર્યું હતું કે, "અંગ્રેજોના અન્યાય સામે ગાંધીજીના નેતૃત્વ હેઠળની આ ચળવળએ બ્રિટિશ સરકારને આપણા ભારતીયોની સામૂહિક શક્તિનો અહેસાસ કરાવ્યો હતો."

પોલીસ અને સુરક્ષા કર્મચારીઓની છબી બદલવાની જરૂરિયાત પર ભાર મૂકતા વડાપ્રધાનશ્રીએ ઉમેર્યું હતું કે, સ્વતંત્રતા પછી, દેશના સુરક્ષા વિભાગમાં સુધારાની જરૂર હતી. પોલીસ કર્મચારીઓને સંયુક્ત પરિવારના સપોર્ટ નેટવર્કના અભાવને કારણે તણાવગ્રસ્ત પરિસ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે. સુરક્ષા દળોમાં તણાવ મુક્ત રહેવા માટે યોગ નિષ્ણાતોની જરૂરિયાત પર ભાર મૂકી શ્રી મોદીએ કહ્યું કે, "દેશના સુરક્ષા દળને મજબૂત કરવા માટે તણાવ મુક્ત તાલીમ પ્રવૃત્તિઓ એ સમયની જરૂરિયાત છે."

સુરક્ષા અને પોલીસિંગના કામમાં ટેક્નોલોજીના મહત્વ પર ભાર મૂકી શ્રી મોદીએ કહ્યું કે, જો ગુનેગારો ટેક્નોલોજીનો ઉપયોગ કરતા હોય તો તેમને પકડવા માટે પણ ટેક્નોલોજીનો ઉપયોગ કરવો આવશ્યક છે. ટેક્નોલોજી પરનો આ ભાર દિવ્યાંગ લોકોને પણ આ ક્ષેત્રમાં યોગદાન આપવા સક્ષમ બનાવશે.

કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ આત્મ સુરક્ષિત રાષ્ટ્રના નિર્માણમાં પોતાનું યોગદાન આપશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી હતા તે સમયે રાજ્યની જવાબદારી એવા કાયદો અને વ્યવસ્થાના વિષયને એક હોલિસ્ટિક એપ્રોચથી જોવાની શરૂઆત કરી હતી. રાજ્યના પોલીસ તંત્રને આધુનિક કરવાની નેમ સાથે રાજ્યના તમામ પોલીસ સ્ટેશનો કોમ્પ્યુટર રાઈઝ કર્યા અને તમામ પોલીસ સ્ટેશનને એક કનેક્ટિવિટીથી જોડ્યા હતા. આધુનિક સોફ્ટવેર તૈયાર કરી સેવામાં કાર્યરત પોલીસ કર્મીઓને કોમ્પ્યુટરની ટ્રેનીંગ આપી હતી. ત્યારબાદ જેલ અને ફોરેન્સિક લેબને પણ આ સિસ્ટમ સાથે જોડવામાં આવ્યા હતા.

RRU ખાતેની ૧૦ શાળાઓ તાલીમ, સંશોધન, શિક્ષણ અને વિસ્તરણ કાર્યક્રમો હાથ ધરવા રાષ્ટ્રીય સુરક્ષા અને શૈક્ષણિક ઈકોસિસ્ટમની રચના કરવા માટેની ઉમદા પરિકલ્પના છે. રાષ્ટ્રીય રક્ષા વિશ્વવિદ્યાલયના પ્રથમ પદવીદાન સમારોહમાં વર્ષ ૨૦૧૭ થી ૨૦૨૧ સુધીની બેચના ૧૦૯૦ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. જેમાં ૧૪ પીએચડી, ૧૬ એમફિલ, ૨૪૩ પીજી ડિપ્લોમા, ૮૨૩ અનુસ્નાતક, ૨૭૧ સ્નાતક અને ૧૯૪ ડિપ્લોમા કક્ષાના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. RRU ખાતે પોલીસિંગ અને આંતરિક સુરક્ષાના વિવિધ અભ્યાસક્રમો ચાલી રહ્યા છે તેમાં હાલમાં ૧૮ રાજ્યોમાંથી ૮૨૨ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

આ સમારોહમાં આર્મી, નેવી, એરફોર્સ, સીઆઈએસએફ, એનડીઆરએફ, સીઆરપી, બીએસએફ તથા એનસીસીના ઉચ્ચ અધિકારીઓ, લવાડ પંચાયતના સભ્યો, રાષ્ટ્રીય રક્ષા વિશ્વવિદ્યાલયના અધ્યાપકો, પદવી મેળવનાર વિદ્યાર્થીઓ વાલીઓ સહિત ઉપસ્થિત રહ્યા હતા. ●



# સુરાજ્યના સ્વપ્નને સાકાર કરી જનસુખાકારીમાં શિરમોર ગુજરાત

ગુજરાત વિધાનસભાના અંદાજપત્ર સત્રના પ્રારંભે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ગૃહને સંબોધતાં રાજ્ય સરકારની જનહિતલક્ષી નીતિ-નિર્ણયો તેમજ સિદ્ધિઓને વિગતવાર વર્ણવી. તેમણે સરકારની જનસુખાકારીની સંકલ્પબદ્ધતા, આયોજન અને અમલીકરણ નીતિ તથા કાર્યનિષ્ઠાને બિરદાવી હતી. તેમના વક્તવ્યના અંશો અત્રે પ્રસ્તુત છેઃ

ચૌદમી ગુજરાત વિધાનસભાના દસમા સત્રના મંગલ પ્રારંભે આપ સૌનું હૃદયપૂર્વક સ્વાગત કરું છું. આ વર્ષને આપણે આઝાદીનું ૭૫મુ વર્ષ 'આઝાદીના અમૃત મહોત્સવ' તરીકે ઊજવી રહ્યા છીએ ત્યારે દેશની આઝાદીમાં અમૂલ્ય ફાળો આપનાર તમામ સ્વાતંત્ર્યસેનાનીઓનું સ્મરણ કરીને તેઓને શ્રદ્ધાપૂર્વક વંદન કરું છું. ગુજરાત વિધાનસભાના ઇતિહાસમાં પ્રથમ વખત મહિલા અધ્યક્ષપદ સુશોભિત કરી રહ્યાં છે, જે ગુજરાતની મહિલા સશક્તીકરણમાં પ્રગતિ અને કટિબદ્ધતા દર્શાવે છે.

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કંડારેલા ગુજરાતના વિકાસપથ પર મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને તેમની ઊર્જાવાન ટીમે નવા આત્મવિશ્વાસ સાથે સુરાજ્યના સ્વપ્નને સાકાર કરવાના નવા અધ્યાયનો આરંભ કર્યો છે, જેના ભાગ સ્વરૂપે છેવાડાના માનવીને પ્રજાલક્ષી સેવાઓનો લાભ સરળતાથી ઉપલબ્ધ થાય તે માટે શક્ય તેટલા નીતિનિયમો સરળ બનાવી સામાન્ય પ્રજાની સુખાકારીમાં વધારો કરવા મારી સરકાર પ્રતિબદ્ધ છે.



કોરોના મહામારીથી દેશના નાગરિકોને સુરક્ષિત કરવા વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ શરૂ કરાયેલા વિશ્વના સૌથી મોટા નિઃશુલ્ક સામૂહિક રસીકરણમાં ગુજરાત હંમેશાંની જેમ અગ્રેસર રહ્યું છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ ૧૦.૨૯ કરોડથી વધુ રસીના ડોઝ સાથે ગુજરાતે કોરોના રસીકરણ ક્ષેત્રે આગવી સિદ્ધિ મેળવી છે, જેમાં મારી સરકારે શાસનના ૧૪૫ દિવસોમાં ૫ કરોડથી વધુ રસીના ડોઝ આપવાની સિદ્ધિ હાંસલ કરી છે. માથાદીઠ આવક અને માથાદીઠ ખર્ચમાં ગુજરાત દેશમાં મોખરે રહ્યું છે. નીતિ આયોગ દ્વારા જાહેર કરાયેલા એક્સપોર્ટ કૉમ્પિટેટિવનેસ ઇન્ડેક્સ-૨૦૨૦ મુજબ નિકાસ ક્ષેત્રે સમગ્ર દેશમાં ગુજરાત નંબર વન છે. દેશમાં વિકાસના રોલ-મૉડેલ રહેલા ગુજરાતની ગૌરવગાથામાં વધુ એક સિદ્ધિનું સીમાચિહ્ન ઉમેરાયું છે. ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે પ્રસિદ્ધ કરેલા લૉજિસ્ટિક્સ ઇઝ અક્રૉસ ડિફરન્ટ સ્ટેટસ ઇન્ડેક્સ (LEADS)-૨૦૨૧માં ગુજરાતે માલસામાનની સરળતાથી હેરફેરની કાર્યદક્ષતામાં દેશભરમાં સતત ત્રીજી વાર પ્રથમ સ્થાન મેળવ્યું છે. ગુજરાતે આ અગાઉ ૨૦૧૮ અને ૨૦૧૯માં LEADS ઇન્ડેક્સમાં પ્રથમ ક્રમ મેળવવાની સિદ્ધિ મેળવેલી છે. ગુજરાતની બહુવિધ ક્ષેત્રોની ગૌરવસિદ્ધિમાં વધુ એક મોરપીંછ વર્લ્ડ હેરિટેજ સાઇટ્સની જાહેર કરેલી યાદીમાં કચ્છના હડપ્પન સંસ્કૃતિના પ્રાચીનતમ નગર ધોળાવીરાને સ્થાન આપ્યું તે છે. વિશ્વ વિરાસત નકશામાં ગુજરાતના મહત્ત્વમાં વધુ એક યશકલગીનો ઉમેરો થયો છે.

જળસંચય, જળસંવર્ધન અને જળવિતરણ માટેનો સુજલામ્‌, સુફલામ્‌ જળઅભિયાન સ્વરૂપે ભગીરથ પ્રયાસ ગુજરાતે દેશ અને દુનિયાને બતાવ્યો છે. મારી સરકાર દ્વારા દેશની આઝાદીનાં ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે ઊજવાઈ રહેલા 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત ત્રિદિવસીય આત્મનિર્ભર ગ્રામયાત્રાનો ઐતિહાસિક ખેડા જિલ્લાના મહેમદાવાદથી રાજ્યવ્યાપી પ્રારંભ કર્યો હતો. 'સુશાસન સપ્તાહની ઉજવણીમાં રૂ. ૯૭૮.૫૮ કરોડનાં ૨૦,૧૯૦ કામોનાં ખાતમુહૂર્ત તથા રૂ. ૬૬૩.૧૦ કરોડનાં ૨૨,૪૯૦ કામોનાં લોકાર્પણ કરવામાં આવ્યાં છે. રાજ્યના ગરીબ પરિવારોને આર્થિક રીતે સ્વનિર્ભર બનાવવા અને સ્વરોજગારી માટે સહાયરૂપ થવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ફેબ્રુઆરી, ૨૦૨૨માં રાજ્યવ્યાપી ગરીબ કલ્યાણ મેળાના ૧૨મા તબક્કાનું આયોજન કરી ૫૭,૨૩૧ લાભાર્થીઓને ૧૫૪.૪૪ કરોડની સહાય સ્થળ ઉપર ચૂકવવામાં આવી છે.

રાજ્યમાં સુશાસનના ૧૨૧ દિવસની જનસેવાની પરિશ્રમયાત્રાના ભાગરૂપે મુખ્યમંત્રીશ્રી અને તેમની ઊર્જાવાન ટીમ ગુજરાત દ્વારા ઘરઆંગણે ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ, લોકાભિમુખ વહીવટ, સરળ ઝડપી અને પારદર્શક મહેસૂલી સેવાઓ, સૌને પોષણ અને સૌને આહાર, નારીગૌરવ મહિલા સશક્તીકરણ, સૌને આશરો સૌને આવાસ, ખુશહાલ ખેડૂત હરિયાળું ગુજરાત, સ્માર્ટ સિટી, સુદૃઢ પરિવહન સેવા વગેરે જેવી અનેક બાબતો પર ચોક્કસ આયોજન સાથેની નિશ્ચિત સમયમર્યાદામાં પ્રજાને અર્પિત કરેલી સેવાઓને હું હૃદયપૂર્વક બિરદાવું છું અને હજુ પણ આવનારા દિવસોમાં વધુ ને વધુ પ્રજાલક્ષી નિર્ણયો દ્વારા રાજ્યની સુખાકારીમાં ઉત્તરોઉત્તર વધારો કરવા રાજ્ય સરકાર ચોક્કસપણે કામ કરશે તેનો હું વિશ્વાસ અપાવું છું. ●

નાગરિકો ઉપર કોઈ નવા કરવેરા વગરનું ગુજરાતનું સૌથી મોટા કદનું ઐતિહાસિક બજેટ

# સર્વજન હિતાય, સર્વજન સુખાયનો મંત્ર ચરિતાર્થ કરતું અંદાજપત્ર - 2022-23




પુલક ત્રિવેદી

અંદાજપત્ર પરથી કોઈ પણ શાસકની કાર્યપદ્ધતિ અને કયા ક્ષેત્રને પ્રાધાન્ય આપવામાં આવે છે તેનો અંદાજો આવી જાય છે. બીજા શબ્દોમાં કહીએ તો અંદાજપત્ર વિકાસ આલેખ છે. વ્યાખ્યાની રીતે કહીએ તો અંદાજપત્ર એ નવા નાણાકીય વર્ષ માટે સરકારની અપેક્ષિત આવક અને અપેક્ષિત ખર્ચના વસ્તુવાર અંદાજનું વાર્ષિક હિસાબી નિવેદન છે, પરંતુ વ્યવહારુ રીતે અંદાજપત્રમાં શાસનકર્તાની કુનેહ, પ્રતિબદ્ધતા, આવડત, દૂરંદેશિતાનો પરિચય મળે છે. ગુજરાત સરકારની વહીવટી કુશળતાનો વધુ સારો પરિચય જનતાને અંદાજપત્ર ૨૦૨૨માં મળ્યો છે.

ગુજરાતના નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ રાજ્યના નાગરિકો ઉપર કોઈપણ વિશેષ કરબોજો નાખ્યા વગર વર્ષ ૨૦૨૨-૨૩નું સર્વસમાવેશક સંતુલિત અંદાજપત્ર ગુજરાત વિધાનસભાગૃહમાં પ્રસ્તુત કર્યું છે. વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રનું કદ રૂ. ૨,૪૩,૯૬૫ કરોડનું છે, જે ગત વર્ષના રૂ. ૨,૨૭,૧૯૦ કરોડના બજેટના કદ કરતાં રૂ. ૧૬,૯૪૬ કરોડ વધારે છે. છેલ્લાં પાંચ વર્ષના બજેટ કદની તુલનામાં વર્ષ ૨૦૨૨-૨૩ના બજેટ કદમાં ૪૦ ટકાનો ક્વોન્ટમ જંપ જોવા મળ્યો છે. રાજ્ય સરકારને ક્યાંથી આવક મળશે તેનો અંદાજ જોઈએ તો, ભારત સરકાર દ્વારા રાજ્યો પાસેથી લેવામાં આવતા વેરાઓમાંથી રાજ્યોને જે હિસ્સો આપવામાં આવે છે તે રૂ. ૨૮,૪૦૩ કરોડની રકમ થવા જાય છે. કરવેરામાંથી



રાજ્ય સરકારને રૂ. ૧,૧૯,૮૯૮ કરોડ મળવાનો અંદાજ છે. આમાં મહેસૂલ પેટે રૂ. ૨,૪૭૦ કરોડ, સ્ટૅમ્પ ડ્યૂટીમાંથી રૂ. ૧૨,૮૯૫ કરોડ, રાજ્યના જીએસટીમાંથી રૂ. ૫૦,૬૯૨ કરોડ, વેચાણવેરામાંથી રૂ. ૩૧,૪૧૨ કરોડ, વાહનવેરામાંથી રૂ. ૪,૭૧૨ કરોડ પ્રાપ્ત થવાના છે. કેન્દ્ર સરકારનો હિસ્સો અને રાજ્યના વેરા બંને મળીને કુલ ૧,૪૮,૩૦૧ કરોડની આવક ઊભી થવાનો અંદાજ છે.


રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતના વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્ર અંગે જણાવ્યું હતું કે, રાજ્યના તમામ સમાજ અને વર્ગોના ઊર્ધ્વગામી વિકાસની પ્રતિબદ્ધતા સાથેનું આ પ્રજાલક્ષી અંદાજપત્ર છે. ખેડૂતો, યુવાનો, સાગરખેડુ, વનબંધુ, ગરીબો, વંચિતો સહિત સમાજના તમામ વર્ગોના સર્વાંગી વિકાસને અંદાજપત્ર ૨૦૨૨-૨૩માં સર્વગ્રાહી રીતે આવરી લેવામાં આવ્યો છે. નાણામંત્રીશ્રીએ બજેટ રજૂ કરતાં પ્રારંભમાં જણાવ્યું હતું કે, દેશની આઝાદીનાં ૭૫ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યાં છે. આઝાદીના આ અમૃત મહોત્સવમાં આપણું રાજ્ય સૌનો સાથ અને સૌનો વિકાસના ધ્યેય સાથે પ્રગતિના પંથે આગળ વધી રહ્યું છે. હવે સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસની કડી ઉમેરી ગુજરાતને વિકાસના સર્વોચ્ચ શિખર પર લઈ જવા અમારી સરકાર કટિબદ્ધ છે. આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત બનાવવાના આ ભગીરથ કાર્યના ભાગરૂપે રાજ્યનું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું છે.

ગુજરાતના પનોતા પુત્ર અને લોકલાડીલા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ સુશાસન અને આર્થિક વિકાસના લક્ષ્ય તરફ મક્કમતાથી આગળ વધી રહ્યો છે. કોરોના મહામારીની સામે વિશ્વનું સૌથી મોટું રસીકરણ અભિયાન શરૂ કરી, અત્યાર સુધીમાં ૧૭૭ કરોડથી વધુ સ્વદેશી રસીના ડોઝ નિઃશુલ્ક આપી, દેશની જનતાને સુરક્ષિત કરવાની કામગીરીને આજે સમગ્ર વિશ્વ બિરદાવી રહ્યું છે. આ અભિયાનમાં સૌના સહકારથી ઊર્જાવાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાની હેઠળની ગુજરાત સરકારે પણ ૧૫ વર્ષથી ઉપરની વયના અંદાજિત સવા પાંચ કરોડ નાગરિકોને આવરી લઈને ૧૦ કરોડથી વધુ રસીના ડોઝ વિનામૂલ્યે આપી મહામારી સામે રાજ્યના નાગરિકોને સુરક્ષાકવચ પૂરું પાડવામાં આવ્યું છે. આપણો દેશ આવતાં વર્ષોમાં પાંચ ટ્રિલિયન ડૉલર ઇકોનૉમી ક્લબમાં સામેલ થવા જઈ રહ્યો છે. ભારતની આ વિકાસકૂચમાં ગુજરાતનો ફાળો નોંધપાત્ર છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ જ્યારે વર્ષ ૨૦૦૨માં રાજ્યની ધુરા સંભાળી ત્યારે રાજ્યનું એકંદર ઘરગથ્થુ ઉત્પાદન સવા લાખ કરોડ હતું. અમારી સરકારોના પ્રામાણિક અને પરિણામલક્ષી વહીવટ તેમ જ અવિરત પ્રયત્નોથી બે દશક પછી રાજ્યનું એકંદર ઘરગથ્થુ ઉત્પાદન વીસ લાખ કરોડને વટાવી ચૂક્યું છે. રાજ્યના નાગરિકોની માથાદીઠ આવકમાં ધરખમ વધારો થઈને વીસ વર્ષ પછી માથાદીઠ આવક રૂ. ૧૯,૮૨૩થી વધીને રૂ. ૨,૧૪,૮૦૯ સુધી પહોંચી છે.

સરળ, સહજ અને સૌમ્ય સ્વભાવના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નિર્ણાયક નેતૃત્વ હેઠળ લોકસેવાને વરેલી ગુજરાત સરકારના સંનિષ્ઠ પ્રયાસોના પરિણામે ભારત સરકારના ગુડ ગવર્નન્સ ઇન્ડેક્સમાં ગુજરાતને રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ ક્રમ મળ્યો છે. રેશનકાર્ડ, જન્મ-મૃત્યુનાં પ્રમાણપત્ર, આવકના દાખલા, મહેસૂલી



## રૂપિયો ક્યાંથી આવશે ?





દસ્તાવેજ જેવી ૨૮૦ સેવાઓને રાજ્ય સરકારે ડિજિટલ સેવા સેતુના માધ્યમથી ઘરઆંગણે પહોંચાડી છે. સરકારી યોજનાઓનો લાભ લેવા રજૂ કરવાના થતા આવકના દાખલાની મુદત ત્રણ વર્ષ સુધી વધારવામાં આવી છે. સ્ટૅમ્પ પેપર ઉપર કરવાના થતા ઍફિડેવિટની જગ્યાએ સેલ્ફ ડેક્લેરેશનને માન્યતા આપી રાજ્ય સરકારે વહીવટી સરળતાની દિશામાં મહત્ત્વનું પગલું ભર્યું છે.

વડાપ્રધાનશ્રીએ જન-ધન યોજના, આધાર કાર્ડ અને મોબાઈલ નંબરને જોડી દરેક વ્યકિતને સંસ્થાગત નાણાકીય માળખામાં લાવી સાચા લાભાર્થીઓ સુધી સરકારની યોજનાઓનો લાભ પહોંચે તેવો સંકલ્પ વ્યક્ત કર્યો છે. આ સંકલ્પને સાકાર કરવા ગુજરાત સરકારે ડિજિટલ ગુજરાત પૉર્ટલ મારફતે વિવિધ યોજનાઓ માટેની ઑનલાઇન અરજીઓ સ્વીકારી, લાભાર્થીના બેન્ક ખાતામાં વિનાવિલંબે સહાયની રકમ જમા થાય તે માટે, ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરની પદ્ધતિ અમલમાં મૂકી છે. દર વર્ષે અંદાજે રૂ. ૨૦ હજાર કરોડ જેટલી સહાયની રકમ ડી.બી.ટી. થકી સીધી રીતે લાભાર્થીના ખાતામાં જમા કરવામાં આવે છે. સરકારી આવકો સ્વીકારવા સાયબર ટ્રેઝરી હેઠળ ઇલેક્ટ્રૉનિક પદ્ધતિ અમલમાં મૂકી સરકારે ડિજિટલ ટ્રાન્ઝેક્શનને વેગ આપ્યો છે. ખેડૂતો ઓછા ખર્ચે વધુ આવક મેળવી શકે તે માટે પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. ડાંગ સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરતો પ્રથમ જિલ્લો બન્યો છે. ધરતીપુત્ર ખેડૂતો ઉપર આવી પડતી કુદરતી આપદાઓના સમયે સરકારે વિનાવિલંબે રાહતનાં પગલાં લીધાં છે. કૃષિ ક્ષેત્રે હાલ ખરીફ પાક માટે



## રૂપિયો ક્યાં જશે ?




ટૂંકી મુદતનાં ધિરાણો ઉપર વ્યાજ સહાયની યોજના અમલમાં છે. ખેડૂતોને રવી તેમજ ઉનાળુ પાક માટે વ્યાજ સહાય મળી રહે તે માટે નાણામંત્રીશ્રીએ બજેટમાં નવી યોજનાઓની જાહેરાત કરી છે. પશુપાલકો અને માછીમારો તરફથી ખેડૂતોની જેમ કિસાન ક્રેડિટ કાર્ડ આપી ધિરાણ પર વ્યાજ સહાય આપવાની માગણી ઘણા સમયથી થતી હતી. આ બંને ક્ષેત્રોને બેન્કિંગ વ્યવસ્થાથી જોડી, ઉત્પાદકતા વધારવા માટે પશુપાલકો અને માછીમારોને કૃષિ સમકક્ષ ટૂંકી મુદતના ધિરાણ પર વ્યાજ રાહત આપવાની યોજનાની બજેટમાં જાહેરાત કરવામાં આવી છે. આ યોજનાથી દર વર્ષે અંદાજિત રૂ. ૮થી ૧૦ હજાર કરોડનું ધિરાણ મેળવી શકાશે.



ભારતીય સંસ્કૃતિમાં ગાયની મહત્તા અતુલ્ય છે. ગૌવંશના નિભાવ અને જીવદયા માટે સરકાર સાથે બિનસરકારી અને સેવાભાવી સંસ્થાઓ અમૂલ્ય ફાળો આપી રહી છે. રાજ્યમાં આવી સેવાભાવી સંસ્થાઓ દ્વારા હજારોની સંખ્યામાં ગાયો અને મૂંગાં પશુઓની પાંજરાપોળ અને ગૌશાળાઓમાં સેવા થઈ રહી છે. ગૌવંશ પ્રત્યે સરકારના સંકલ્પને પરિપૂર્ણ કરવા ગૌશાળા અને પાંજરાપોળમાં નિભાવ અને જાળવણી માટે મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના બજેટમાં જાહેર કરવામાં આવી છે. આ યોજના માટે આગામી વર્ષે રૂ. ૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રખડતાં અને નિરાધાર પશુઓની સમસ્યાઓમાંથી મુક્તિ મેળવવા શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં ખાસ

### અંદાજપત્ર ૨૦૨૨-૨૩માં મહત્ત્વની યોજનાઓની ઝલક...

- ખેડૂતોને રવી તેમજ ઉનાળુ પાક માટે વ્યાજ સહાય યોજના.
- પશુપાલકો તથા માછીમારોને કૃષિ સમકક્ષ ટૂંકી મુદતના ધિરાણ પર વ્યાજ રાહત યોજના.
- ગૌશાળા અને પાંજરાપોળ નિભાવ તથા જાળવણી માટે રૂ. ૫૦૦ કરોડની ગૌમાતા પોષણ યોજના.
- વિશ્વબૅન્કના સહયોગથી રૂ. ૧૦,૦૦૦ કરોડના રોકાણ સાથે સ્કૂલ ઑફ એક્સેલન્સ પ્રોજેક્ટ હાથ ધરાશે.
- સગર્ભા તથા ધાત્રી માતાઓને આહારમાં ૧૦૦૦ દિવસનું કરિયાણું.
- પીએમ ગતિશક્તિ કાર્યક્રમ હેઠળ રૂ. ૧૦૦ લાખ કરોડના વિવિધ પ્રોજેક્ટ આગળ ધપાવાશે.
- ગિફ્ટ સિટીમાં બુલિયન માર્કેટની સ્થાપના થશે.
- કૃષિ ક્ષેત્રમાં ડ્રૉનના ઉપયોગને ધ્યાન રાખીને ડ્રૉન સંશોધન તથા વિકાસકેન્દ્ર શરૂ કરાશે.
- પ્રાકૃતિક ખેતીને વેગ આપવા માટે ગુજરાત પ્રાકૃતિક ખેતી વિકાસ બોર્ડની રચના.
- માછીમારોને રાહત આપવા હાઈસ્પીડ ડીઝલ વેટ રાહત યોજના માટે રૂ. ૨૩૦ કરોડ.
- સૌરાષ્ટ્રમાં સૌની યોજના માટે રૂ. ૭૧૦ કરોડ.
- દક્ષિણ ગુજરાતમાં નદીઓ ઉપર મોટા ચેકડેમ, બેરેજ, વિયર માટે રૂ. ૫૦૦ કરોડ.
- દરિયાઈ ખારાશ અટકાવવા માટે રૂ. ૨૫૦ કરોડની યોજના.



પ્રયત્નો માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ઉત્તમ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ દ્વારા બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે હેતુથી વિશ્વબેન્કના સહયોગથી રૂ. ૧૦ હજાર કરોડ જેવી માતબર રકમના ખર્ચે સ્કૂલ્સ ઑફ એક્સેલન્સ પ્રોજેક્ટ હાથ ધરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટના માધ્યમથી ૭૦ લાખ કરતાં વધારે વિદ્યાર્થીઓને વધુ સારી માળખાકીય સગવડો અને શિક્ષણપદ્ધતિ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ આપી ગુજરાતની ભાવિ પેઢીનું ભવિષ્ય ઉજ્જવળ કરવાનો નિર્ધાર સ્પષ્ટ થાય છે. કિશોરીઓ, સગર્ભા અને ધાત્રી માતાઓના આરોગ્ય તેમ જ પોષણને સુદૃઢ કરવા સરકારે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવાનો નિર્ણય કર્યો છે. તેમના આહારમાં અન્ન સાથે પ્રોટીન, ફૅટ તેમજ માઈક્રો-ન્યુટ્રિયન્ટ પણ ઉપલબ્ધ થાય તે માટે આવતાં પાંચ વર્ષમાં રૂ. ૪ હજાર કરોડના ખર્ચે અમલ થનારી સુપોષિત માતા-સ્વસ્થ બાળ યોજના દ્વારા સગર્ભા અને ધાત્રી માતાઓને ૧૦૦૦ દિવસ સુધી વિનામૂલ્યે એક કિલો તુવેરદાળ, બે કિલો ચણા અને એક લિટર ખાદ્ય તેલ પ્રતિ માસ આપવાની બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે.



વડાપ્રધાનશ્રીના પી.એમ. ગતિશક્તિ કાર્યક્રમ હેઠળ દેશમાં આંતરમાળખાકીય સગવડોને સુદૃઢ કરવા માટે નૅશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈન યોજના હેઠળ રૂ. ૧૦૦ લાખ કરોડના વિવિધ પ્રોજેક્ટોનું બજેટમાં આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતમાં આંતરમાળખાકીય સગવડો માટે બજેટમાં અનેક પ્રાવધાન કરવામાં આવ્યાં છે. આમાં પરિવહન ક્ષેત્રે ગામેગામ પહોંચતું ૧ લાખ ૨૪ હજાર કિલોમીટર સડકોનું સુયોજિત નેટવર્ક; ઊર્જાના ક્ષેત્રે બારેમાસ ૨૪ કલાક વીજળી પૂરી પાડતું ૧૭ લાખ કિલોમીટરથી વધુનું ડિસ્ટ્રિબ્યુશન તેમજ અંદાજે ૭૦ હજાર કિલોમીટરનું ટ્રાન્સમિશન નેટવર્ક; ગેસ વિતરણ ક્ષેત્રે દેશના અન્ય કોઈ રાજ્યમાં ન હોય એવું ૨૭૦૦ કિલોમીટરનું બલ્ક ટ્રાન્સમિશન પાઈપલાઈન તેમ જ ૩૧ હજાર કિલોમીટરનું વિતરણ પાઈપલાઈન નેટવર્ક; સિંચાઈ ક્ષેત્રે પાણીની અછતમાંથી મહદંશે મુક્તિ આપતી સરદાર સરોવર પરિયોજનાનું ૬૩ હજાર કિલોમીટરનું વિશાળ કૅનાલ નેટવર્ક; પીવાના પાણી માટે ૩ હજાર કિલોમીટરની બલ્ક પાઈપલાઈન અને ૧ લાખ ૨૦ હજાર કિલોમીટરથી વધુ લંબાઈની વિતરણ પાઈપલાઈનનું વિશાળ નેટવર્ક તૈયાર કરવાનો સમાવેશ થાય છે.

અંદાજપત્ર ૨૦૨૨-૨૩માં આગામી દિવસોમાં માળખાકીય ક્ષેત્રે વધુ રોકાણ કરી ગુજરાતના લોકોની સુખાકારી તેમ જ અર્થતંત્રને વેગ આપવા સરકાર કૃતસંકલ્પ છે. નૈસર્ગિક સોગાતસમા ૧૬૦૦ કિલોમીટર દરિયાકિનારે સુયોજિત બંદર નીતિ થકી નાનાં-મોટાં ૪૦ કરતાં વધારે બંદરો અને સંખ્યાબંધ જેટીઓનો વિકાસ કરવામાં આવ્યો છે. દેશની આયાત-નિકાસમાં ગુજરાત ૨૨ ટકા ફાળા સાથે આજે સર્વોચ્ચ સ્થાને છે. ગુજરાત દેશ માટે વૈશ્વિક વ્યાપારનું ગેટ-વે છે. હાલમાં વિદેશોમાં થતા સોના-ચાંદીના સોદાઓની



**“ આ બજેટ સંપૂર્ણપણે ખેડૂત હિતલક્ષી બજેટ છે. આ બજેટમાં ખેડૂતો, પશુપાલન અને સહકારી ક્ષેત્રને મહત્ત્વ અપાયું છે. ખેડૂતો પ્રાકૃતિક અને ટેક્નોલોજી આધારિત ખેતી કરે તેનું પૂરતું ધ્યાન બજેટમાં રાખવામાં આવ્યુ છે. ”**

**- જયેશભાઈ બોઘરા, રાજકોટ**



**“ બજેટમાં પાંજરાપોળો માટે સહાયમાં વધારો કરવામાં આવ્યો છે જે તેના નિભાવમાં સરળતા કરશે અને ગૌવંશની રક્ષા થશે. બજેટમાં પ્રાકૃતિક અને સાત્વિક ખેતી માટે જોગવાઈ કરવામાં આવી છે જે આવકાર્ય છે. ”**

**- જયેન્દ્રભાઈ પટેલ, વડોદરા**



સુવિધા દેશમાં જ મળી રહે તે હેતુથી ગોલ્ડ-સિલ્વર ટ્રેડિંગ માટે દેશનું પહેલું બુલિયન માર્કેટ ગુજરાતની ગિફ્ટ સિટીમાં શરૂ થવાનું છે. વૈશ્વિક કક્ષાની બૅન્કિંગ, લીઝિંગ, ઇનશ્યૉરન્સ, ફાઇનાન્સ અને આર્બિટ્રેશનની સુવિધાઓ ગિફ્ટ સિટીમાં આકાર લઈ રહી છે, તેથી આવનારા દિવસોમાં ગુજરાત વૈશ્વિક નાણાકીય વ્યાપારનું પણ કેન્દ્ર બનશે એવા સ્પષ્ટ નિર્દેશો બજેટમાંથી મળે છે.

સુયોજિત પરિવહન માળખાના કારણે માલસામાનની સરળતાથી હેરફેર અંગેના કેન્દ્ર સરકારના લૉજિસ્ટિક ઇન્ડેક્સ (LEADS)માં ગુજરાત સતત ત્રીજા વર્ષે પણ સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે આવ્યું છે. રાજ્યના સર્વગ્રાહી વિકાસ અને લોકાભિમુખ સુશાસનની ફળશ્રુતિના સ્વરૂપે વર્ષ ૨૦૨૦-૨૧માં દેશનું સૌથી વધુ રૂ. ૧ લાખ ૬૩ હજાર કરોડનું વિદેશી મૂડીરોકાણ (FDI) ગુજરાતમાં આવ્યું હોવાનો નિર્દેશ નાણામંત્રીશ્રીએ આપ્યો છે. દેશના કુલ રોકાણના ૩૭ ટકા જેટલું FDI ગુજરાતમાં થાય છે, જે સાબિત કરે છે કે, ઉદ્યોગકારો માટે ગુજરાત હંમેશાં બેસ્ટ ચૉઇસ ઑફ ડેસ્ટિનેશન ફૉર ઇન્વેસ્ટમેન્ટ બન્યું છે, જયારે મોટા પ્રમાણમાં મૂડીરોકાણ થકી ગુજરાતમાં રોજગારીની નવી તકોનું સર્જન થઈ રહ્યું છે ત્યારે રાજ્યના યુવાનો વધુ કૌશલ્ય મેળવી સુસજ્જતા સાથે તેનો લાભ મેળવી શકે તે હેતુથી કૌશલ્યા-ધ સ્કિલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે.

નવા ભારતના નિર્માણમાં સ્ટાર્ટ-અપનું મહત્ત્વ ધ્યાને લઈ વડાપ્રધાનશ્રીએ ૧૬ જાન્યુઆરીને નૅશનલ સ્ટાર્ટ-અપ ડે જાહેર કર્યો છે. ભારતના સ્ટાર્ટ-અપનો સ્વર્ણિમ યુગ શરૂ થઈ રહ્યો છે ત્યારે ગુજરાતના યુવાનો તેની સાથે કદમ મેળવી શકે તે હેતુથી સરકારે યુવાનોને આર્થિક મદદ કરતી સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ ઍન્ડ ઇનોવેશન પૉલિસી-૨.૦ જાહેર કરી છે. રાજ્યમાં આગામી દિવસોમાં ડ્રૉન સર્વિસ પ્રોવાઇડરોની ક્ષમતાવર્ધન માટે ડ્રૉન સંશોધન અને વિકાસ કેન્દ્ર તેમજ ડ્રૉન તાલીમ સંસ્થાઓ સ્થાપી કૃષિ, જમીન માપણી, આરોગ્ય, માળખાકીય કામો તથા કાયદો અને વ્યવસ્થા જેવાં ક્ષેત્રોમાં તેનો ઉપયોગ વધારવાનું આયોજન બજેટમાં કરવામાં આવ્યું છે, જેનાથી અત્યાધુનિક ટેક્નોલૉજી અને ડ્રૉનના ઉપયોગથી સર્વિસ ડિલિવરીની કાર્યક્ષમતા વધારવા અને વહીવટી પ્રક્રિયાઓમાં સુધારાઓ કરવા રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ હોવાનું બજેટમાંથી ફલિત થઈ રહ્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રોજગારીની નવી તકો ઊભી કરવા, ઇન્ફર્મેશન ટેક્નોલૉજીના ક્ષેત્રમાં રોકાણોને વેગ આપવા નવી આઇ.ટી. નીતિની જાહેરાત કરવામાં આવી છે. આ નીતિ અંતર્ગત વિશ્વકક્ષાના આઇ.ટી. ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરી ઉચ્ચ કૌશલ્ય ધરાવતા માનવબળ થકી ગુજરાતમાં આઇ.ટી. ઇકોસિસ્ટમમાં પરિવર્તન લાવવાનું લક્ષ્ય છે. બાયોપ્લાસ્ટિકથી લઈને જિન સ્પ્લાઇસિંગ અને સ્ટેમ સેલ થેરાપી જેવાં ક્ષેત્રોને પ્રોત્સાહન આપવા માટે સરકારે બાયોટેક્નોલૉજી નીતિની

### અંદાજપત્ર ૨૦૨૨-૨૩માં મહત્ત્વની યોજનાઓની ઝલક...

- હર ઘર જલ યોજના હેઠળ રાજ્યના રૂ. ૩૦૪૦ કરોડ સાથે રૂ. ૫૫૪૦ કરોડની યોજના.
- કિશોરીઓ તથા મહિલાઓ માટે સૅનિટરી પેડ વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવાશે.
- વાપીમાં ૧૦૦ બેડની નવી સબ-ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલ બનાવાશે.
- બોટાદ, જામખંભાળિયા તથા વેરાવળમાં નવી મેડિકલ કૉલેજ શરૂ કરાશે.
- ૫૦ જ્ઞાનશક્તિ રેસિડેન્સિયલ સ્કૂલ્સ સામાજિક ભાગીદારી ધોરણે શરૂ કરાશે.
- માઇન્ડ ટુ કન્સેપ્ટમાં ૧,૦૦૦ સંસ્થાઓ અને ૧૦,૦૦૦ સ્કૂલોમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરાશે.
- આદિજાતિ વિસ્તારોમાં ૫૦૦ નવાં મોબાઇલ ટાવર ઊભાં કરવા રૂ. ૧૦૦ કરોડ ખર્ચાશે.
- ૨૫ બિરસા મુન્ડા જ્ઞાનશક્તિ રેસિડેન્સિયલ સ્કૂલ્સ ઑફ એક્સેલન્સ શરૂ કરાશે.
- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રૂ. ૫૨૦૩ કરોડ.
- તાપી નદીકાંઠા ડેવલપમેન્ટ માટે વર્લ્ડબૅન્ક સહાયિત રૂ. ૧૯૯૧ કરોડના પ્રોજેક્ટને મંજૂરી.
- પીએમ મિત્ર યોજના હેઠળ વાંસી-બોરસી (નવસારી) ખાતે ટેક્સટાઇલ પાર્ક સ્થપાશે.
- ટેક્સટાઇલ વૅલ્યુ ચેઇન પૈકીના ખાસ ક્ષેત્રને મજબૂત કરવા રૂ. ૧૪૫૦ કરોડ.
- મોરબી ખાતે રૂ. ૪૦૦ કરોડના રોકાણ સાથે સિરામિક પાર્ક સ્થપાશે.





***નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ ગુજરાત વિધાનસભામાં રેગ્યુલર બેગની જગ્યાએ ખાસ પ્રકારના લાલ રંગના બોક્સમાં બજેટ ભાષણ લઈને આવ્યા હતા. આ બોક્સ ઉપર આદિજાતિ સંસ્કૃતિની ઓળખ સમી વારલી પેઈન્ટીગ અને કચ્છની ભાતીગળ બોર્ડર અંકિત કરેલી હતી. સાથે ભારતના રાજચિહ્ન અશોક સ્તંભને દર્શાવાયો હતો. આમ આ બોક્સમાં આઝાદીના અમૃત મહોત્સવ સાથે આદિવાસી સમાજની આગવી ઓળખને પણ સાંકળવામાં આવી હતી.***

જાહેરાત કરી છે. આ નીતિઓથી આઇ.ટી. અને બી.ટી. એક્સપોર્ટમાં ધરખમ વધારો થવાથી રાજ્યમાં ૨ લાખ કરતાં વધુ નવી રોજગારીની તકોનું નિર્માણ થવાના નિર્દેશ સાંપડે છે. ઉત્તમ અને પરિણામલક્ષી વહીવટ માટે સારું નાણાકીય વ્યવસ્થાપન અનિવાર્ય છે. નીતિ આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલા નાણાકીય વ્યવસ્થાપનના માપદંડોમાં ગુજરાત સમગ્ર દેશમાં  પ્રથમ ક્રમે છે. છેલ્લા બે દશકમાં ગુજરાતે ઉત્તરોત્તર વૃદ્ધિ સાથેનું બજેટ રજૂ કરી વિકાસકાર્યો માટે ક્યારેય પણ ઓવરડ્રાફ્ટ લીધા વગર નાણાની ફાળવણી કરી છે. કોરોનાની મહામારીના કારણે અર્થવ્યવસ્થા પર આવી પડેલા સંકટમાંથી બહાર નીકળી રાજ્ય આ વર્ષે જી.એસ.ડી.પી.માં ૧૩ ટકા જેવો ડબલ ડિજિટ વૃદ્ધિદર મેળવશે તેવી ધારણા છે.

અંદાજપત્ર ૨૦૨૨-૨૩માં ગુજરાતના સર્વાંગી વિકાસને ઉજાગર કરતી ધ્યાનાકર્ષક બાબતો ઉપર એક વિહંગાવલોકન કરવામાં આવે તો સૌથી પહેલાં ખેડૂતોને રવી તેમ જ ઉનાળુ પાક માટે વ્યાજ સહાય યોજનાનો ઉલ્લેખ કરવો પડે. આ ઉપરાંત પશુપાલકો તથા માછીમારોને કૃષિ સમકક્ષ ટૂંકી મુદતના ધિરાણ પર વ્યાજ રાહત યોજના જાહેર કરવામાં આવી છે. ગૌ-શાળા અને પાંજરાપોળ નિભાવ તથા જાળવણી માટે રૂ. ૫૦૦ કરોડની ગૌમાતા પોષણ યોજના છે. વિશ્વ બેન્કના સહયોગથી રૂ. ૧૦,૦૦૦ કરોડના રોકાણ સાથે સ્કૂલ ઑફ એક્સેલન્સ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવવાનો હોવાનો બજેટમાં નિર્દેશ છે. સગર્ભા તથા ધાત્રી માતાઓને આહારમાં ૧૦૦૦ દિવસનું કરિયાણું આપવાની જોગવાઈ કરવામાં આવી છે. પીએમ ગતિશક્તિ કાર્યક્રમ હેઠળ રૂ. ૧૦૦ લાખ કરોડના વિવિધ પ્રોજેક્ટ આગળ ધપાવવામા આવશે. ગિફ્ટ સિટીમાં બુલિયન માર્કેટની સ્થાપના કરવામાં આવવાની છે. કૃષિ ક્ષેત્રમાં ડ્રૉનના ઉપયોગને ધ્યાન રાખીને ડ્રૉન સંશોધન તથા વિકાસકેન્દ્ર શરૂ કરાશે. પ્રાકૃતિક ખેતીને વેગ આપવા માટે ગુજરાત પ્રાકૃતિક ખેતી વિકાસ બોર્ડની રચના કરવાની બજેટમાં જાહેરાત ઉલ્લેખનીય છે.

આ ઉપરાંત માછીમારોને રાહત આપવા હાઈસ્પીડ ડીઝલ વેટ રાહત યોજના માટે રૂ. ૨૩૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. સૌરાષ્ટ્રમાં સૌની યોજના માટે રૂ. ૭૧૦ કરોડ, દક્ષિણ ગુજરાતમાં નદીઓ ઉપર મોટા ચેકડૅમ, બેરેજ, વિયર માટે રૂ. ૫૦૦ કરોડ, દરિયાઈ ખારાશ અટકાવવા માટે રૂ. ૨૫૦ કરોડની યોજના, હર ઘર જલ યોજના હેઠળ રાજ્યના રૂ. ૩૦૪૦ કરોડ સાથે રૂ. ૫૫૪૦ કરોડની યોજનાની જોગવાઈ કરવામાં આવી છે. કિશોરીઓ તથા મહિલાઓ માટે સૅનિટરી પૅડ વિનામૂલ્યે ઉપલબ્ધ કરવાની સાથે સાથે વાપીમાં ૧૦૦ બેડની નવી સબ-ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલ, બોટાદ, જામ ખંભાળિયા તથા વેરાવળમાં નવી મેડિકલ કૉલેજ, ૫૦ જ્ઞાનશક્તિ રેસિડેન્સિયલ સ્કૂલ્સ સામાજિક ભાગીદારી ધોરણે શરૂ કરવાનો ઉલ્લેખ મહત્ત્વનો છે. માઈઈન્ડ ટુ કન્સેપ્ટમાં ૧,૦૦૦ સંસ્થાઓ અને ૧૦,૦૦૦ સ્કૂલોમાં રૂ. ૫૦ લાખ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવનાર છે.

આદિજાતિ વિસ્તારોમાં ૫૦૦ નવાં મોબાઈલ ટાવર ઊભાં કરવા રૂ. ૧૦૦



“ **આ વર્ષનું બજેટ સામાન્ય પ્રજાને નજર સમક્ષ રાખીને બનાવવામાં આવ્યું છે, કોરોનાકાળ દરમિયાન ભાંગી પડેલા નાના વેપારીઓ અને લઘુ ઉદ્યોગોને બજેટની જોગવાઈઓથી ફાયદો અને વેગ મળશે.** ”

**- દિનેશજી ભાટી, સુરત**



“ **ગુજરાત સરકારે બજેટમાં મધ્યમ અને ગરીબ વર્ગના લોકો, નાના અને મોટા ઉદ્યોગો સહિતના ક્ષેત્રનું ધ્યાન રાખ્યું છે. સરળ શબ્દોમાં કહીએ તો સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌના વિશ્વાસના મંત્રને આ બજેટ પ્રતિબિંબિત કરે છે.** ”

**- ધવલ દેસાઇ, વડોદરા**

કરોડ, ૨૫ બિરસા મુન્ડા જ્ઞાનશક્તિ રેસિડેન્સિયલ સ્કૂલ્સ ઑફ એક્સેલન્સ શરૂ કરવાનો, સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રૂ. ૫૨૦૩ કરોડ, તાપી નદીકાંઠા ડેવલપમેન્ટ માટે વર્લ્ડ બૅન્ક સહાયિત રૂ. ૧૯૯૧ કરોડના પ્રોજેક્ટને મંજૂરી આપવાનો બજેટમાં ઉલ્લેખ ધ્યાનાકર્ષક છે. પીએમ મિત્ર યોજના હેઠળ વાંસી-બોરસી (નવસારી) ખાતે ટેક્સટાઇલ પાર્ક સ્થાપવાની બજેટમાં જાહેરાત કરવામાં આવી છે. ટેક્સટાઇલ વૅલ્યુ ચેઇન પૈકીના ખાસ ક્ષેત્રને મજબૂત કરવા રૂ. ૧૪૫૦ કરોડ અને મોરબી ખાતે રૂ. ૪૦૦ કરોડના રોકાણ સાથે સિરામિક પાર્ક સ્થાપવાની મહત્ત્વની જોગવાઈ કરવામાં આવી છે.

સ્ટાર્ટ અપ ઈકો સિસ્ટમને મજબૂત કરવા માટે રૂ. ૧૦૦૦ કરોડનું ફંડ ઊભું કરવા ઉપરાંત સુરતના ભીમરાડ ખાતે પર્યટન સ્થળ વિકસાવવા માટે રૂ. ૧૦ કરોડનું આયોજન, સાપુતારા, શબરીધામ, ઝરવાણી ધોધના રસ્તાને પહોળો કરવા માટે રૂ. ૧૬૭૦ કરોડનું આયોજન, એસટી નિગમ દ્વારા ૫૦ ઈલેક્ટ્રીક બસો સાથે ૧૨૦૦ નવી બસો ખરીદાશે. ડ્રૉન ટેક્નોલૉજીના ઉપયોગથી પ્રૉપર્ટી કાર્ડ આપવા સ્વામિત્વ યોજના અને ૧૦ જિલ્લાઓમાં સ્પોર્ટ્સ સંકુલ સ્થાપવા માટે રૂ. ૪૭ કરોડનુ દીર્ઘદૃષ્ટિ આયોજન બજેટ ૨૦૨૨-૨૩માં જોવા મળ્યું છે.

સદીની સૌથી ભયાનક મહામારીના કારણે ઊભા થયેલા આર્થિક સંકટ વચ્ચે પણ નાણાકીય જોગવાઈઓમાં વધારો કરીને વિકાસને વેગ આપતું તેમજ સમાજના તમામ વર્ગોની સુખાકારીમાં વધારો કરતું વર્ષ ૨૦૨૨-૨૩નું રૂ. ૨ લાખ ૪૩ હજાર ૯૬૫ કરોડનું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૨-૨૩નું બજેટ સમતુલિત, સર્વસમાવેશક અને ગુજરાતની આર્થિક વ્યવસ્થાને નવી રોજગારીની તકો સર્જન કરીને વિકાસને વધુ વેગ આપનારું છે. બજેટમાં માળખાકીય સગવડો સાથે માનવવિકાસ સૂચકાંકો તેમ જ સામાજિક સુરક્ષા ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. બજેટમાં મહિલા અને બાળકોના આરોગ્ય તેમ જ પોષણ માટે વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. ખેતી અને ખેડૂતોને પ્રોત્સાહન આપતા અંદાજપત્ર ૨૦૨૨-૨૩માં આદિજાતિ વિસ્તારોમાં વનબંધુ કલ્યાણ તેમજ દરિયાકાંઠાના સાગરખેડુઓ માટે વિશેષ જોગવાઈઓ કરવામાં આવી છે. ઓવર ઑલ બજેટ - ૨૦૨૨-૨૩ ખેડૂતહિતલક્ષી અને સમાજના ગરીબ, નબળા અને આદિજાતિ વિસ્તાર માટે આશીર્વાદરૂપ જણાય છે. ●

## વર્ષ ૨૦૨૨-૨૩નું રૂ. ૬૬૮ કરોડની પુરાંત ધરાવતું અંદાજપત્ર

**કોવિડની વૈશ્વિક મહામારીના કારણે છેલ્લાં બે વર્ષમાં રાજ્યના લોકોની આર્થિક પ્રવૃત્તિઓ ઉપર વિપરીત અસર પડી છે. આ સંજોગોમાં, મંદ પડેલી આર્થિક પ્રવૃત્તિઓને વેગવંતી બનાવવા, સરકારે કરવેરાની રાહતો તેમજ અન્ન સલામતીનાં પગલાંઓની જાહેરાત કરી છે, જેમાં પેટ્રોલ અને ડીઝલ ઉપરના મૂલ્યવર્ધિત વેરામાં અનુક્રમે ૬.૪% અને ૫.૩%નો ઘટાડો કરી વેચાણકિંમતમાં પ્રતિ લિટર રૂ. ૭ની રાહત આપી છે. આ ઉપરાંત, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ એલપીજી કનેક્શન તથા સ્વ-સહાય જૂથ-સખી મંડળની મહિલાઓને લોન માટેના દસ્તાવેજો ઉપર લાગતી સ્ટૅમ્પ ડ્યૂટીમાંથી મુક્તિ આપી છે. કૉન્ટ્રાક્ટ કૅરેજ બસોને માસિક ધોરણે ભરવાનાં થતાં મોટર વાહનવેરામાંથી મુક્તિ આપી છે.**

**હૉટેલ, રેસ્ટોરન્ટ્સ, વૉટરપાર્ક, સિનેમાઘરો-મલ્ટિપ્લેક્સ અને જિમ્નેશિયમને વર્ષ ૨૦૨૧-૨૨ માટે મિલકતવેરો ભરવામાંથી મુક્તિ આપી છે. હૉટેલ, રેસ્ટોરન્ટ્સ, વૉટરપાર્ક, સિનેમાઘરો-મલ્ટિપ્લેક્સ અને જિમ્નેશિયમને વર્ષ ૨૦૨૧-૨૨ માટે વીજબિલમાં ફિક્સ ચાર્જ ભરવામાંથી મુક્તિ આપવાની બાબત વગેરેનો સમાવેશ આ રાહતોમાં થાય છે. ગુજરાતની વિકાસયાત્રામાં સહભાગી ખમીરવંતા ગુજરાતીઓ અનેક પડકારોનો સામનો કરી પ્રગતિપથ ઉપર ઝડપભેર આગળ વધી રહ્યા છે. વડાપ્રધાનશ્રીના આત્મનિર્ભર ભારતની સંકલ્પનાને ચરિતાર્થ કરી આ વિકાસયાત્રા અવિરત રહે તે માટે આ અંદાજપત્રમાં હયાત વેરાના દરોમાં કોઈપણ જાતનો ફેરફાર કર્યો નથી.**



" **આ બજેટ તમામ ક્ષેત્રના લોકો માટે કલ્યાણકારી અને વિકાસલક્ષી છે. ટેક્ષટાઈલ ઉદ્યોગ તેમજ એમ્બ્રોઈડરી જેવા ઉદ્યોગો અને નાના વ્યવસાયી એકમોને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે મોટો ફાયદો થશે.** "

**- આનંદ શુક્લા, સુરત**



" **રાજ્ય સરકાર દ્વારા માઈન્ડ ટુ માર્કેટ કન્સેપ્ટ અંતર્ગત ૩૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. આ કન્સેપ્ટ તમામ વિદ્યાર્થીઓ અને ટેકનોક્રેટ્સને ખૂબ જ પસંદ આવી રહ્યો છે.** "

**- જયદિપ ચાવડા, રાજકોટ**

# રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવમાં સહભાગી થતા મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી



ગુજરાતની ચૌદમી વિધાનસભાના દસમા સત્રની શરૂઆતમાં રાજ્યપાલશ્રી દ્વારા ગૃહને સંબોધવામાં આવ્યું હતું. સત્ર દરમિયાન રાજ્યપાલશ્રીના પ્રવચન પર ચર્ચામાં સહભાગી થતાં પૂર્વે મહેસૂલમંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે વિધાનસભાના અધ્યક્ષ સહિત સૌ સન્માનીય મહિલાઓને શુભેચ્છા પાઠવી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી રાજ્યનાં પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૫૦ ટકા મહિલા અનામત આપીને મહિલા સશક્તીકરણનું અદ્‌ભુત કાર્ય કર્યું છે, જેને ક્યારેય નહીં ભૂલી શકાય.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ, પ્રજાની સલામતી સહિત ગુજરાતનો સર્વાંગી વિકાસ કરવાનો તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભરપૂર પ્રયાસ કર્યો છે. ૧૨૦ કરોડ ભારતીયોનું દિલ જીતનાર શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વડાપ્રધાન સુધીની સફર આ ગૃહમાંથી શરૂ કરી છે. સખત પરિશ્રમ, દેશપ્રેમ અને સુશાસન થકી ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી યુવાઓના પથદર્શક બન્યા છે.

મંત્રીશ્રીએ વિપક્ષના ધારાસભ્ય શ્રી મોહનસિંહ રાઠવાને શ્રેષ્ઠ ધારાસભ્ય બદલ અભિનંદન પાઠવ્યાં હતાં. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતે ઉદ્યોગ, સેવા અને કૃષિ એમ ત્રણેય ક્ષેત્રોમાં સમતોલ વિકાસ કર્યો છે. સતત ૨૫ વર્ષથી એક જ પક્ષની સરકાર હોવાથી અવિરત વિકાસ શક્ય બન્યો છે. આજે ગુજરાતમાં ધોલેરા સર, સ્ટૅચ્યુ ઑફ યુનિટી, સાયન્સ સિટી, ગિફ્ટ સિટી, મેટ્રો અને બુલેટ ટ્રેન સહિતના અનેક મોટા પ્રોજેક્ટ આ સરકારની દીર્ઘદષ્ટિને પરિણામે શક્ય બન્યા છે. ૭૦ લાખ લોકોએ રાષ્ટ્રીય સ્મારક સ્ટૅચ્યુ ઑફ યુનિટીની મુલાકાત લીધી છે. રાષ્ટ્રપ્રેમી અને દેશ માટે બલિદાન આપનારા સરદાર પટેલના સ્મારક એવા સ્ટૅચ્યુ ઑફ યુનિટીની મુલાકાત લેવા મંત્રીશ્રીએ વિપક્ષને પણ આમંત્રણ પાઠવ્યું હતું.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ખેલ મહાકુંભમાં અગાઉ ૩૫ લાખ વિદ્યાર્થીઓ રમ્યા હતા અને જીત્યા અથવા કંઈક શીખ્યા હતા. આ સરકાર હંમેશાં નાગરિકોને જીત અથવા તો શીખ માટે પ્રેરે છે. રાજ્યના સામાન્ય નાગરિકને સરકારી યોજનાનો લાભ સત્વરે અને સરળતાથી મળે એ માટે સરકારી યોજનામાં સોગંદનામાની જરૂરિયાત કાઢી નાખી ‘સ્વપ્રમાણિતતા’ને માન્યતા આપી છે. સંસ્કાર અને સમજણ ભાષાથી જ કેળવાય છે, જે કેળવવા રાજ્ય સરકારે તમામ પરિપત્રો તથા સાઇન બોર્ડ સહિતની બાબતો આપણી માતૃભાષા ગુજરાતીમાં કરી દેવા જરૂરી સૂચનાઓ આપી દેવામાં આવી છે.

રાજ્યના નાગરિકોને મહેસૂલી સેવાઓ માટે હાલાકી ન પડે તે હેતુથી તમામ મહેસૂલી સેવાઓ માટે મહેસૂલી મેળાઓનું આયોજન કરી સચોટ અને સરળ રીતે આ સેવા સામાન્ય નાગરિકોને પૂરી પાડવામાં આવી રહી છે. ચાંપાનેર, રાણકીવાવ, કચ્છ ધોળાવીરા અને અમદાવાદ સિટીનું અસ્તિત્વ પહેલેથી જ હતું, પરંતુ અમારી સરકારના પ્રયત્નોને પરિણામે જ યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઇટમાં તે તમામને સ્થાન મળ્યું છે જે આપણા સૌ માટે ગૌરવની વાત છે. ●

## ગુજરાતને દેશનું ગ્રોથ એન્જિન બનાવતું ઉદ્દીપકરૂપ બજેટ - મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદી



બંગાળના કવિ બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય દ્વારા લખાયેલી નવલકથા ‘આનંદ મઠ’ના ‘વંદે માતરમ્’ ગીતમાં ભારતની ધરતીમાતા ઉપર ધન્ય - ધાન્યથી હરીભરી ખેતી અને આ ખેતીમાં નૈઋત્ય ખૂણેથી શરૂ થતો વરસાદ, નદીમાંથી સિંચાઈ મારફત ધરતીમાતાને મળતું પાણી, જુદી-જુદી જગ્યાએ, જુદી-જુદી ફળદ્રુપતાની વાત કરવામાં આવી છે. જો આ રીતે ગુજરાતની વાત કરવામાં આવે તો ગુજરાતને કુદરતે પ્રાકૃતિક પાકો બક્ષેલા છે.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના બજેટના ભાષણ પર આભાર પ્રસ્તાવ પર માર્ગ-મકાન મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીએ જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક દાયકાથી કૃષિ ક્ષેત્રે રાસાયણિક ખાતરોના વધુ પડતા ઉપયોગને કારણે વ્યક્તિની તંદુરસ્તી પણ જોખમાય છે, જેને કારણે આજે પ્રાકૃતિક ખેતી ખૂબ જ અનિવાર્ય બની છે. અને જેને કારણે ખેડૂત ઓછા ખર્ચે વધુ પાક લઈ શકે છે. પ્રાકૃતિક જીવનને કારણે વ્યક્તિની તંદુરસ્તી સારી રહે તેમ પ્રાકૃતિક ખેતીના કારણે જમીનની ફળદ્રુપતા ખૂબ સારી રહે. તે માટે પ્રાકૃતિક ખેતી અનિવાર્ય છે. તેથી જ પ્રાકૃતિક ખેતી અપનાવવા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત કાર્ય કરી રહ્યાં છે.

ભારતની વિદેશનીતિ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સમગ્ર

# રાજ્યની વિકાસયાત્રાને અવિરતપણે વેગવાન બનાવતું અંદાજપત્ર

## - શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી



રાજ્યની અવિરત વિકાસયાત્રાને વધુ ને વધુ વેગવાન બનાવીને છેવાડાના માનવી સુધી જનસુખાકારીના લાભો પહોંચે એવા મક્કમ નિર્ધાર સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની સરકાર આગળ વધી રહી છે. પ્રજાના પરસેવાનાં નાણાંનો હિસાબ પ્રજાને આપવો એ સરકારની જવાબદારી છે.

રાજ્યપાલશ્રીના ભાષણ પરના આભાર પ્રસ્તાવમાં સહભાગી થતાં શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ કહ્યું હતું કે, યુક્રેન-રશિયા વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારે બંને દેશો સાથે સંકલન કરીને યુક્રેનમાં વસતા અંદાજે ૧૫,૦૦૦થી વધુ વિદ્યાર્થી-ભારતીયોને ઑપરેશન ગંગા અંતર્ગત સલામત રીતે ખાસ વિમાનોમાં ભારત પરત લાવવામા આવ્યા છે તેમાં ૮૦૦થી વધુ ગુજરાતીઓને પણ ગુજરાત સરકારે ગાંધીનગર-ગુજરાત લાવવાની વ્યવસ્થા કરી હતી, જેને આવકારવા ખુદ મુખ્યમંત્રીશ્રી અને મંત્રીમંડળના સભ્યો હાજર રહ્યા હતા.

વર્ષ ૨૦૦૮માં અમદાવાદમાં થયેલા સિરિયલ બોમ્બ બ્લાસ્ટના આરોપીઓને સજા મળી છે. આતંકવાદી પ્રવૃત્તિઓને ગુજરાતમાંથી નાબૂદ કરવા તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાત પોલીસે એકત્રિત કરેલા સબળ પુરાવાને પરિણામે નામદાર હાઈકોર્ટે ભારતના ઇતિહાસમાં પ્રથમ વાર ૩૮ આતંકવાદીઓને ફાંસીની સજા અને ૧૧ આતંકવાદીઓને આજીવન કેદની સજા ફટકારીને ગુજરાત-ભારતમાંથી આતંકવાદી પ્રવૃત્તિઓને હંમેશ માટે નેસ્તનાબૂદ કરવાની એક આગવી આહ્લેક જગાવી છે. માત્ર વાતો નહીં હકીકતોને જમીન પર ઉતારીને યુવાઓને રોજગારી આપવામાં પણ ગુજરાત દેશમાં મોખરે છે. ૨૦૨૧ના અહેવાલ મુજબ ભારતનો બેરોજગારી દર ૪.૮ ટકા હતો, તેની સામે ગુજરાતમાં ૨ ટકા છે. જે રાજ્ય સરકારની દૂરંદેશી નીતિ, વાઇબ્રન્ટ ગુજરાતના માધ્યમ દ્વારા સ્વરોજગારી આપવાના પરિણામે શક્ય બન્યું છે. દેશના વિવિધ સૂચકાંકમા પણ ગુજરાત આજે અવ્વલ નંબરે છે. તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાનશ્રીના સક્ષમ નેતૃત્વ હેઠળ આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરવા ગુજરાતે પણ આત્મનિર્ભર ગુજરાત થકી આત્મનિર્ભર ભારતના સપનાને સાકાર કરવાનો નિર્ધાર કર્યો છે. આ ક્ષેત્રે પણ ગુજરાત આજે અગ્રિમ સ્થાને છે.

કોઈપણ દેશ કે રાજ્યના વિકાસ માટે ડેમોગ્રાફિક ડિવિડન્ડે મહત્ત્વનો રોલ અદા કર્યો છે તેમ જણાવી મંત્રીશ્રીએ કહ્યું કે, ભારતનું ડેમોગ્રાફિક ડિવિડન્ડ આજે વિશ્વમાં સૌથી ઉચ્ચ સ્તરે છે જે વડા પ્રધાનશ્રીના દૃષ્ટિવંત નેતૃત્વ અને માર્ગદર્શનને આભારી છે. ગુજરાતે પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્યના વિકાસ માટે વિવિધ નીતિઓ દ્વારા પ્રતિબદ્ધતા દાખવીને અસરકારક નિર્ણયો કર્યા છે. સરદારસાહેબને યોગ્ય માન-સન્માન આપવાનું કામ રાજ્ય સરકારે કર્યુ છે. લોખંડી પુરુષને વિશ્વ કક્ષાએ પ્રસ્થાપિત કરવા માટે વડાપ્રધાનશ્રીએ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા - સ્ટૅચ્યુ ઑફ યુનિટીનું નિર્માણ કેવડિયા ખાતે કરીને આગવી ઓળખ આપી છે, જ્યાં દેશ-વિદેશના લાખો પર્યટકો આવી રહ્યા છે. તેમણે પક્ષીપક્ષીથી પર રહીને રાજ્યની અવિરત વિકાસયાત્રામાં સહયોગ આપવા સૌને અપીલ કરી હતી. ●

વિશ્વમાં મજબૂત નેતૃત્વના કારણે વિદ્યાર્થીઓને યુદ્ધગ્રસ્ત યુક્રેનથી સહીસલામત બહાર કાઢવામાં આવ્યા. તેવી જ રીતે કોરોના સામેના પ્રલયમાં ફ્રન્ટલાઇન વૉરિયર્સ ડૉક્ટર, પેરામેડિકલ સ્ટાફ, સફાઈ કર્મચારી, પોલીસ કર્મચારી વગેરે ફ્રન્ટલાઇન વૉરિયર્સનો જુસ્સો ટકાવવા તન-મન-ધનથી મદદરૂપ થતા હોય છે, જેને કારણે સમગ્ર હિન્દુસ્તાનની જનતા કોરોના ફ્રન્ટલાઇન વૉરિયર્સનો આત્મવિશ્વાસ વધારે છે. સમગ્ર દેશમાં ગુજરાત રોજગારી આપવામાં પ્રથમ ક્રમે છે. સૌથી વધુ રોજગારી અસંગઠિત ક્ષેત્રના કામદારોને આપવામાં આવે છે, જેના કારણે ગુજરાતમાં લાખો લોકો અન્ય પ્રાંતોમાંથી પણ આવીને રોજગારી મેળવી રહ્યા છે.

ગુજરાતનો મહેસૂલ વિભાગ અનેક આમૂલ પરિવર્તન કરી રહ્યો છે. નૉન-જ્યુડિશિયલ સ્ટૅમ્પ પેપરનું વેચાણ બંધ કરી ઈ-સ્ટૅમ્પિંગ સર્ટિફિકેટ સરળતાથી ઉપલબ્ધ કરાવ્યું છે. ૧૩૫ ડીની નોટિસની સમયમર્યાદા ૩૦ દિવસથી ઘટાડીને ૧૦ દિવસનો નિર્ણય કરાયો છે. ૭- ૧૨, ૮ અ વગેરે ઑનલાઈન કર્યા છે. આમ મહેસૂલ વિભાગમાં જરૂરિયાત મુજબ નવા બદલાવો લાવી રહ્યા છીએ.

કોઈપણ જાતના ભેદભાવ વિના તમામ ક્ષેત્ર અને વર્ગનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. આગામી દિવસોમાં ખેડૂતોની આવક બમણી કરવા, બધા નાગરિકોને ઘરનું ઘર આપવા, દરેક ઘરને વીજળીનું જોડાણ આપવા તથા આયુષ્યમાન ભારત કાર્ડની હેઠળ આવરી લેવાનો નિર્ધાર કરવામા આવ્યો છે. ●

# કૃષિકારોની પડખે સદા સર્વદા ગુજરાત સરકાર






મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દૂરંદેશીપૂર્ણ નેતૃત્વ હેઠળની પરિણામલક્ષી સરકારે વડાપ્રધાનશ્રીના વર્ષ ૨૦૨૨માં ખેડૂતોની આવક બમણી કરવાના નિર્ધારને મૂર્તિમંત કરવાની દિશામાં નક્કર કદમ લીધાં છે. કૃષિ, ખેડૂતકલ્યાણ અને સહકાર વિભાગ માટે બજેટમાં કુલ રૂ. ૭૭૩૭ કરોડની જોગવાઈ કરી રાજ્ય સરકારે ખેડૂતોની આવક વધારવા અને ખેતીને લાભદાયી બનાવવા માટે અનેક પગલાં લીધાં છે. ખેડૂતો ખર્ચ ઘટાડી વધુ કમાણી કરી શકે તે માટે ઑર્ગેનિક ખેતીને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ડાંગ જિલ્લો સંપૂર્ણપણે સજીવ ખેતી અપનાવનાર પ્રથમ જિલ્લો બન્યો છે.



ગાયો પ્રત્યે રાજ્ય સરકારના સંકલ્પને પરિપૂર્ણ કરવા માટે, રાજ્ય સરકાર દ્વારા ગૌશાળાઓ અને પાંજરાપોળના સંચાલન અને જાળવણી માટે ‘મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના’ જાહેર કરવામાં આવી છે. આ યોજના માટે આગામી વર્ષમાં રૂ. ૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રખડતાં પ્રાણીઓની સમસ્યાના નિરાકરણ માટે શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં વિશેષ પ્રવૃત્તિઓ માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

### કૃષિ, ખેડૂતકલ્યાણ અને સહકાર વિભાગ માટે કુલ રૂ. ૭૭૩૭ કરોડની જોગવાઈ

- ખેડૂતકલ્યાણને કેન્દ્રસ્થાને રાખી વડાપ્રધાન કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત, આજ સુધી ગુજરાતના આશરે ૬૧ લાખ જેટલા ખેડૂત ખાતેદારોને સીધેસીધા તેમના બૅન્ક ખાતામાં રૂ. ૧૦ હજાર કરોડ પ્રાપ્ત થયા છે.
- ખેડૂતોને વીજજોડાણ તેમજ રાહતદરે વીજળી ઉપલબ્ધ કરાવવા રૂ. ૮ હજાર ૩૦૦ કરોડ જેવી માતબર રકમની સબસિડી આપવામાં આવે છે. વીજજોડાણ માટે હાલમાં પડતર બધી અરજીઓનો આઝાદીના અમૃત મહોત્સવ પર્વ પહેલાં નિકાલ કરી ખેડૂતોને વીજજોડાણ આપવામાં આવશે.
- પાક કૃષિ વ્યવસ્થાની વિવિધ યોજનાઓ માટે રૂ. ૨૩૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- કૃષિ યાંત્રિકીકરણ અંતર્ગત ટ્રૅક્ટર તેમજ વિવિધ ફાર્મ મશીનરીની ખરીદીમાં સહાય આપવા રૂ. ૨૬૦ કરોડ અંદાજપત્રમાં ફાળવવામાં આવ્યા છે.
- રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતર્ગત કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોના વિવિધ પ્રોજેક્ટ માટે રૂ. ૨૩૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- સંપૂર્ણ દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને ગાયના નિભાવખર્ચ માટે રૂ. ૨૧૩ કરોડ અંદાજપત્રમાં ફાળવવામાં આવ્યા છે.
- મુખ્યમંત્રી પાક સંગ્રહયોજના અંતર્ગત ખેતરમાં નાનાં ગોડાઉન બનાવવા માટે રૂ. ૧૪૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- પ્રાકૃતિક ખેતીને વેગ આપવા માટે ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડની રચના કરવામાં આવી છે. આ બોર્ડ ખેડૂતોને આ અભિયાન સાથે જોડી કૃષિ ઉત્પાદન વધારવા માટે કાર્ય કરશે તે માટે રૂ. ૧૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે.
- સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ અંતર્ગત ઍગ્રો અને ફૂડ પ્રોસેસિંગ એકમોને સહાય આપવા રૂ. ૧૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ખેડૂત ખાતેદાર અકસ્માત વીમા યોજના અંતર્ગત રૂ. ૮૧ કરોડ અંદાજપત્રમાં ફાળવવામાં આવ્યા છે.ખેડૂતોને મલ્ટિ-પર્પઝ ઉપયોગ માટે એક ડ્રમ તથા પ્લાસ્ટિકના બેટોકર વિનામૂલ્યે આપવા માટે રૂ. ૫૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- ડ્રૉનના ઉપયોગથી ખાતર અને જંતુનાશક દવાઓનો છંટકાવ કરી ઉત્પાદન વધારવા અને કૃષિ ઈનપુટનો ખર્ચ ઘટાડવા રૂ. ૩૫ કરોડ ફાળવવામાં આવ્યા છે.
- ડાંગ જિલ્લાના પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને સંપૂર્ણ રસાયણમુક્ત ખેતી માટે પ્રોત્સાહિત કરવા જોગવાઈ રૂ. ૩૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- વન્યપ્રાણીઓ દ્વારા પાકને થતું નુકસાન અટકાવવા ખેતરની ફરતે સોલાર પાવર ફેન્સિંગમાં સહાય માટે રૂ. ૨૦ કરોડ ફાળવવામાં આવ્યા છે.
- ખેડૂતોને સમયસર અને સંગ્રહ કરવા માટે પૂરતા જથ્થામાં રાસાયણિક ખાતર પૂરું પાડવા રૂ. ૧૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- કૃષિ ઉત્પાદનોના પરિવહન માટે માલવાહક વાહનની ખરીદી ઉપર સહાય આપવા રૂ. ૧૫ કરોડ ફાળવવામાં આવ્યા છે.
- રાજ્યના સ્થાનિક ઉત્પાદકો દ્વારા વિકસાવવામાં આવેલા કૃષિ

સાધન સનેડોના ઉપયોગને સહાય આપી પ્રોત્સાહિત કરવા રૂ. ૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## બાગાયત

- બાગાયત ખાતાની યોજનાઓ માટે રૂ. ૩૬૯ કરોડ ફાળવવામાં આવ્યા છે. કમલમ્ (ડ્રેગનફ્રૂટ)ના વાવેતર વિસ્તારમાં વધારો થાય તે માટે રૂ. ૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- મધ ક્રાંતિને વેગ આપવા રાજ્યના ૧૦ હજાર ખેડૂતોને મધ ઉત્પાદનમાં જોડવા રૂ. ૧૦ કરોડ ફાળવવામાં આવ્યા છે.
- કૉમ્પ્રિહેન્સિવ હોર્ટિકલ્ચર ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ રૂ. ૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- અમદાવાદ, જામનગર અને ખેડા જિલ્લામાં બાગાયતી પાકોનાં ૩ સેન્ટર ઑફ એક્સેલેન્સ ઊભાં કરવા રૂ. ૭ કરોડ ફાળવવાની જોગવાઈ કરવામાં આવી છે.

## કૃષિ યુનિવર્સિટીઓ

- કૃષિ યુનિવર્સિટીઓ હસ્તક કૃષિ સંશોધન અને શિક્ષણના કાર્યક્રમોને સઘન બનાવવા રૂ. ૭૫૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## પશુપાલન

- ગૌશાળા, પાંજરાપોળો અને ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓને ગૌવંશ નિભાવ તેમજ માળખાકીય સગવડોના વિકાસ માટે મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત રૂ. ૫૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે.
- પશુપાલકોને ટૂંકી મુદતના ધિરાણ પર વ્યાજ રાહત માટે રૂ. ૩૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- ગ્રામ્ય કક્ષાએ સ્વરોજગારી માટે ડેરી ફાર્મ તેમજ પશુ એકમ સ્થાપવા સહાય પૂરી પાડવા રૂ. ૮૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. ફરતાં પશુ દવાખાનાંની સેવાઓ ચાલુ રાખવા તેમજ સઘન બનાવવા માટે રૂ. ૫૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- ગ્રામ્ય વિસ્તારમાં રખડતાં તેમજ નિરાધાર ઢોરના નિભાવ તેમજ વ્યવસ્થા માટે રૂ. ૫૦ કરોડ ફાળવવામાં આવ્યા છે.
- ગાભણ તેમજ વિયાણ બાદનાં પશુઓ માટે ખાણદાણ સહાય યોજના થકી પશુપાલકોને લાભ આપવા માટે રૂ. ૪૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.મુખ્યમંત્રી નિ:શુલ્ક પશુ સારવાર યોજના માટે રૂ. ૨૪ કરોડ ફાળવવામાં આવ્યા છે.
- ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને દૂધ ઘર/ગોડાઉન બાંધકામ માટે રૂ. ૧૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- કરુણા ઍનિમલ ઍમ્બ્યુલન્સ-૧૯૬૨ માટે રૂ. ૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે

## મત્સ્યોદ્યોગ

- મત્સ્યોદ્યોગ પ્રભાગ માટે રૂ. ૮૮૦ કરોડ ફાળવવામાં આવ્યા છે.
- હાલનાં બંદરોના રખરખાવ અને મૂળભૂત સુવિધાઓને સુદૃઢ બનાવવા તથા ચોરવાડ અને ઉમરસાડી ખાતે ફ્લોટિંગ જેટીની સુવિધા પૂરી પાડવા માટે રૂ. ૨૬૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- સાગરખેડુઓને હાઇસ્પીડ ડીઝલ વેટ રાહત યોજના માટે રૂ. ૨૩૦ કરોડ ફાળવવામાં આવ્યા છે.
- પાંચ બારમાસી મત્સ્ય બંદરો નવાબંદર, વેરાવળ-૨, માઢવાડ, પોરબંદર-૨ અને સુત્રાપાડાના વિકાસ તેમજ મત્સ્યોદ્યોગ કેન્દ્રોના નિર્માણની યોજના હેઠળ રૂ. ૨૦૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- સાગરખેડુઓને ટૂંકી મુદતના ધિરાણ પર વ્યાજ સહાય આપવા રૂ. ૭૫ કરોડ ફાળવવામાં આવ્યા છે.
- સાગરખેડુઓને આધુનિક સાધનો, સલામતી અને નફાકારક ઉત્પાદન વધારવા માટેની યોજનાઓ માટે રૂ. ૪૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના માટે રૂ. ૩૦ કરોડ ફાળવવામાં આવ્યા છે.
- આંતરદેશીય મત્સ્યોધોગ સાથે સંકળાયેલા લાભાર્થીઓને સાધનસહાય માટે રૂ. ૨૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- ભાંભરા પાણી મત્સ્યોદ્યોગના વિકાસ માટે જિંગા ઉછેર ફાર્મને માળખાકીય સવલતો પૂરી પાડવા જુદી જુદી યોજનાઓ માટે રૂ. ૫ કરોડ ફાળવવામાં આવ્યા છે.

## સહકાર

- ખેડૂતોને ખરીફ, રવી તેમજ ઉનાળુ પાક માટે વ્યાજ રાહતની યોજના માટે રૂ. ૧૨૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- કૃષિ બજારવ્યવસ્થાના સંચાલન તેમજ સુદૃઢીકરણ માટે રૂ. ૫૦ કરોડ ફાળવવામાં આવ્યા છે.
- ખાંડ સહકારીમંડળીઓને ટૂંકા તેમજ લાંબા ગાળાની વ્યાજ રાહત માટે રૂ. ૧૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- સહકારી ખાંડ મિલોને પુન: કાર્યાન્વિત કરવા લોન પેટે રૂ. ૧૦ કરોડ ફાળવવામાં આવ્યા છે.
- ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓમાં હમાલોને માલસામાનની હેરફેર માટે ટ્રોલી ઉપલબ્ધ કરાવવા માટે રૂ. ૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- એક જમાનો હતો કે જ્યારે ગુજરાતના ખેડૂતો ખાતર માટે કલાકો સુધી લાઇનમાં ઊભા રહેતા હતા છતાં ખાતર એક વખત મેળવવામાં ફાંફાં પડતાં હતાં. આજે છેલ્લા દાયકાથી ગુજરાતમાં રાસાયણિક ખાતરની અછત સર્જાઈ નથી. ખેડૂતો માટે પૂરતા પ્રમાણમાં રાસાયણિક ખાતર ઉપલબ્ધ છે. સુજલામ્ - સુફલામ્ યોજનાથી ઉત્તર ગુજરાત, કચ્છ અને સુરેન્દ્રનગરના ખેડૂતોને સિંચાઈનો લાભ મળી રહ્યો છે .
- આદિવાસી વિસ્તારોમાં લિફ્ટ ઇરિગેશન યોજનાથી સિંચાઈ માટે પાણી પહોંચી રહ્યું છે. ●

# જન-જન સુધી જળ પહોંચાડવાનો નિર્ધાર, આ છે પાણીદાર રાજ્ય સરકાર







પૃથ્વી પર જીવની ઉત્પત્તિ જળમાં થઈ હતી. એટલે, જળ વગરનું જીવન અશક્ય છે. ગુજરાત સરકારે રાજ્યના ખૂણે-ખૂણે વસતા નાગરિકોની પાણીની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને સરદાર સરોવર, સૌની યોજના, સુજલામ્ સુફલામ્ યોજના અને બીજી ઘણી યોજનાઓ અમલી બનાવીને જળસંચય, જળવિતરણ અને જળવ્યવસ્થાપન ક્ષેત્રે ક્રાંતિ સર્જી છે.આ વર્ષના બજેટમાં રાજ્યમાં પાણીની સમસ્યાને દૂર કરવાનો સંનિષ્ઠ પ્રયાસ જોવા મળી રહ્યો છે. સૌરાષ્ટ્ર વિસ્તારમાં 'સૌની યોજના'ના ૧૩૭૧ કિલોમીટર લંબાઈના ૨૪ પૅકેજની કામગીરી પૂર્ણ થઈ છે. જ્યારે ૧૧૫૦ કિલોમીટર પાઈપલાઈનનાં સાત પૅકેજોનાં કામો પ્રગતિ હેઠળ છે. આ કામગીરીથી ૫૩ જળાશયો, ૧૩૦ જેટલાં તળાવો અને ૮૦૦ કરતાં વધુ ચેકડૅમોમાં નર્મદાનાં પાવન નીર વહેવડાવવામાં આવ્યાં છે. રાજકોટ, સુરેન્દ્રનગર, બોટાદ, મોરબી, જામનગર, ભાવનગર જેવાં શહેરોને પીવાનું પાણી પૂરું પાડતાં જળાશયોને નર્મદા યોજનાનાં પાણીથી ભરવા માટે રૂ. ૭૧૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આ યોજનાથી શહેરોની પાણીની સમસ્યાનો મહદ્ અંશે ઉકેલ આવ્યો છે.

કચ્છ વિસ્તારમાં નર્મદાનાં પૂરનાં વધારાનાં એક મિલિયન એકર ફીટ પાણીથી સિંચાઈ સુવિધાઓના આયોજન માટે રૂ. ૪૩૬૯ કરોડની યોજનાને મંજૂરી આપવામાં આવી છે. આ યોજનાના પ્રથમ તબક્કામાં કચ્છ જિલ્લામાં યોજના માટે જોગવાઈ પેટે રૂ. ૨૭૨ કરોડનો ખર્ચ કરવામાં આવશે, આ યોજનાથી છ તાલુકાના અંદાજે ૧.૧૪ લાખ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે. કચ્છમાં આગામી પાંચ વર્ષમાં ૩૫૦ કરોડના ખર્ચે મોટા ચેકડૅમો અને પાણીસંગ્રહ માટેના હાઈડ્રોલિક સ્ટ્રક્ચરો તબક્કાવાર બનાવવાનું આયોજન છે. આ કામગીરી માટે રૂ. ૬૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

સુજલામ્ સુફલામ્ યોજના અંતર્ગત નર્મદા આધારિત રૂ. ૧૬૦૦ કરોડની કસરા-દાંતીવાડા પાઈપલાઈનની કામગીરી થકી પાટણ અને બનાસકાંઠા જિલ્લાના વિસ્તારોને પૂરક સિંચાઈનો લાભ મળશે. આ યોજના માટે બજેટમાં રૂ. ૯૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. બનાસકાંઠા જિલ્લાના થરાદ, લાખણી, ડીસા અને દાંતીવાડા તાલુકાના વિસ્તારોને પૂરક સિંચાઈનો લાભ આપવા પ્રગતિ હેઠળની થરાદથી સીપુ ડેમ સુધીની પાઈપલાઈન માટે રૂ. ૭૦ કરોડ ફાળવવામાં આવ્યા છે.

વાત્રક નદીમાંથી અરવલ્લી જિલ્લાના માલપુર, મેઘરજ અને મોડાસા તાલુકાઓનાં ૭૨ તળાવો થકી સિંચાઈનો લાભ આપવા માટે રૂ. ૧૮૬ કરોડની યોજના અને શામળાજી પાસે આવેલા મેશ્વો જળાશયમાંથી પાણી ઉદ્વહન કરી ભીલોડા તથા મેઘરજ તાલુકાનાં ૩૦ તળાવોથી સિંચાઈનો લાભ આપવા માટે રૂ. ૭૫ કરોડ ફાળવવામા આવ્યા છે. આ બંને યોજના માટે કુલ રૂ. ૪૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

સાબરમતી નદી પર રૂ. ૨૦૦ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવી રહેલા હીરપુરા અને વલાસણા બેરેજ માટે રૂ. ૩૫ કરોડ ખર્ચ કરવામાં આવશે. ધરોઈ બંધ પરિક્ષેત્રને વિશ્વકક્ષાના પ્રવાસન સ્થળ અને યાત્રાધામ તરીકે વિકસાવવા રૂ. ૨૦૦ કરોડના આયોજન હેઠળ બેરેજ બનાવવા માટે રૂ. ૩૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

અમદાવાદ જિલ્લાના નળકાંઠા વિસ્તારના સાણંદ, બાવળા અને વિરમગામ તાલુકાનાં સિંચાઈ સુવિધાથી વંચિત રહેલાં ગામોને સિંચાઈનો લાભ આપવા માટે રૂ. ૨૫ કરોડની બજેટમાં ફાળવણી કરવામાં આવી છે તો ખોરસમ - માતપુર - ડીંડરોલ પાઈપલાઈનને લંબાવી મુક્તેશ્વર જળાશયમાં નર્મદાનાં પૂરનાં વધારાનાં પાણી પહોંચાડવાની કામગીરી માટે રૂ. ૧૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં સિંચાઈ સુવિધા અને રિચાર્જિંગ માટે રૂ. ૩૦૮ કરોડની પોઈચા વિયરની કામગીરી માટે રૂ. ૧૫ કરોડ ફાળવવામાં આવ્યા છે. કડાણા નહેર આધારિત પાઈપલાઈન દ્વારા કડાણા, સંતરામપુર અને લુણાવાડા તાલુકાનાં વિવિધ તળાવો ભરવાની યોજનાનાં કામો માટે રૂ. ૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

સુરત જિલ્લાના ઉમરાપાડા તથા નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકાનાં કુલ ૭૩ ગામોમાં સિંચાઈ સુવિધાનો લાભ આપવા માટે પ્રગતિ હેઠળની રૂ. ૭૧૧ કરોડની તાપી-કરજણ લિંક પાઈપલાઈન યોજનાનાં કામો માટે રૂ. ૧૬૧ કરોડ ફાળવવામાં આવ્યા છે. દક્ષિણ ગુજરાતમાં પાર, નાર, તાન, અંબિકા, દમણગંગા વગેરે નદીઓ ઉપર મોટા ચેકડૅમો/બેરેજો/વિયર રૂ. ૫૦૦ કરોડના ખર્ચે આગામી પાંચ વર્ષમાં તબક્કાવાર બનાવવાનું આયોજન છે. આ કામગીરી માટે જોગવાઈ પેટે રૂ. ૯૪ કરોડની ફાળવણી કરવામાં આવી છે. હાથ ધરાયેલા ઉદ્વહન સિંચાઈયોજનાઓ સોનગઢ-ઉચ્છલ-નિજર, કાકરાપાર-ગોરધા-વડ, કરજણ જળાશય આધારિત પાઈપલાઈનો પૂર્ણ કરી સિંચાઈ વિતરણ વ્યવસ્થા માટે બજેટમાં રૂ. ૧૯૫ કરોડ ફાળવવામાં આવ્યા છે.

પંચમહાલ જિલ્લામાં પાનમ ઉચ્ચ સ્તરીય કેનાલ/જળાશય

આધારિત સિંચાઈ સુવિધા આપવા માટે રૂ. ૪૫૨ કરોડની કામગીરી માટે રૂ. ૧૬૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. કડાણા-દાહોદ પાઈપલાઈનનું વિસ્તૃતીકરણ કરી સિંચાઈ સુવિધામાં વધારો કરવા માટે રૂ. ૨૨૬ કરોડની યોજના માટે બજેટમાં રૂ. ૭૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાનાં જુદાં જુદાં ૧૧ ગામોના આશરે ૧૬૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઈ સુવિધા આપવા માટે રૂ. ૮૪ કરોડની યોજના માટે રૂ. ૨૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે. નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાનાં ગામોને સિંચાઈનો લાભ આપવા, બીલીમોરા નગરપાલિકા અને આજુબાજુનાં ગામોને પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવા, દરિયાઈ ખારાશ આગળ વધતી અટકાવવા તેમજ ભૂગર્ભ જળ રિચાર્જ કરવા રૂ. ૨૫૦ કરોડની વાઘરેજ રિચાર્જ યોજનાનું આયોજન કરવામાં આવ્યું છે.

## ભાડભૂત બેરેજ

નર્મદા નદી ઉપર રૂ. ૫૩૨૨ કરોડના ખર્ચે મીઠા પાણીનું સરોવર બનાવવાની મહત્ત્વાકાંક્ષી ભાડભૂત બેરેજ યોજનાનું કામ પ્રગતિ હેઠળ છે. આ યોજના માટે બજેટમાં રૂ. ૧૨૪૦ કરોડની માતબર રકમ ફાળવાઈ છે.

## નર્મદા યોજના

રાજ્યની જીવાદોરી સમાન નર્મદા નદી પર બનાવવામાં આવેલા સરદાર સરોવર બંધનું કાર્ય વર્ષ ૨૦૧૭માં પૂર્ણ થયુ છે. આ યોજનાના પાણીનો સિંચાઈ, જળવિદ્યુત ઉત્પાદન, પીવાના પાણી અને ઔદ્યોગિક વપરાશ માટે ઉપયોગ કરવામાં આવે છે. આગામી વર્ષે કચ્છ બ્રાન્ચ કૅનાલ અને તેના આનુષંગિક નેટવર્કનું કામ પૂર્ણ કરી માંડવી તાલુકા સુધી નર્મદાનાં નીર પહોંચાડવાનું આયોજન કરવામાં આવ્યું છે. તદુપરાંત ઉત્તર ગુજરાતમાં નર્મદા યોજનાની હયાત કૅનાલોના સુદૃઢીકરણ અને સૌરાષ્ટ્રમાં મિસિંગ લિંક પૂર્ણ કરવા માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ યોજના માટે રૂ. ૬૦૯૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.



## સૂક્ષ્મ સિંચાઈ

ગુજરાતે સૂક્ષ્મ સિંચાઈના ક્ષેત્રે પહેલ કરી નોંધપાત્ર પ્રગતિ કરી છે. આ પદ્ધતિથી પાણીના કરકસરભર્યા વપરાશ સાથે વધુ ઉત્પાદન મેળવી શકાય છે. છેલ્લા બે દશકમાં અંદાજે ૨૧ લાખ હેક્ટર વિસ્તારમાં સૂક્ષ્મ પિયત પદ્ધતિ પ્રસ્થાપિત કરી ૧૩ લાખ ખેડૂતોને લાભ આપવામાં આવ્યો છે. આગામી વર્ષમાં વધુ ૧ લાખ હેક્ટરમાં આ યોજનાનો વ્યાપ વધારવા માટે રૂ. ૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## પાણીપુરવઠા પ્રભાગ માટે રૂ. ૫૪૫૧ કરોડ

ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં સલામત અને પર્યાપ્ત પીવાનું પાણી આપવા રાજ્યવ્યાપી પાણીપુરવઠા ગ્રીડનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેનાથી ૨૩૮ શહેરો અને ૧૪ હજારથી વધુ ગામોને જોડવામાં આવ્યાં છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમલમાં મૂકેલી નલ સે જલ યોજના દ્વારા ૯૩ ટકાથી વધુ ઘરોમાં નળજોડાણની સિદ્ધિ મેળવી છે. આવનારા સમયમાં બાકી રહેલાં ઘરોને પીવાનું પાણી પહોંચાડી ૧૦૦ ટકાની સિદ્ધિ મેળવવા સરકાર કૃતસંકલ્પ છે.જલજીવન મિશન અંતર્ગત હર ઘર જલ યોજના દ્વારા દરેક ઘરને પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડવા કેન્દ્ર સરકારના રૂ. ૨૫૦૦ કરોડ અને રાજ્ય સરકારના રૂ. ૩૦૪૦ કરોડ સહિત કુલ રૂ. ૫૫૪૦ કરોડનું આયોજન કરવામાં આવ્યું છે. આદિજાતિ વિસ્તારના ૬૬૨૭ ગામ-ફળિયાને પીવાના પાણીની સુવિધા આપવા પ્રગતિ હેઠળની રૂ. ૬૬૫૩ કરોડની જૂથ પાણીપુરવઠા યોજના હેઠળનાં ૧૨૩ કામો માટે રૂ. ૭૦૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર વિસ્તારમાં પીવાના પાણીની વ્યવસ્થા સુદૃઢ કરવા નાવડા-બોટાદ-ગઢડા-ચાવંડ અને બુધેલથી બોરડા સુધીની ૧૪૩ કિલોમીટર બલ્ક પાઈપલાઈનના અંદાજિત રૂ. ૧૦૨૦ કરોડનાં કામો પ્રગતિ હેઠળ છે, જે માટે રૂ. ૩૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ભાવનગર, ગીર-સોમનાથ, અમરેલી, બોટાદ, જૂનાગઢ, રાજકોટ અને પોરબંદર જિલ્લાઓને પાણી પૂરું પાડવા ઢાંકીથી નાવડા સુધીની ૯૭ કિલોમીટર ૫૦૦ એમ.એલ.ડી. ક્ષમતાની નવી બલ્ક પાઈપલાઈનનું આયોજન કર્યું છે, જેની અંદાજિત કિંમત રૂ. ૧૦૪૪ કરોડ છે, જેનાથી આ યોજનામાં સમાવિષ્ટ જિલ્લાઓ માટે ૫૦ કરોડ લિટર પાણીનો વધારાનો જથ્થો ઉપલબ્ધ થશે. આ કામ માટે જોગવાઈ રૂ. ૫૦૦ કરોડ કરવામાં આવી છે.

સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાનાં છેવાડાનાં ગામોમાં જળ સલામતી પ્રદાન કરવા માટે ચાર જુદી જુદી જગ્યાએ ૨૭ કરોડ લિટર (૨૭૦ એમ.એલ.ડી.) ક્ષમતાના ડિસેલિનેશન પ્લાન્ટ સ્થાપવાનાં કામો માટે રૂ. ૪૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રિયુઝ ઑફ ટ્રીટેડ વેસ્ટ વૉટરનીતિ અંતર્ગત શહેરી વિસ્તારોના સુએઝ વૉટરને ટ્રીટ કરી તેના પુન: ઉપયોગ માટે રૂ. ૧૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. ●

# સર્વે સન્તુ નિરામયાઃ ઉક્તિને સાર્થક કરતું આરોગ્યલક્ષી અંદાજપત્ર





અંદાજપત્ર પરથી કોઈ પણ શાસકની કાર્યપદ્ધતિ અને કયા ક્ષેત્રને પ્રાધાન્ય આપવામાં આવે છે તેનો અંદાજો આવી જાય છે. આ વર્ષે અંદાજપત્રમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે કુલ રૂ. ૧૨,૨૪૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે, જે દર્શાવે છે કે સૌની દરકાર રાખી રહી છે આ સરકાર. ગુજરાતના અંતરિયાળ વિસ્તારમાં પણ આજે સરકારી દવાખાનાં છે. આંગણવાડીઓ છે. માતા અને બાળકોના પોષણ માટે અનેક યોજનાઓ કાર્યરત છે, તો વળી તેમના સ્વાસ્થ્ય સંદર્ભે પણ અનેક યોજનાઓ અમલી બનાવવામાં આવી છે. દરેક પ્રકારની સારવાર દરેકને ઉપલબ્ધ થાય તેવી રીતે યોજનાઓ ઘડીને તેનું સુચારુ અમલીકરણ પણ થઈ રહ્યું છે, ગુજરાતમાં આરોગ્ય સેવાઓની નોંધ રાષ્ટ્ર સ્તરે લેવાઈ રહી છે.

સામાજિક અને આર્થિક વિકાસ, તેમજ સ્વસ્થ અને સુખી વ્યક્તિ માટે, આરોગ્ય એક પ્રાથમિક જરૂરિયાત છે. પ્રાથમિક સેવાઓથી માંડી ગંભીર રોગોના કિસ્સામાં લોકોને સહેલાઈથી ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ મળી રહે તે સરકારની પ્રાથમિકતા સ્પષ્ટ થાય છે. અંદાજપત્રમાં કરવામાં આવેલી આરોગ્યલક્ષી જોગવાઈથી આ હકીકતને પુષ્ટિ મળે છે.



## જાહેર આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી સેવાઓ

કિશોરીઓ તેમજ મહિલાઓને માસિકધર્મ અંગે જાગૃતિ લાવવા અને સૅનિટરી પૅડ વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવા રૂ. ૪૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

- સગર્ભા માતાઓ અને બાળકોને પોષણ સહાય આપવા પ્રધાનમંત્રી માતૃવંદના યોજના માટે રૂ. ૧૫૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. બાળકોને સઘન પોષણ આપવા બાલ-અમૃત પોષણ યોજના હેઠળ રૂ. ૨૦ કરોડની અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવી છે.
- શહેરી ક્ષેત્રોમાં આરોગ્ય સેવાઓ વધારે સુદૃઢ કરવા સી.એચ.સી. અને પી.એચ.સી. શરૂ કરવામાં આવ્યા છે. આ વિસ્તારોમાં આયોજન મુજબ બાકી રહેતી તમામ સી.એચ.સી અને પી.એચ.સી શરૂ કરવામાં આવશે. વધુમાં આ કેન્દ્રો પર આરોગ્ય કર્મીઓની ૧૨૩૮ નવી જગ્યાઓ ઊભી કરવામાં આવશે, જે માટે રૂ. ૧૬ કરોડની ફાળવણી કરવામાં આવી છે.
- પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના - મુખ્યમંત્રી અમૃતમ (મા)યોજનામાં રાજ્યના ૮૦ લાખ કરતાં વધુ કુટુંબોને રૂ. ૫ લાખ સુધીની મફત તબીબી સારવાર માટે આવરી લેવાયાં છે. આ યોજના માટે અંદાજપત્રમાં રૂ. ૧૫૫૬ કરોડ ફાળવવામાં આવ્યા છે.

૧૫મા નાણાપંચ અંતર્ગત આરોગ્ય કેન્દ્રોની માળખાકીય સગવડોના વિકાસ માટે આગામી પાંચ વર્ષમાં રૂ. ૩૩૪૧ કરોડનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી વર્ષ માટે રૂ. ૬૨૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

- ઍમ્બ્યુલન્સ સેવાઓનો વ્યાપ વધારવા નવી ૧૦૦ ઍમ્બ્યુલન્સ વાન અને ૧૦ મોબાઇલ સંજીવની વાન પૂરી પાડવા માટે રૂ. ૨૨ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

## તબીબી શિક્ષણ અને સંશોધન

તબીબી શિક્ષણનો વ્યાપ વધારી વધુ ડૉક્ટર્સ ઉપલબ્ધ થાય તે માટે રાજ્યમાં ૩૧ મેડિકલ કૉલેજ કાર્યરત છે, જેમાં ૫૭૦૦ એમ.બી.બી.એસ.ની અને ૨૦૦૦ પી.જી. ની સીટો ઉપલબ્ધ છે. હાલ બીજી ૫ મેડિકલ કૉલેજો શરૂ કરવાનું કાર્ય પ્રગતિ હેઠળ છે. આ ઉપરાંત બોટાદ, જામખંભાળિયા અને વેરાવળ ખાતે નવી મેડિકલ કૉલેજો શરૂ કરવામાં આવશે.

- નાગરિકોને ઉચ્ચ કક્ષાની આરોગ્યલક્ષી સેવાઓ આપવાના માસ્ટરપ્લાન પ્રોજેક્ટ અંતર્ગત અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, જામનગર તથા ભાવનગરની સરકારી મેડિકલ કૉલેજોમાં અદ્યતન સુવિધાઓ વિકસાવવા તેમજ આધુનિકીકરણ માટે રૂ. ૧૦૬ કરોડની ફાળવણી કરવામાં આવી છે.
- દર્દીઓને તમામ સુવિધાઓ મળી રહે તે માટે વડોદરાની એસ.એસ.જી. હૉસ્પિટલનું આધુનિકીકરણ કરી તેમાં સ્પાઇન, કિડની અને આંખોના રોગોની ઘનિષ્ઠ સારવાર માટે રૂ. ૨૦૦ કરોડના આયોજન પૈકી રૂ. ૩૦ કરોડ ફાળવવામાં આવ્યા છે.
- દર્દીઓને હૃદયરોગ સંબંધિત બીમારીઓની સારવાર અર્થે અનસૂયા

ગ્રાઉન્ડ, વડોદરા ખાતે અત્યાધુનિક કાર્ડિયેક કૅથ લેબ અને હોસ્પિટલની સ્થાપના કરવા માટે રૂ. ૧૫૦ કરોડના આયોજન પૈકી રૂ. ૨૩ કરોડની અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવી છે.

- સિવિલ હૉસ્પિટલ, અમદાવાદમાં ૯૦૦ બેડની સુવિધા સાથે નવીનીકરણ માટે રૂ. ૪૫૦ કરોડના આયોજન પૈકી રૂ. ૬૮ કરોડની ફાળવણી કરવામાં આવી છે.
- સુરત સિવિલ હૉસ્પિટલમાં નવા ઓપીડી બિલ્ડિંગ તેમજ હયાત સુવિધાઓના વિસ્તૃતીકરણ માટે રૂ. ૧૫૦ કરોડના આયોજન પૈકી રૂ. ૨૩ કરોડની ફાળવણી કરવામાં આવી છે.
- પાંચ સામૂહિક આરોગ્ય કેન્દ્રોને પેટાજિલ્લાકક્ષાની હૉસ્પિટલમાં અપગ્રેડ કરવા રૂ. ૧૦૦ કરોડના આયોજન પૈકી રૂ. ૧૦ કરોડની અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવી છે.
- મેડિકલ કોલેજોના વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ સહાય માટે રૂ. ૫૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.
- પીડીયુ હૉસ્પિટલ, રાજકોટ ખાતે ૫૦૦ પથારીની ક્ષમતા ધરાવતી મેટરનિટી અને ચાઇલ્ડ હૉસ્પિટલના બાંધકામ માટે રૂ. ૧૪ કરોડની અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવી છે.
- તબીબી શિક્ષણ અને સંશોધન માટે મેડિકલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવશે.

### આયુર્વેદ અને અન્ય સેવાઓ

- સુરેન્દ્રનગર ખાતે આયુર્વેદ કૉલેજ શરૂ કરવાનું આયોજન છે, જેના માટે રૂ. ૧૨ કરોડની ફાળવણી કરવામાં આવી છે.
- કામદાર રાજ્ય વીમા યોજનાનાં દવાખાનાંઓમાં નોંધાયેલ ન હોય તેવા લોકો પણ હવે આરોગ્ય સુવિધા સાથે સરકારી હૉસ્પિટલના ધોરણે નિ:શુલ્ક દવાઓ મેળવી શકે તે માટે રૂ. ૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

ગુજરાત સરકારે ગરીબો, પીડિતો, શોષિતો, ગામડાંના લોકો અને રાજ્યના જન જનને ગુણવત્તાસભર આરોગ્ય સુવિધા મળે તે માટે જ્યાં દવાખાનાં નહોતાં ત્યાં દવાખાનાં શરૂ કર્યાં. જ્યાં દવા નહોતી ત્યાં દવા પહોંચાડી. જ્યાં આરોગ્યલક્ષી સાધનો નહોતાં ત્યાં સાધનો પહોંચાડ્યાં. દવા, ડૉક્ટર, સેવાશુશ્રૂષા બધું જ. **सर्वे भवन्तु सुखिनः। सर्वे सन्तु निरामयाः।** શ્લોકમાં ઉલ્લેખ થયા મુજબ આપણા ભારતની વૈદિક યુગની ઉત્તમ વિચારધારાને વરેલી ગુજરાત સરકાર સૌના સ્વાસ્થ્ય અને કલ્યાણ માટે સદૈવ કાર્યરત છે તેની પ્રતીતિ જન - જનને થઈ રહી છે. ●

## અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનાં વિભાગની જોગવાઇમાં ૨૪ ટકા જેટલો વધારો





ગત વર્ષની સરખામણીએ બજેટમાં આ વર્ષે અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની જોગવાઈમાં ૨૪ ટકા જેટલો માતબર વધારો કરવામાં આવ્યો છે. જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત એન.એફ.એસ.એ. પરીવારોને અન્ન વિતરણ કરવા રૂ. ૬૨૧ કરોડ, જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત એન.એફ.એસ.એ. હેઠળ નોંધાયેલા પરિવારોના ભોજનમાં પ્રોટીનનું પ્રમાણ વધારવા તુવેરદાળ વિતરણ કરવાની યોજના સરકારે શરૂ કરી છે. તુવેરદાળ પર પ્રતિ કિલો રૂ. ૨૦ ની સહાય આપવામાં આવતી હતી જેના કારણે બજારભાવમાં થતા વધારાને કારણે લાભાર્થીને મળનાર ભાવમાં ફેરફાર જોવા મળતો હતો. સબસિડીની રકમ રૂ. ૪૦થી વધારીને આ યોજના હેઠળ રૂ. ૫૦ પ્રતિ કિલોના ફિક્સ ભાવે તુવેરદાળ પૂરી પાડવાનું નક્કી કરવામાં આવ્યું છે. વધારાની સબસીડી સાથે આ યોજના માટે રૂ. ૨૨૫ કરોડ, જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત એન.એફ.એસ.એ. પરિવારોને ખાદ્યતેલ વિતરણ કરવા માટે રૂ. ૯૮ કરોડ, તંદુરસ્તી માટે સૂક્ષ્મ પોષક તત્ત્વોનો સમાવેશ રોજિંદા ભોજનમાં થાય તે જરૂરી છે.

રાજ્યમાં હાલમાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ સીંગલ ફોર્ટીફાઇડ આયોડીનયુક્ત મીઠું આપવામાં આવે છે. હવે આયોડીન ઉપરાંત આયર્ન ફોર્ટીફિકેશન કરવામાં આવેલ ડબલ ફોર્ટીફાઈડ મીઠું તમામ ૭૦ લાખ એન.એફ.એસ.એ. પરિવારોને દર માસે ફક્ત રૂ. ૧ પ્રતિ કિલોના ભાવે આપવામાં આવશે જે માટે રૂ. ૭૬ કરોડ, ૫૦ વિકાસશીલ તાલુકામાં આવેલ એન.એફ.એસ.એ લાભાર્થીઓના ભોજનમાં કઠોળનો વપરાશ વધારવા માટે દરમાસે કુટુંબદીઠ તુવેરદાળ ઉપરાંત એક કિલો ચણાનું વિતરણ રૂ. ૩૦ પ્રતિ કિલોના ફિક્સ ભાવે કરવા માટે રૂ. ૫૦ કરોડ, ગ્રાહક સુરક્ષાની પ્રવૃત્તિઓ માટે રૂ. ૨૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ●



# મહિલા સશક્તીકરણની દિશામાં મક્કમ ડગ



નારી માટે વનિતા, મહિલા, સ્ત્રી વગેરે પર્યાયવાચી શબ્દો ઉપયોગમાં લેવાય છે, પરંતુ વાત જ્યારે ગુજરાતની આવે તો સશક્તીકરણ જાણે કે મહિલાનો પર્યાયવાચી શબ્દ બની ગયો છે. મહિલાઓ તેમના સશક્તીકરણ માટે, અધિકારો માટે જાગૃત થાય તે સમયની માગ છે. આ બાબતને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકાર દ્વારા મહિલાઓ અને આવતીકાલનાં ભવિષ્ય એવાં બાળકો માટે વિવિધ યોજનાઓના માધ્યમથી કાર્ય કરી રહી છે. આની સાથોસાથ વર્ષ ૨૦૧૪-૧૫થી 'જેન્ડર બજેટ' તૈયાર કરવામાં આવે છે. જેન્ડર બજેટ એ મહિલાઓને વિકાસનાં તમામ ક્ષેત્રે મુખ્ય પ્રવાહમાં લાવવા માટે રાજ્ય સરકારના વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવતી મહિલાલક્ષી નાણાકીય ફાળવણી છે. આપણે જાણીએ છીએ કે, દરેક સભ્ય સમાજમાં મહિલાઓનું સ્થાન મહત્ત્વનું છે. આર્યસમાજના સંસ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતીજીએ મહિલાઓને શિક્ષિત કરવા પર ભાર મૂકતાં જણાવ્યું હતું કે, સ્ત્રીઓને શિક્ષિત અને સુસંસ્કૃત કરવાથી દેશની સાચી અને સંપૂર્ણ ઉન્નતિ શક્ય બનશે ત્યારે સમાજમાં સંખ્યાબળની દૃષ્ટિએ પણ સમાન દર ધરાવતા મહિલાઓના વિકાસ માટે રાજ્ય સરકારે વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે.

આ વર્ષના બજેટમાં મહિલા અને બાળવિકાસ વિભાગ માટે કુલ રૂ. ૪૯૭૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

મહિલાઓ અને બાળકોના આરોગ્ય અને પોષણની જરૂરિયાતને ધ્યાને રાખીને સરકારે આંગણવાડી તેમજ અન્ય પાયાને સ્પર્શતી યોજનાઓ અમલમાં મૂકી છે. આ યોજનાઓ દ્વારા તેમના જીવનચક્રના બધા જ તબક્કાઓ ઉપર ભાર મૂકી સંતુલિત, શારીરિક અને માનસિક વિકાસ સુનિશ્ચિત કરવાની સરકારની નેમ છે. આ વર્ગની મહત્તા જોતાં, ગત વર્ષની સરખામણીએ વિભાગની જોગવાઈમાં ૪૨ ટકા જેટલો ધરખમ વધારો કરવામાં આવ્યો છે.



મહિલાઓ તેમજ બાળકો સમાજના આધારસ્તંભ છે. આજની કિશોરીઓ આવતી કાલની માતાઓ છે. જીવનચક્રના દરેક તબક્કે મહિલાઓના આરોગ્ય તેમજ પોષણની કાળજી તંદુરસ્ત ભાવિ પેઢી માટે જરૂરી છે. મહિલાની સગર્ભાવસ્થાથી બાળક બે વર્ષનું થાય ત્યાં સુધીનો સમય સગર્ભા તેમજ ધાત્રી માતાઓ અને બાળકોના સ્વાસ્થ્ય માટે સ્વર્ણિમ સમય ગણાય છે, જેથી કિશોરીઓ, સગર્ભા અને ધાત્રી માતાઓના આરોગ્ય તેમજ પોષણને સુદૃઢ કરવા સરકારે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવાનો નિર્ણય કર્યો છે. તેમના આહારમાં અન્ન સાથે પ્રોટીન, ફૅટ તેમજ માઇક્રો-ન્યુટ્રિયેન્ટ પણ ઉપલબ્ધ થાય તે માટે આવતાં પાંચ વર્ષમાં રૂ. ૪ હજાર કરોડના ખર્ચે અમલી થનાર સુપોષિત માતા-સ્વસ્થ બાળ યોજના દ્વારા સગર્ભા અને ધાત્રી માતાઓને ૧૦૦૦ દિવસ સુધી વિનામૂલ્યે એક કિલો તુવેરદાળ, બે કિલો ચણા અને એક લિટર ખાદ્ય તેલ દર મહિને આપવામાં આવશે. હવે કરીએ ગુલાબી બજેટ ઉપર એક નજર...

- સગર્ભા અને ધાત્રી માતા તથા બાળકને પોષણક્ષમ આહાર મળી રહે તે માટે સુપોષિત માતા-સ્વસ્થ બાળ યોજના હેઠળ કુટુંબને ૧ હજાર દિવસ સુધી દર મહિને ૧ કિલો તુવેરદાળ, ૨ કિલો ચણા અને ૧ લિટર ખાદ્ય તેલ વિનામૂલ્યે આપવા માટે આગામી વર્ષ માટે રૂ. ૮૧૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- આંગણવાડી કાર્યક્રમમાં બાળકોના પોષણ, પૂર્વ શિક્ષણ અને અન્ય સવલતો માટે રૂ. ૧૧૫૩ કરોડની અંદાજપત્રમાં ફાળવણી કરવામાં આવી છે.
- ૩થી ૬ વર્ષનાં બાળકોને ઘરે ઘરે સુખડીનું વિતરણ કરવા તથા બાળકો, કિશોરીઓ અને સગર્ભા-ધાત્રી માતાઓને ટેક હોમ રેશન પૂરુ પાડવા રૂ. ૧૦૫૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- ગંગાસ્વરૂપા બહેનોને મદદરૂપ થવા સરકારે આર્થિક સહાય આપવા માટેનાં ધોરણો ઉદાર કર્યાં છે, જેથી ત્રણ વર્ષમાં આ યોજના હેઠળ બહેનોની સંખ્યા ૧.૫ લાખથી વધી આજે ૧૧ લાખ સુધી પહોંચી છે. આ યોજના અંતર્ગત સહાય આપવા રૂ. ૯૧૭ કરોડની અંદાજપત્રમાં ફાળવણી કરવામાં આવી છે.
- ૧૧થી ૧૮ વર્ષની કિશોરીઓ માટે પૂરક પોષણ અને આરોગ્યલક્ષી શિક્ષણ આપતી પૂર્ણા યોજના માટે રૂ. ૩૬૫ કરોડ ફાળવવામાં આવ્યા છે.
- આદિજાતિ વિસ્તારના ૧૦ તાલુકાઓમાં સગર્ભા માતાઓને

પૂરક પોષણ આપતી પોષણ સુધા યોજના અમલમાં છે. આ યોજનાનો વ્યાપ વધારી આદિજાતિ વસ્તીનું બાહુલ્ય ધરાવતા ૭૨ તાલુકામાં આ યોજના વિસ્તારવાની અને પ્રતિ વ્યક્તિ થતા ખર્ચમાં ૫૦ ટકા જેટલા વધારા સાથે રૂ. ૧૧૮ કરોડની અંદાજપત્રમાં ફાળવણી કરવામાં આવી છે.

- વહાલી દીકરી યોજના અંતર્ગત ૧ લાખ જેટલી દીકરીઓને જીવનના વિવિધ તબક્કે રૂ. ૧ લાખ સુધીની નાણાકીય સહાય આપવા માટે એલ.આઇ.સી.ને પ્રીમિયમ આપવા માટે રૂ. ૮૦ કરોડ ફાળવવામાં આવ્યા છે.
- ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં નંદઘર બાંધકામ અને અન્ય માળખાકીય સુવિધાઓ માટે રૂ. ૩૧ કરોડની અંદાજપત્રમાં ફાળવણી કરવામાં આવી છે.

સમાજમાં અડધોઅડધ સંખ્યા ધરાવતી નારીશક્તિ આજે આર્થિક પ્રવૃતિમાં નિર્ણાયક સામર્થ્ય પુરવાર કરી વિકાસમાં સક્રિય ભાગીદાર બની છે અને પોતાના માટે જાગૃત બની છે. અંદાજપત્ર પરથી કહી શકાય કે ગુજરાત સરકારે મહિલાઓના વિકાસની વિશેષ ચિંતા અને ચિંતન કરી નારીશક્તિ અને તેમના સામર્થ્યને વિકાસમાં જોડી એક નૂતન કેડી કંડારી છે. ●

## રાજ્યના યુવાઓને કૌશલ્યવાન બનાવવાનો નિર્ધાર



આગામી વર્ષમાં ૫ લાખ યુવાનોને કૌશલ્યબદ્ધ કરવાનો નિર્ણય, કૌશલ્યયુક્ત શિક્ષણના વિકાસ માટે કૌશલ્યા-ધ સ્કિલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે. કૌશલ્ય વિકાસ માટે નવા કમિશનરેટની સ્થાપના કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે. યુવાનોનું ઉદ્યોગો તેમજ બીજાં ક્ષેત્રોની જરૂરિયાત મુજબનું કૌશલ્યવર્ધન થાય તે માટે ૫૧ નવા ભવિષ્યલક્ષી કોર્સ દ્વારા ૫૦ હજાર તાલીમાર્થીઓને તાલીમ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. હાલના ૫૦ અને નવા ૫૧ કોર્સ મળી ૧૦૧ કોર્સ મારફત તાલીમ આપવા માટે રૂ. ૫૨૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાત સ્કિલ ડેવલપમેન્ટ મિશન અંતર્ગત ૫૦ હજાર યુવાનોને રોજગારલક્ષી તાલીમ આપવા માટે રૂ. ૧૫૦ કરોડ, મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજના અંતર્ગત ૧ લાખ જેટલા યુવાનોને તાલીમબદ્ધ કરવા માટે રૂ. ૫૨ કરોડ, કૌશલ્યા-ધ સ્કિલ યુનિવર્સિટીના બાંધકામ તથા આનુષંગિક સવલતો માટે રૂ. ૪૩ કરોડ, ગુજરાત એપેક્સ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટની સ્થાપના કરી સુપરવાઇઝર ઈન્સ્ટ્રક્ટરને ટ્રેનિંગ ઑફ ટ્રેઈનરના માધ્યમથી તાલીમબદ્ધ કરવા રૂ. ૩૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ●

## વર્લ્ડ બેસ્ટ ઇન્ફ્રાસ્ટ્રકચરથી વિકાસના માર્ગે અગ્રેસર ગુજરાત



૨૦૧ કિલોમીટરના અમદાવાદ-બગોદરા-રાજકોટ હાઈવેને રૂ. ૩૩૫૦ કરોડના ખર્ચે છ-માર્ગીય કરવાની કામગીરી કરવામાં આવશે. મહાનગરો, બંદરો, ઔદ્યોગિક વિસ્તારો, પ્રવાસન તથા યાત્રાધામોને જોડતા ૮૩૦ કિલોમીટરના ૪૯ રસ્તાઓના અનુભાગોને ફોર-લેન બનાવવાની રૂ. ૨૮૦૧ કરોડની કામગીરી કરવાનું બજેટમાં જણાવાયું છે. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત ૧૭૫૦ કિલોમીટર અને મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત ૪૫૦૦ કિલોમીટર લંબાઈના ગ્રામ્ય રસ્તાઓ અને ૨૦૦ જેટલા પુલો માટે રૂ. ૨૨૦૮ કરોડ અને ૭૯ રસ્તાના અનુભાગોની ૧૨૫૩ કિલોમીટર લંબાઈને ૭ કે ૧૦ મીટર પહોળા કરવા માટે રૂ. ૧૫૩૭ કરોડ, સરખેજ-ગાંધીનગર હાઈવેને રૂ. ૯૧૩ કરોડના ખર્ચે છ-માર્ગીય કરવાની કામગીરી પૂર્ણતાના આરે છે. વિશ્વબૅન્ક સહાયિત યોજના અંતર્ગત મહેસાણા-પાલનપુર રાજ્ય ધોરી માર્ગની ફ્લાયઓવર સહિત છ-માર્ગીયકરણની રૂ. ૫૭૦ કરોડની કામગીરી, ગાંધીનગર-કોબા-હાંસોલ રોડ (ઍરપોર્ટ રોડ) પર રાજસ્થાન સર્કલ પર રૂ. ૧૩૬ કરોડના ખર્ચે એક્સ્ટ્રા ડોઝ કેબલ સ્ટેડ બ્રિજ તેમજ રક્ષા શક્તિ સર્કલ પર રૂ. ૫૦ કરોડના ખર્ચે ફ્લાયઓવરબ્રિજનાં કામો કરવામાં આવશે.

ડેડિકેટેડ ફ્રેઇટ કોરીડોર ઉપર આવતા તેમજ અન્ય રેલવે ક્રોસિંગો ઉપર રૂ. ૪૧૦૦ કરોડના ખર્ચે ૭૮ રેલવે ઓવરબ્રિજની કામગીરી, રાજ્યમાં ૧ લાખ કરતાં વધારે ટી.વી.યુ. ધરાવતાં રેલવે ક્રોસિંગ ઉપર રૂ. ૫ હજાર કરોડના ખર્ચે ૧૦૦ ઓવરબ્રિજની કામગીરી. પી.એમ. ગતિશક્તિ અંતર્ગત મહત્ત્વના પ્રોજેક્ટ અમદાવાદ-મુંબઇ બુલેટ ટ્રેનના ઇક્વિટી ફાળા માટે રૂ. ૧૮૭૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. બગોદરા-તારાપુર-વાસદ રસ્તાની ૧૦૧ કિલોમીટરની લંબાઇને રૂ.૧૬૫૪ કરોડના ખર્ચે છ-માર્ગીકરણની કામગીરી પૂર્ણતાના આરે છે. વઘઈ-સાપુતારા રસ્તાની ૪૦ કિલોમીટર લંબાઈને અંદાજિત રૂ. ૧૨૦૦ કરોડના ખર્ચે ચાર-માર્ગીય કરવાનું આયોજન કરાયું છે. ●



# રાજ્યની શાળાઓમાં દસ હજાર ઓરડાઓનું નિર્માણ કરાશે





સમગ્ર ભારતવર્ષની સંસ્કૃતિ અને સંસ્કારમાં જ્ઞાનઉપાસનાનું અનન્ય મહત્ત્વ છે. અનેકાનેક વર્ષોથી આપણે શિક્ષણ-સંસ્કાર અને કેળવણીને પ્રાધાન્ય આપતાં આવ્યા છીએ. ગુજરાત સરકાર પણ માળખાગત તેમજ ગુણવત્તાલક્ષી પ્રયોગો દ્વારા શૈક્ષણિક સ્તરને ઉચ્ચ કક્ષાએ લઈ જવા સંપૂર્ણ કટિબદ્ધ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં ગુજરાત સરકાર પણ કેન્દ્ર સરકારની રાષ્ટ્રીય શિક્ષણનીતિને અનુસરી બાળકો અને યુવાનોના સશક્તીકરણ, સંશોધન, સર્જનાત્મકતા, કૌશલ્યનિર્માણ તેમજ રોજગારીને પ્રાથમિકતા આપી રહી છે. વર્તમાન બજેટમાં ગુજરાત સરકારે માત્ર બાળકો, યુવાઓના શિક્ષણની સાથે કેળવણીકાર, શિક્ષકો તૈયાર કરવા પણ ભાર મૂક્યો છે.

- ઉત્તમ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ દ્વારા બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે હેતુથી વિશ્વબૅન્કના સહયોગથી રૂ. ૧૦ હજાર કરોડ જેવી માતબર રકમના ખર્ચે સ્કૂલ્સ ઑફ એક્સેલન્સ પ્રોજેક્ટ હાથ ધરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ પ્રોજેકટના માધ્યમથી ૭૦ લાખ કરતાં વધારે વિદ્યાર્થીઓને વધુ સારી માળખાકીય સગવડો અને શિક્ષણપદ્ધતિ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ આપી ગુજરાતની ભાવિ પેઢીનું ભવિષ્ય ઉજ્જવળ કરવાનો નિર્ધાર છે.
- મિશન સ્કૂલ્સ ઑફ એક્સેલન્સ યોજના હેઠળ રાજ્યની જુદી જુદી શાળાઓની માળખાકીય સગવડો તેમજ શિક્ષણની પદ્ધતિમાં સુધારાઓ માટે રૂ. ૧૧૮૮ કરોડની જોગવાઈ કરાઈ છે.
- દૂધ સંજીવની યોજનાનો વ્યાપ વધારી જાંબુઘોડા અને મોરવા-હડફ તાલુકાનો સમાવેશ કરવામાં આવશે.
- પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં જર્જરિત ઓરડાઓમાં તેમજ નવા ઓરડાઓના નિર્માણ માટેનું સઘન અભિયાન સરકારે હાથ ધર્યું છે. હાલમાં ૨૫૦૦ ઓરડાનું કામ પ્રગતિ હેઠળ છે અને આગામી વર્ષે ૧૦ હજાર નવા ઓરડાઓના નિર્માણનો લક્ષ્યાંક રાખ્યો છે. આ માટે રૂ. ૯૩૭ કરોડની જોગવાઈ વર્તમાન બજેટમાં કરાઈ છે.રાઈટ ટુ એજ્યુકેશન ઍક્ટ અંતર્ગત રાજ્યમાં ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે રૂ. ૬૨૯ કરોડની જોગવાઈ હાલના બજેટમાં કરવામાં આવી છે.અંદાજે ૧૧ લાખ વિદ્યાર્થીઓને એસ.ટી. બસ ફ્રી પાસ કન્સેશન માટે રૂ. ૨૦૫ કરોડની જોગવાઈ કરાઈ છે.
- સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે પાઠ્યપુસ્તકો પૂરાં પાડવા રૂ. ૧૪૫ કરોડની જોગવાઈ કરાઈ છે.
- માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વોકેશનલ એજ્યુકેશન અંતર્ગત રૂ. ૧૨૯ કરોડની જોગવાઈ કરાઈ છે. છેવાડાના તથા અંતરિયાળ વિસ્તારોમાં ૨૪૫ કસ્તુરબા ગાંધી વિદ્યાલયમાં અભ્યાસ કરતી ૨૭ હજાર જેટલી બાળાઓ માટે નિઃશુલ્ક રહેવા તથા ભોજનની વ્યવસ્થા માટે રૂ. ૧૨૨ કરોડની જોગવાઈ કરાઈ છે.
- ઘરથી શાળાનું અંતર એક કિલોમીટરથી વધુ હોય તેવા ૨ લાખ ૩૦ હજાર કરતાં વધુ પ્રાથમિક શાળાનાં બાળકોને શાળાએ લાવવા-લઈ જવા માટે રૂ. ૧૦૮ કરોડની જોગવાઈ કરાઈ છે.૫૦ જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ્સ સામાજિક ભાગીદારીના ધોરણે શરૂ કરી ૧ લાખ વિદ્યાર્થીઓના શિક્ષણ માટે રૂ. ૯૦ કરોડની જોગવાઈ કરાઈ છે.
- શાળા બહારનાં બાળકોને શાળા સુધી લાવવાના પ્રયત્નો તેમજ આવાં બાળકોને અભ્યાસ તેમજ અન્ય ખાસ પ્રકારની તાલીમ આપવા માટે જોગવાઈ રૂ. ૮૭ કરોડની જોગવાઈ કરાઈ છે.
- વીજળીકરણ અને પીવાના પાણીની સુવિધાઓની ખૂટતી કડી પૂરી કરવા અને શાળાઓને સ્વચ્છતા સહાય માટે રૂ. ૮૧ કરોડની જોગવાઈ કરાઈ છે.ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની અંદાજે ૧૦ લાખ વિદ્યાર્થિનીઓ તથા તમામ દિવ્યાંગ વિદ્યાર્થીઓની પરીક્ષા ફી માફી માટે વર્તમાન બજેટમાં રૂ. ૩૭ કરોડની જોગવાઈ કરાઈ છે.
- શાળાઓમાં અભ્યાસ કરતાં દિવ્યાંગ બાળકો માટે થેરપીની સગવડ વિકસાવવા તેમજ વિશિષ્ટ જરૂરિયાતવાળાં બાળકોને સાધન સહાય આપવા માટે રૂ. ૨૧ કરોડની જોગવાઈ વર્તમાન બજેટમાં કરાઈ છે.
- પ્રાથમિક શાળાઓ ખાતે CCTV કૅમેરાની સુવિધા માટે રૂ. ૨૦ કરોડની જોગવાઈ હાલના બજેટમાં કરાઈ છે.મૉડેલ



શાળાઓમાં ગર્લ્સ હૉસ્ટેલના બાંધકામ માટે રૂ. ૧૨ કરોડની જોગવાઈ વર્તમાન બજેટમાં કરાઈ છે.


- સંસ્કૃત સાધના યોજના અંતર્ગત હયાત સંસ્કૃત ગુરુકુળોમાં શૈક્ષણિક પ્રવૃતિઓ માટે રૂ. ૮ કરોડની જોગવાઈ વર્તમાન બજેટમાં કરાઈ છે.ભારત સરકાર દ્વારા સંચાલિત સૈનિક શાળાઓ જેવી જ રક્ષા શક્તિ શાળાઓ રાજ્ય સરકાર દ્વારા સામાજિક ભાગીદારીથી શરૂ કરવા વર્તમાન બજેટમાં રૂ. ૫ કરોડની જોગવાઈ કરાઈ છે. સંસ્કૃતના અભ્યાસ માટે સામાજિક ભાગીદારીથી નવાં સંસ્કૃત ગુરુકુળો શરૂ કરવા સંસ્કૃત શક્તિ ગુરુકુળ યોજના માટે રૂ. ૩ કરોડની જોગવાઈ બજેટમાં કરાઈ છે.
- વડનગર ખાતે પ્રેરણાકેન્દ્ર શરૂ કરવા માટે રૂ. ૨ કરોડની જોગવાઈ વર્તમાન બજેટમાં કરાઈ છે.મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓને ટ્યુશન ફી તથા હૉસ્ટેલ અને ભોજનખર્ચમાં શિષ્યવૃત્તિ સહાય પૂરી પાડવા માટે રૂ. ૩૫૦ કરોડની જોગવાઈ બજેટમાં છે.
- નમો ટૅબ્લેટ યોજના અંતર્ગત ૩ લાખ જેટલા વિદ્યાર્થીઓને ટૅબ્લેટ આપવા રૂ. ૨૦૦ કરોડની જોગવાઈ અંદાજપત્રમાં કરાઈ છે. ટેકનીકલ શિક્ષણ આપતી સંસ્થાઓમાં માળખાકીય સગવડો માટે રૂ. ૧૧૭ કરોડની જોગવાઈ વર્તમાન બજેટમાં કરાઈ છે. સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ અને ઈનોવેશન પૉલિસી ૨.૦ અંતર્ગત વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે પાંચ વર્ષ માટે કુલ રૂ. ૩૦૦ કરોડના આયોજન પૈકી આગામી વર્ષ માટે રૂ. ૬૦ કરોડની જોગવાઈ વર્તમાન બજેટમાં કરાઈ છે.
- સરકારી ઈજનેરી કૉલેજો અને પૉલિટેકનીક માટે બાંધકામ, સાધન-સામગ્રી, પુસ્તકો અને ખૂટતા ફર્નિચર માટે રૂ. ૩૭ કરોડની જોગવાઈ આ બજેટમાં કરાઈ છે. ડિજિટલ શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે ડિજિટલ એજ્યુકેશન ડેવલપમેન્ટ ફંડ તરીકે રૂ. ૩૦ કરોડની જોગવાઈ વર્તમાન બજેટમાં કરાઈ છે.
- સરકારી કૉલેજોનાં મકાન બાંધકામ, પુસ્તકો, આઇ.ટી. અને લૅબોરેટરીનાં સાધનો માટે રૂ. ૨૬ કરોડની જોગવાઈ વર્તમાન બજેટમાં કરાઈ છે.
- પી.એચડી.ના ૧ હજાર વિદ્યાર્થીઓને સંશોધન તથા અન્ય ખર્ચને પહોંચી વળવા વિદ્યાર્થીદીઠ રૂ. ૨ લાખની સહાય પૂરી પાડતી શોધ યોજના અંતર્ગત રૂ. ૨૦ કરોડની જોગવાઈ વર્તમાન બજેટમાં કરાઇ છે.એન.સી.સી., એન.એસ.એસ., સ્કાઉટ અને ગાઇડ માટેની વિવિધ યોજનાઓ માટે રૂ. ૯ કરોડની જોગવાઈ વર્તમાન બજેટમાં કરાઈ છે.
- આઇ.આઇ.ટી.આર.એ.એમ. ખાતે ડ્રૉન ટેક્નોલૉજી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને મશીન લર્નિંગ અને વિવિધ સુવિધાઓ પૂરી પાડવા માટે રૂ.૬ કરોડની જોગવાઈ છે.
- ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી માટે ટૉય હાઉસ, પુસ્તક પ્રકાશન અને આઇ.ટી. ઉપકરણ માટે રૂ. ૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- સરકારી શાળા, કૉલેજો, હૉસ્પિટલોનાં મકાનો ઉપર સોલર રૂફટૉપ સ્થાપિત કરી ૧૦ મેગાવોટની ક્ષમતા ઊભી કરવા માટે રૂ. ૩૭ કરોડની જોગવાઈ કરાઈ છે.
- ૯ હજાર વિદ્યાર્થીઓને બૅટરી સંચાલિત ટુ-વ્હીલર વાહનો ખરીદવા સહાય આપવા માટે રૂ. ૧૧ કરોડની જોગવાઈ વર્તમાન બજેટમાં કરાઈ છે.
- નાગરિકોને ઉચ્ચ કક્ષાની આરોગ્યલક્ષી સેવાઓ આપવાના માસ્ટરપ્લાન પ્રોજેક્ટ અંતર્ગત અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, જામનગર તથા ભાવનગરની સરકારી મેડિકલ કૉલેજોમાં અદ્યતન સુવિધાઓ વિકસાવવા તેમજ આધુનિકીકરણ માટે રૂ. ૧૦૬ કરોડની જોગવાઈ આ વખતના બજેટમાં કરાઇ છે.
- મેડિકલ કૉલેજોના વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ સહાય માટે રૂ. ૫૦ કરોડની જોગવાઈ વર્તમાન બજેટમાં કરાઈ છે. ●

## ક્લાઇમેટ ચેન્જ વિભાગ માટે કુલ રૂ. ૯૩૧ કરોડની જોગવાઇ



૩ લાખ ઉપરાંત ઘરોમાં સોલર રૂફટૉપ સ્થાપી ૧૬૮૦ મેગાવૉટની ક્ષમતા મેળવી રાજ્યે સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. વધુ સવા લાખ ઘરોને આ યોજના હેઠળ લાભ આપવા માટે રૂ. ૮૨૫ કરોડ, સરકારી શાળા, કૉલેજો, હૉસ્પિટલોનાં મકાનો ઉપર સોલર રૂફટૉપ સ્થાપિત કરી ૧૦ મેગાવૉટની ક્ષમતા ઊભી કરવા માટે રૂ. ૩૭ કરોડ, ૯ હજાર વિદ્યાર્થીઓને બૅટરી સંચાલિત ટુ-વ્હીલર વાહનો ખરીદવા સહાય આપવા માટે રૂ. ૧૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## મહેસૂલ વિભાગ માટે કુલ રૂ. ૪૩૯૪ કરોડની ફાળવણી



ડ્રૉન ટેક્નોલૉજીના ઉપયોગથી ગ્રામ્ય વિસ્તારની મિલકતની માપણી કરી પ્રોપર્ટી કાર્ડ આપવા માટે સ્વામીત્વ યોજના અમલમાં છે. મહેસૂલ વિભાગની કચેરીઓ તથા સ્ટાફ ક્વાર્ટ્સ માટે રૂ. ૧૮૬ કરોડ, ૪ સબ-રજિસ્ટ્રાર કચેરીઓને મૉડેલરૂપ બનાવવા જોગવાઈ રૂ. ૫ કરોડ, ગુજરાત મહેસૂલ પંચની કચેરી ખાતે ચુકાદાના હુકમો, પ્રોસિડિંગ વગેરે ડિજિટાઇઝ કરવા માટે રૂ. ૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

# રાજ્યના વિકાસના અજવાળામાં વંચિતો ભાગીદાર બનશે





ગુજરાતના વિકાસના સમાન ભાગીદાર એવા વંચિતોનું જીવન ધોરણ ઊંચું લાવવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. કલ્યાણકારી યોજનાઓનો સરકાર અમલ કરી રહી છે, જેની ઝલક આ વર્ષના બજેટમાં દૃષ્ટિગોચર થાય છે અને તેની ઝલક અત્રે પ્રસ્તુત છે.

- નિરાધાર વૃદ્ધ પેન્શન યોજનાના ૬૦ થી ૮૦ વર્ષના લાભાર્થીઓને હાલ રૂ. ૭૫૦ માસિક પેન્શન આપવામાં આવે છે, જેમાં રૂ. ૨૫૦નો વધારો કરી રૂ. ૧૦૦૦ માસિક પેન્શન આપવામાં આવશે. ૮૦ વર્ષ ઉપરના લાભાર્થીઓને હાલ રૂ. ૧૦૦૦ માસિક પેન્શન આપવામાં આવે છે, જેમાં રૂ. ૨૫૦નો વધારો કરી રૂ. ૧૨૫૦ માસિક પેન્શન આપવામાં આવશે, જેનો લાભ આશરે ૧૧ લાખ લાભાર્થીઓને મળશે. આ યોજના માટે રૂ. ૯૭૭ કરોડની જોગવાઈ કરાઈ છે.
- રાષ્ટ્રીય દિવ્યાંગ પેન્શન યોજના અને સંત સૂરદાસ દિવ્યાંગ પેન્શન યોજનામાં લાભાર્થીઓને હાલ રૂ. ૬૦૦ માસિક પેન્શન આપવામાં આવે છે, જેમાં રૂ. ૪૦૦નો વધારો કરી રૂ. ૧૦૦૦ માસિક પેન્શન આપવામાં આવશે.
- ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા આર્થિક અને સામાજિક વિકાસ માટે અમલમાં મૂકાયેલી વિવિધ યોજનાઓ માટે રૂ. ૫૦૦ કરોડની જોગવાઈ કરાઈ છે.
- ધોરણ ૧થી ૧૦માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના અંદાજે ૪૩ લાખ વિદ્યાર્થીઓને કુલ રૂ. ૪૪૬ કરોડની જોગવાઈ દ્વારા શિષ્યવૃત્તિમાં દરેક સ્તરે રૂ. ૨૫૦નો વધારો કરવામાં આવશે.
- પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ, વિકસતી જાતિ, લઘુમતી અને આર્થિક રીતે પછાત વર્ગના અંદાજે ૩૬ લાખ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય માટે હાલ રૂ. ૬૦૦ આપવામાં આવે છે, જેમાં રૂ. ૩૦૦નો વધારો કરી ગણવેશ સહાય માટે રૂ. ૯૦૦ આપવામાં આવશે. આ યોજના માટે રૂ. ૩૭૪ કરોડની જોગવાઈ કરાઈ છે.
- અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના ગ્રાન્ટ-ઈન-એઈડ છાત્રાલય અને આશ્રમશાળામાં રહેતા અંદાજે ૧ લાખ વિદ્યાર્થીઓને નિભાવ ભથ્થાં પેટે માસિક રકમ રૂ. ૧૫૦૦ આપવામાં આવે છે, જેમાં રૂ. ૬૬૦નો વધારો કરી માસિક રકમ રૂ. ૨૧૬૦ આપવા માટે રૂ. ૨૮૮ કરોડની જોગવાઈ કરાઈ છે.આંબેડકર આવાસ યોજના અને પંડિત દીનદયાળ આવાસ યોજના માટે રૂ. ૨૦૫ કરોડની જોગવાઈ કરાઈ છે.

# આદિજાતિ બાંધવો વિકાસની મુખ્યધારામાં સામેલ





ગુજરાતના આદિજાતિ બંધુઓ પોતાની આગવી સાંસ્કૃતિક ઓળખ જાળવીને વિકાસની યાત્રામાં જોડાઈ રાજ્યની પ્રગતિમાં પોતાનો ફાળો આપી રહ્યા છે. રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આદિજાતિ વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજના શરૂ કરી હતી. આ કલ્યાણ કાર્યક્રમને આગળ ધપાવતાં રાજ્ય સરકારે પાંચ વર્ષ માટે રૂ. ૧ લાખ કરોડની વનબંધુ કલ્યાણ યોજના-૨ શરૂ કરી છે.

- આજના ઈલેક્ટ્રૉનિક યુગમાં ૧૦૮ ઍમ્બ્યુલન્સ સેવા, સરકારી યોજનાકીય લાભો, ઑનલાઈન બૅન્કિંગ સેવા, નોકરી-કૉન્ટ્રાક્ટ માટે ઑનલાઈન અરજી, ઑનલાઈન શિક્ષણ, ઈ-કૉમર્સ જેવી તમામ સેવાઓ માટે મોબાઈલ નેટવર્ક મુખ્ય માળખાકીય સુવિધા તરીકે ઊપસી આવી છે. આદિજાતિ વિસ્તારમાં મોબાઈલ નેટવર્કની સુવિધા સહેલાઈથી મળી શકે તે માટે રૂ. ૧૦૦ કરોડના ખર્ચે ૫૦૦ નવાં મોબાઈલ ટાવર આવતાં બે વર્ષમાં ઊભાં કરવામાં આવશે.
- નિવાસી શાળાઓના માધ્યમથી ગુણવત્તાસભર શિક્ષણ આપવાના હેતુથી આદિજાતિ વિસ્તારોમાં સામાજિક ભાગીદારીથી ૨૫ બિરસા મુંડા જ્ઞાનશક્તિ રેસિડેન્સિયલ સ્કૂલ્સ ઑફ એક્સેલેન્સ શરૂ કરવામાં આવશે, જેમાં અનુસૂચિત જનજાતિના ૫૦ હજાર વિદ્યાર્થીઓને પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ આપવામાં આવશે.
- અનુસૂચિત જનજાતિના ગ્રાન્ટ-ઈન-એઈડ છાત્રાલય અને આશ્રમશાળામાં રહેતા અંદાજે ૧ લાખ ૪૩ હજાર વિદ્યાર્થીઓને નિભાવ ભથ્થાં પેટે હાલ માસિક રકમ રૂ. ૧૫૦૦ આપવામાં આવે છે, જેમાં રૂ. ૬૬૦નો વધારો કરી માસિક રકમ રૂ. ૨૧૬૦ આપવામાં આવશે.
- અનુસૂચિત જનજાતિના આશરે બે લાખ વિદ્યાર્થીઓને પોસ્ટ મૅટ્રિક શિષ્યવૃત્તિનો લાભ આપવા માટે રૂ. ૪૦૦ કરોડની જોગવાઈ કરાઈ છે.
- દૂધ સંજીવની યોજના અંતર્ગત ૫૩ આદિજાતિ તાલુકાના ૮ લાખ જેટલા વિદ્યાર્થીઓને પોષણક્ષમ આહાર આપવા માટે રૂ. ૧૪૭ કરોડની જોગવાઈ કરાઈ છે.
- આદિજાતિ ખેડૂતોને વ્યક્તિગત/સામૂહિક સિંચાઈ કૂવા સાથે

- અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિનાં કૉલેજ સંલગ્ન છાત્રાલયોમાં વિદ્યાર્થીઓને ભોજન બિલ પેટે સહાય માટેની જોગવાઈ રૂ. ૧૯ કરોડ છે.અનુસૂચિત જાતિ, વિકસતી જાતિ અને દિવ્યાંગોના શૈક્ષણિક, આર્થિક અને સામાજિક વિકાસ માટે સરકારે ૯ જેટલાં ખાસ નિગમોની રચના કરી છે, જેના થકી લાભાર્થીઓને લોન આપવા માટે રૂ. ૧૦૫ કરોડની જોગવાઈ કરાઈ છે.ધોરણ ૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિની અંદાજે ૧ લાખ ૭૦ હજાર કન્યાઓને વિનામૂલ્યે સાઈકલ આપવા સરસ્વતી સાધના યોજના માટે જોગવાઈ રૂ. ૭૦ કરોડ કરાઈ છે.
- દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચ શિક્ષણ એવા દરેક સ્તરે શિષ્યવૃત્તિમાં રૂ. ૫૦૦નો વધારો કરવામાં આવશે. માનવ ગરિમા યોજના હેઠળ સ્વરોજગારી માટે અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના લાભાર્થીઓને સાધનો પૂરાં પાડવા રૂ. ૫૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિની કન્યાઓને સહાય માટેની રૂ. ૪૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.
- સંકટ મોચન યોજના અંતર્ગત ગરીબી રેખા હેઠળનાં કુટુંબની મુખ્ય કમાનાર વ્યક્તિના દુઃખદ અવસાનથી આવી પડેલી મુશ્કેલભરી પરિસ્થિતિમાં કુટુંબને સહાય માટે રૂ. ૨૧ કરોડની જોગવાઈ કરાઈ છે.
- ડૉ. સવિતા આંબેડકર આંતરજ્ઞાતીય લગ્ન સહાય યોજનામાં હાલમાં રૂ. ૧ લાખ સહાય આપવામાં આવે છે, જેમાં રૂ. ૧.૫ લાખનો માતબર વધારો કરી રૂ. ૨ લાખ ૫૦ હજાર સહાય આપવામાં આવશે, જેના માટેની જોગવાઈ રૂ.૧૫ કરોડ છે.
- સાત ફેરા સમૂહલગ્ન સહાય યોજના હેઠળ રૂ. ૯ કરોડની જોગવાઈ કરાઈ છે.
- ગ્રાન્ટ-ઈન-એઈડ છાત્રાલયોનું મકાનભાડું વિદ્યાર્થીદીઠ ગ્રામ્ય વિસ્તારમાં માસિક રૂ. ૫૦માંથી વધારી રૂ. ૧૦૦, નગરપાલિકા વિસ્તારમાં માસિક રૂ. ૭૦માંથી વધારી રૂ. ૧૪૦ અને મહાનગરપાલિકા વિસ્તારમાં માસિક રૂ. ૯૦માંથી વધારી રૂ. ૧૮૦ કરવામાં આવશે. વિકસતી જાતિ માટેની ડે-સ્કૉલર અને હૉસ્ટેલર માટે અપાતી પોસ્ટ મૅટ્રિક શિષ્યવૃત્તિમાં રૂ. ૬૦૦થી રૂ. ૨૨૦૦ સુધીનો વધારો કરવામાં આવશે.
- અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ માટે સાધન ખરીદવા હાલ રૂ. ૫૦૦૦ સહાય આપવામાં આવે છે, જેમાં રૂ. ૩૦૦૦નો વધારો કરી રૂ. ૮૦૦૦ સહાય આપવામાં આવશે.
- પીએચ.ડી. જેવા ઉચ્ચ અભ્યાસ કરનારા અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે સહાય રૂ. ૩૦ હજાર અપાય છે, જેમાં રૂ. ૭૦ હજારનો માતબર વધારો કરી રૂ. ૧ લાખની સહાય આપવામાં આવશે. ●

૩ એચ.પી. સોલર પંપની સહાય અપાશે.

- હળપતિઓ અને આદિમજૂથોને પાયાની ૬ સુવિધાઓ માટે અને સી.સી.ડી. પ્રોજેક્ટ હેઠળ રૂ. ૬૭ કરોડની જોગવાઈ છે.
- પ્રાથમિક શાળાઓમાં ભણતાં અનુસૂચિત જનજાતિના અંદાજે ૧૩ લાખ વિદ્યાર્થીઓને હાલ રૂ. ૬૦૦ ગણવેશ સહાય આપવામાં આવે છે, જેમાં રૂ. ૩૦૦નો વધારો કરી રૂ. ૯૦૦ ગણવેશ સહાય આપવામાં આવશે.
- આદિજાતિ વિસ્તારમાં ખેતીમાં પાવર ટીલર્સના ઉપયોગને પ્રોત્સાહન આપવા ખેડૂતો માટે સહાયની નવી યોજના.
- ધોરણ ૧થી ૧૦માં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના અંદાજે ૧૩ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિમાં દરેક સ્તરે રૂ. ૨૫૦નો વધારો કરવામાં આવશે.
- આદિજાતિ ક્ષેત્રોમાં રોજગારીની તકોનું સર્જન કરવા તેમજ ઉદ્યોગસાહસિકતાને વેગ આપવા ૮ નવા MSME જી.આઈ.ડી.સી એસ્ટેટની રચના કરવામાં આવશે.
- બિરસા મુંડા આદિજાતિ યુનિવર્સિટીના સંચાલન, શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને સંશોધનકાર્યો માટે રૂ. ૧૭ કરોડની જોગવાઈ કરાઈ છે. માનવ ગરિમા યોજના હેઠળ સ્વરોજગારીની કિટ આપવા રૂ. ૧૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- ટી.બી., કૅન્સર, રક્તપિત્ત અને સિકલસેલ ઍનિમિયા જેવા રોગોની સારવાર માટે મફત તબીબી સહાય યોજના.
- અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓ માટે ઉત્પાદન-સહવેચાણના હેતુસર હાટ બજાર વ્યવસ્થાનો સહયોગ.
- પીએચ.ડી. જેવા ઉચ્ચ અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે હાલ સહાય રૂ. ૨૫ હજાર આપવામાં આવે છે, જેમાં રૂ. ૭૫ હજારનો ધરખમ વધારો કરીને સહાય રૂ. ૧ લાખ આપવામાં આવશે.
- મહિલાઓના સશક્તીકરણ અને આર્થિક વિકાસ માટે નૅશનલ રૂરલ લાઇવલીહૂડ મિશન (આજીવિકા) અંતર્ગત રૂ. ૨૩૧ કરોડની જોગવાઈ કરાઈ છે.
- ગ્રામ્ય સ્તરે પાયાની સેવાઓ અને આર્થિક ઉન્નતિને પ્રોત્સાહન આપવા શ્યામાપ્રસાદ મુખરજી રુર્બન મિશન હેઠળ રૂ. ૯૧ કરોડની જોગવાઈ કરાઈ છે.
- નવા મંજૂર થયેલા આવાસની સાથે બાથરૂમ સુવિધા માટે પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત રૂ. ૩૮ કરોડની જોગવાઈ કરાઈ છે.
- મહિલા સ્વસહાય જૂથોને ધિરાણ પર વ્યાજ સહાય રૂ. ૧૮ કરોડની આપવા જોગવાઈ કરાઈ છે. ●

# આત્મનિર્ભર ગામડાઓથી બનશે આત્મનિર્ભર ભારત




ગુજરાતની સામાજિક અને આર્થિક પ્રવૃત્તિઓમાં ગામોનું હંમેશાં મહત્ત્વ રહ્યું છે. દેશની મોટા ભાગની વસ્તી ગ્રામવિસ્તારોમાં રહીને દેશની પ્રગતિમાં પોતાનો ફાળો નોંધાવી રહી છે. મહાત્મા ગાંધીએ ગ્રામસ્વરાજનું મહિમાગાન કર્યું છે. ગ્રામસ્વરાજ એટલે સંપૂર્ણપણે પોતાની ઇચ્છાઓ માટે પડોશીઓથી સ્વતંત્ર, પરંતુ પરસ્પર એકબીજા પર આધારિત ગણતંત્ર. ગુજરાત રાજ્યમાં પંચાયતી રાજ પ્રથમથી જ વિકેન્દ્રીકરણની દિશામાં એક મહત્ત્વના પગલા તરીકે અમલમાં આવ્યું છે, જેથી ગ્રામવિકાસની પ્રત્યેક યોજનાઓની આયોજનબદ્ધ રીતે અમલવારી થઈ શકે. હાલના પંચાયતી રાજને સુદૃઢ કરવા માટે તેમજ વિકાસની યાત્રામાં ગ્રામ જનસમુદાય પણ સરકારની સાથોસાથ ખભેખભા મિલાવી વિકાસમાં સીધા ભાગીદાર બને તેવી સ્પષ્ટ નીતિ અને નેમ સાથે ગુજરાત સરકાર આગળ વધી રહી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં ગુજરાત સરકારે પંચાયત અને ગ્રામ્ય વિકાસની વ્યક્ત કરેલી નેમ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં કરવામાં આવેલી જોગવાઈમાં પ્રતિબિંબિત થઇ છે. અંદાજપત્રમાં વિવિધ યોજના, આયોજન માટે ફાળવાયેલી નાણાંરાશિ તેમજ તેના ઉદ્દેશનું સંક્ષિપ્ત લિખિત વર્ણન અહીં રજૂ કરવામાં આવ્યું છે.

- ૧૫મા નાણાપંચ હેઠળ પંચાયતોને માળખાકીય સગવડો માટે રૂ. ૧૫ હજાર ૬૫૦ કરોડ મળવાના છે. તે પૈકી આગામી વર્ષ માટે રૂ. ૨૪૪૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- ગ્રામ્ય કક્ષાએ વધુ સારી કનેક્ટિવિટી ઉપલબ્ધ કરાવી ૧૦૮ ઍમ્બ્યુલન્સ સેવા, ડિજિટલ પૉર્ટલના માધ્યમથી ઉપલબ્ધ કરાવેલા સરકારી યોજનાકીય લાભો, ઑનલાઇન બૅન્કિંગ સેવા, ઓનલાઇન શિક્ષણ જેવી તમામ સેવાઓ ગામલોકોને હાથવગી ઉપલબ્ધ કરાવવા ફ્રી વાઇ-ફાઇની સુવિધા પૂરી પાડવામાં આવશે.
- ગ્રામપંચાયતોમાં માળખાગત સુવિધાઓનો વિકાસ કરી, ગ્રામજનોનું જીવનધોરણ ઊંચું લાવવા, જાહેર ગ્રંથાલયો બનાવવા, ગામલોકોના સ્વાસ્થ્યના સુધારા માટે કસરતનાં સાધનો પૂરાં પાડવા, સ્મૃતિ સ્મારકોનું રિપેરિંગ કરવા, ગામનું ગૅઝેટિયર બનાવવા, ગ્રામપંચાયત કચેરી પર સોલર રૂફટૉપ લગાડવા જેવી બાબતોનો સમાવેશ કરતી મુખ્યમંત્રી ગ્રામ અસ્મિતા યોજના શરૂ કરવામાં આવશે.
- ઈ-ગ્રામ સેન્ટરની સગવડોને વધારે સઘન તેમજ સુદૃઢ બનાવી ૨૦૦ જેટલી સેવાઓ પૂરી પાડવા માટે રૂ.૩૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- રાજ્યનાં બધાં ગામોમાં તબક્કાવાર વિનામૂલ્યે વાઇ-ફાઇ સેવા કરવાની યોજનાના પ્રથમ તબક્કામાં અંદાજે ૪ હજાર ગામોમાં વિનામૂલ્યે વાઇ-ફાઇની સગવડ પૂરી પાડવા માટે રૂ. ૭૧ કરોડની જોગવાઈ કરાઈ છે.
- આઠ શહેરી વિકાસ સત્તામંડળોના વિસ્તારમાં આવેલી ગ્રામપંચાયતોમાં ઘન કચરાના નિકાલની વ્યવસ્થા ઊભી કરવા માટે રૂ. ૭૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે.
- રસીકરણ, જન્મ મરણ નોંધણી, નળ કનેક્શન, મહિલા અને બાળકોમાં પોષણ જેવા માપદંડોને આધારે સ્માર્ટ વિલેજ જાહેર કરી તેમને પ્રોત્સાહન આપવા માટે રૂ. ૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- પંચાયત વિભાગના વહીવટી માળખાને સુદૃઢ કરવાના ભાગરૂપે ૧૩ હજાર જેટલી જગ્યાઓ ભરવા માટે ભરતીની પ્રક્રિયા કરવાનું આયોજન પ્રગતિ હેઠળ છે.
- વર્ષ ૨૦૨૪ સુધીમાં સૌને આવાસના ઉદ્દેશને પરિપૂર્ણ કરવા પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ, આવતાં બે વર્ષમાં ૪ લાખ જેટલા નવા આવાસો બનાવવા માટે રૂ. ૯૩૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજના અંતર્ગત રૂ. ૯૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.
- આંગણવાડી, શાળાના ઓરડા, મધ્યાહ્ન ભોજન શેડ, વન-નર્સરી, સામુદાયિક કૂવા વગેરે લોકોપયોગી અસ્ક્યામતો મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજનાના જોડાણથી ઊભી કરવા મટીરિયલ કમ્પોનન્ટ માટે રૂ. ૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત ગ્રામ્ય કક્ષાએ સફાઇનાં ધોરણ સુધારવા માટે રૂ. ૪૬૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- મહિલાઓના સશક્તીકરણ અને આર્થિક વિકાસ માટે નૅશનલ રૂરલ લાઇવલીહૂડ મિશન (આજીવિકા) અંતર્ગત રૂ. ૨૩૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- ગ્રામ્યસ્તરે પાયાની સેવાઓ અને આર્થિક ઉન્નતિને પ્રોત્સાહન આપવા શ્યામાપ્રસાદ મુખરજી રુર્બન મિશન હેઠળ અંદાજપત્રમાં રૂ. ૯૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- નવા મંજૂર થયેલા આવાસની સાથે બાથરૂમ સુવિધા માટે પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત બજેટમાં રૂ. ૩૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- મહિલા સ્વસહાય જૂથોને ધિરાણ પર વ્યાજ સહાય આપવા

માટે રૂ.૧૮ કરોડની જોગવાઈ કરાઈ છે.

- તદુપરાંત વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના ભારતનેટ પ્રોજેક્ટ દ્વારા રાજ્યની ૧૪ હજારથી વધુ ગ્રામપંચાયતોને ઑપ્ટિકલ ફાઈબર નેટવર્ક દ્વારા ઇન્ટરનેટથી જોડાણ કરી ગુજરાત દેશમાં સર્વપ્રથમ સિદ્ધિ હાંસલ કરનાર રાજ્ય બન્યું છે. આ હાઈસ્પીડ ઇન્ટરનેટ કનેક્ટિવિટીથી ગામમાં આવેલી શાળાઓ, આંગણવાડી, સ્વાસ્થ્ય કેન્દ્ર, પોલીસ સ્ટેશન, બીજી સરકારી અને સહકારી સંસ્થાઓને જોડાણ આપવા માટે રૂ. ૭૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- આદિજાતિ વિસ્તારમાં ગામમાંથી શાળા તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સુધીના પાકા રસ્તા અને પુલો બનાવવા રૂ. ૧૦૫ કરોડની જોગવાઇ થકી ગ્રામવિકાસને વધુ વેગ આપવામાં આવશે.
- આદિજાતિ વિસ્તારના ગિરિમથક સાપુતારાથી શબરીધામ, ઝરવાણી ધોધ થઈને સ્ટેચ્યુ ઑફ યુનિટી-એકતાનગરને જોડતા ૧૦ મીટર પહોળા અને ૨૧૮ કિલોમીટર લંબાઈના રસ્તાને વિકસાવવા માટે રૂ. ૧૬૭૦ કરોડનું આયોજન, જે પૈકી આ વર્ષે પ્રથમ તબક્કાની કામગીરી માટે રૂ. ૯૦ કરોડની માર્ગ જોગવાઈ કરવામાં આવી છે.
- વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ, એ.ટી.વી.ટી. અને અન્ય યોજનાઓ હેઠળ સ્થાનિક જરૂરિયાતોના વિકાસનાં કામો માટે જોગવાઈ રૂ. ૧૩૦૬ કરોડની પણ જોગવાઈ નાણામંત્રીશ્રીએ રજૂ કરેલા વર્તમાન નાણાકીય બજેટમાં કરવામાં આવી છે.

આમ, નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ રજૂ કરેલા અંદાજપત્રમાં પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ માટે રૂ. ૯૦૪૮ કરોડની નાણાકીય જોગવાઈ કરવામાં આવી છે. ●

## દિન-પ્રતિદિન વિકાસની નવી ઊંચાઈ સર કરતો રાજ્યનો શહેરી વિસ્તાર





શહેર એટલે કે નગર, કે જ્યાં નળ, ગટર અને રહેઠાણની સુવિધા ઉપલબ્ધ હોય. ઝડપી શહેરીકરણ સાથે, રાજ્યની લગભગ ૪૮ ટકા વસ્તી શહેરોમાં રહે છે. સરકાર શહેરી વિસ્તારોમાં જીવનધોરણ સુધારવા માટે હાલની માળખાકીય સુવિધાઓ સાથે નવી સેવાઓનો વ્યાપ વધારવા માટે સતત પ્રયાસો કરી રહી છે.

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રાજ્યની મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ અને શહેરી વિકાસ સત્તામંડળો માટે રૂ. ૫૨૦૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ઑક્ટ્રૉય નાબૂદી વળતરમાં આગામી વર્ષે ૧૦ ટકાનો વધારો કરવામાં આવશે. આ યોજના અંતર્ગત રૂ. ૩૦૪૧ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

સુરત શહેરમાં તાપી નદીકાંઠાનો વિકાસ કરી સુરતના શહેરીજનોને અનેરી ભેટ આપવામાં આવશે. આ વિકાસ માટે વિશ્વબૅન્ક તરફથી રૂ. ૧૯૯૧ કરોડના પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે. તેવી રીતે, અમદાવાદ ઔડા વિસ્તારમાં માળખાગત સુવિધાઓ માટે એશિયન ડેવલપમેન્ટ બૅન્ક સહાયિત રૂ. ૧૯૦૦ કરોડના પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે.

૧૫મા નાણાંપંચ હેઠળ આગામી પાંચ વર્ષમાં સ્થાનિક વિકાસનાં કામો માટે અંદાજે રૂ. ૬૫૦૦ કરોડનું આયોજન કરવામાં આવ્યું છે. તે અંતર્ગત આગામી વર્ષ માટે રૂ. ૧૦૬૨ કરોડની ફાળવણી કરવામાં આવી છે. શહેરી વિસ્તારમાં નવા ૫૫ હજાર આવાસોના નિર્માણ અર્થે સહાય આપવા રૂ. ૯૪૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. મહાનગરપાલિકાઓમાં મેટ્રોરેલ અને મેટ્રોલાઇટની સેવાઓ પૂરી પાડવા માટે રૂ. ૭૨૨ કરોડ ફાળવવામાં આવ્યા છે.

સ્માર્ટ સિટી યોજના હેઠળ અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા અને ગાંધીનગર મહાનગરપાલિકાઓ તથા દાહોદ નગરપાલિકાને માળખાકીય સગવડો ઊભી કરવા માટે રૂ. ૭૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. અમૃત યોજના-૨ અંતર્ગત પાણીપુરવઠા, ગટરવ્યવસ્થા, વરસાદી પાણીનો નિકાલ, તળાવનો વિકાસ અને પરિવહન વ્યવસ્થા માટે રૂ. ૩૫૦ કરોડની બજેટમાં ફાળવણી કરવામાં આવી છે.

મહાનગરપાલિકા અને નગરપાલિકાઓને અગ્નિશમન વાહનો અને બીજા અત્યાધુનિક સાધનો પૂરાં પાડવા તેમજ ૧૬ નગરપાલિકાઓમાં મૉડેલ ફાયર સ્ટેશન બનાવવા માટે રૂ. ૧૫૭ કરોડની બજેટમાં ફાળવણી કરવામાં આવી છે. તેવી રીતે, નગરપાલિકાઓ દ્વારા સ્ટ્રીટ લાઇટ, વૉટર વર્ક્સ અને સુએઝ વર્ક માટે ૧૫૦ મેગાવૉટ વીજળી બિનપરંપરાગત સ્રોતોથી મેળવી ઊર્જા ક્ષેત્રે નગરપાલિકાઓને આત્મનિર્ભર બનાવવા માટે રૂ. ૬૦૦ કરોડના ખર્ચે ગ્રુપ કૅપ્ટિવ સોલર અને વિન્ડ એનર્જી પાર્ક સ્થાપવામાં આવશે, જે યોજના માટે જોગવાઈ રૂ. ૬૦ કરોડ ફાળવવામાં આવ્યા છે.

શહેરી વિસ્તારોને રખડતાં ઢોરથી મુક્તિ આપવા તેમજ નિરાધાર ઢોરના નિભાવ તેમજ વ્યવસ્થા માટે રૂ. ૫૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. વિશ્વબૅન્ક સહાયિત ગુજરાત રેઝિલિયન્ટ સિટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ અમદાવાદ મહાનગરપાલિકાના રૂ. ૩ હજાર કરોડના માળખાકીય સુવિધાઓ અંગેના પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવે છે.●

# અર્થતંત્રનો આધાર ઔદ્યોગિક વિકાસ



ઔદ્યોગિક વિકાસ એ અર્થતંત્રની ધોરી નસ છે. ઔદ્યોગિક વિકાસ થકી રોજગારીની વિપુલ તકોનું નિર્માણ થાય છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વડપણ હેઠળની નિર્ણાયક સરકારની કાર્યક્ષમ નીતિના પરિણામે ગુજરાત ઔદ્યોગિક ક્ષેત્રે અડીખમ રહ્યું છે. ગુજરાતના ઔદ્યોગિક વિકાસના પાયામાં મજબૂત મનોબળ, પારદર્શક નીતિ અને નવતર અભિગમ છે. ગુજરાતના સર્વાંગી વિકાસમાં ઔદ્યોગિક વિકાસનો સિંહફાળો છે. ગુજરાત દેશના કુલ ઉત્પાદનમાં અંદાજિત ૧૪ ટકા જેટલો મોટો હિસ્સો ધરાવે છે તે બાબત ગુજરાતની ઔદ્યોગિક ક્ષેત્રે શ્રેષ્ઠતાની સાબિતી છે. ઉદ્યોગ ક્ષેત્રના વિકાસને પરિણામે રાજ્યમાં રોજગારીની અનેક તકોનું સર્જન થયું છે. આ તકોને વધારવાનાં ઉમદા હેતુસર ઉદ્યોગ અને ખાણ વિભાગ માટે કુલ રૂ. ૭૦૩૦ કરોડની જોગવાઈ વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં કરવામાં આવી છે. રાજ્યે દેશમાં ઔદ્યોગિક ઉત્પાદન, ફૅક્ટરીઓની સંખ્યા અને નિકાસના ક્ષેત્રે મોખરાનું સ્થાન મેળવ્યું છે. અંદાજપત્રમાં કરવામાં આવેલી જોગવાઈ પર એક નજર નાખતાં રાજ્ય સરકારની પારદર્શક નીતિ અને નવતર અભિગમનો પરિચય મળે છે.

- વાંસી-બોરસી, જિલ્લો નવસારી ખાતે કેન્દ્ર સરકારની PM MITRA યોજના હેઠળ રોજગારીના વિપુલ અવસરો ઊભા કરવા અદ્યતન સુવિધા ધરાવતા ટેક્સટાઈલ પાર્કની સ્થાપના કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.
- ટેક્સટાઈલ ઉદ્યોગોને પ્રોત્સાહન આપી ટેક્સટાઈલ વૅલ્યુ ચેઈન પૈકીનાં ખાસ ક્ષેત્રોને મજબૂત કરવા માટે રૂ. ૧૪૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- એમ.એસ.એમ.ઈ. ઉદ્યોગોના સર્વાંગી વિકાસ અને સ્પર્ધાત્મકતા વધારવા માટે સ્કીમ ફૉર ફાઈનાન્સિયલ આસિસ્ટન્સ ટુ ઈન્ડસ્ટ્રીઝ યોજના હેઠળ સહાય આપવા રૂ. ૧૩૬૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.
- નિકાસની નવી તકો સાથે રોજગારીના વિપુલ અવસરોનું નિર્માણ કરવા મોરબી ખાતે રૂ. ૪૦૦ કરોડના ખર્ચે વૈશ્વિક કક્ષાની સુવિધા ધરાવતો ઈન્ટરનૅશનલ સિરામિક પાર્ક સ્થાપવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.
- બાજપાઈ બૅન્કેબલ યોજના અન્વયે અંદાજે ૩૭ હજાર લાભાર્થીઓને ધિરાણ માટે વ્યાજ સહાય આપવા રૂ. ૨૩૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- નવા ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહિત કરવા માટે તથા રાજ્યમાં સ્ટાર્ટ-અપ ઈકો સિસ્ટમને વધુ સુદૃઢ બનાવવા અર્થે સ્ટાર્ટ-અપ-વેન્ચર ફાઈનાન્સ યોજના માટે રૂ. ૧૦૦૦ કરોડનું ફંડ ઊભું કરવાનું આયોજન કરાયું છે, જે માટે આગામી વર્ષ માટે રૂ. ૨૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.
- ભારત સરકાર દ્વારા જાહેર કરેલી નૅશનલ હાઈડ્રોજન મિશન અને વિવિધ પ્રોડક્શન લિન્ક ઈન્સેન્ટિવ સ્કીમોને સુસંગત રહીને, પસંદ કરેલાં સેક્ટરોમાં મોટા પ્રમાણમાં રોજગારી ઊભી કરવા તેમજ મૂડીરોકાણને આકર્ષવા નવી ઔદ્યોગિક પ્રોત્સાહન યોજના તથા તે અંગેના સંશોધન અને વિકાસ અર્થે ગ્રીન ઈનોવેશન ફંડ માટે રૂ. ૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- માનવકલ્યાણ યોજના અન્વયે નાના પ્રકારના ધંધા રોજગાર કરતા ૩૪ હજાર લાભાર્થીઓને ૨૭ ટ્રેડ માટે સાધન-ઓજાર સ્વરૂપે સહાય આપવા માટે રૂ. ૪૮ કરોડની ફાળવણી કરવામાં આવી છે.
- રાજ્યના વાયેબલ માંદા ઔદ્યોગિક એકમોના પુનર્વસન માટે રૂ. ૪૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- ભારતના પ્રથમ ગ્રીન ફીલ્ડ સ્માર્ટ સિટી ધોલેરામાં વધુ મૂડીરોકાણ આકર્ષી રોજગારીની તકો સર્જવા તેમજ રોકાણકારોને પ્રોત્સાહન આપવા ધોલેરા ઈન્ડસ્ટ્રિયલ ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન સ્કીમ હેઠળ રૂ.૪૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.
- સંશોધન અને વિકાસ યોજના-૨૦૨૦ અન્વયે સંસ્થાઓને સંશોધન/પ્રોડક્ટ ડેવલપમેન્ટ સેન્ટર સ્થાપવા સહાય આપવા માટે રૂ. ૨૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- રાજ્યમાં પાંચ સ્થળોએ ઍગ્રો-ફૂડ પાર્કની સ્થાપના કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.
- મત્સ્યોદ્યોગને પ્રોત્સાહન આપી નિકાસને વેગ આપવા પાંચ સી-ફૂડ પાર્કની સ્થાપના કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.
- IT & BT ઉદ્યોગકારોને પ્રોત્સાહન આપવા માટે નવી IT & BT નીતિમાં રૂ. ૧૧૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- પ્રવાસન ઉદ્યોગ થકી રોજગારીની વિપુલ તકો ઊભી થતી હોઈ પ્રવાસન વિકાસ માટે રૂ. ૪૬૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે.
- શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ માટે કુલ રૂ. ૧૮૩૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- યુવાનોનું ઉદ્યોગો



તેમજ બીજાં ક્ષેત્રોની જરૂરિયાત મુજબનું કૌશલ્યવર્ધન થાય તે માટે ૫૧ નવા ભવિષ્યલક્ષી કોર્સ દ્વારા ૫૦ હજાર તાલીમાર્થીઓને તાલીમ આપવાનો નિર્ણય કર્યો છે. હાલના ૫૦ અને નવા ૫૧ કોર્સ મળી ૧૦૧ કોર્સ મારફત તાલીમ આપવા માટે રૂ. ૫૨૧ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

- સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે માળખાકીય સુવિધા તેમજ બાંધકામ માટે રૂ. ૧૯૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- ગુજરાત સ્કિલ ડેવલપમેન્ટ મિશન અંતર્ગત ૫૦ હજાર યુવાનોને રોજગારલક્ષી તાલીમ આપવા માટે રૂ. ૧૫૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.
- મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજના અંતર્ગત ૧ લાખ જેટલા યુવાનોને તાલીમબદ્ધ કરવા માટે રૂ. ૫૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- કૌશલ્યા-ધ સ્કિલ યુનિવર્સિટીના બાંધકામ તથા આનુષંગિક સવલતો માટે રૂ. ૪૩ કરોડની ફાળવણી કરવામાં આવી છે.
- ગુજરાત એપેક્સ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના કરી સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટરને ટ્રેનિંગ ઑફ ટ્રેઇનરના માધ્યમથી તાલીમબદ્ધ કરવા રૂ. ૩૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના અપગ્રેડેશન માટે રૂ. ૨૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે.
- ડ્રૉન સ્કિલ ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના માટે રૂ. ૨૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- તાલીમાર્થીઓને અનુભવ આધારિત શિક્ષણ માટે ૫૦ આઇ.ટી.આઇ. ખાતે ઓગમેન્ટેડ રિયાલિટી અને વર્ચ્યુઅલ રિયાલિટી લૅબોરેટરી માટે રૂ. ૧૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે.
- તાલુકાકક્ષાએ કૌશલ્યવર્ધનની તાલીમ માટે સક્ષમ યોજના માટે રૂ. ૧૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

આમ, વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં ઉદ્યોગો માટે કૌશલ્યયુક્ત કામદારો અને યુવાનોને પૂરતા પ્રમાણમાં રોજગારીના અવસરો પ્રાપ્ત થાય તે મુજબનું આયોજન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યું છે.

ગુજરાત ટ્રાન્સપોર્ટના ક્ષેત્રમાં દેશભરમાં મોખરે છે. ગુજરાત ઔદ્યોગિક ઉત્પાદનમાં દેશભરમાં પ્રથમ છે. ગુજરાત ભારતના રોકાણ માટેનું સૌથી પસંદગીનું સ્થળ છે. છેલ્લા બે દાયકામાં રૂ. ૧.૪૧ લાખ કરોડનું મૂડીરોકાણ મેળવ્યું છે, જે ભારતમાં સર્વાધિક છે. દેશ દ્વારા સહયોગ કરાયેલા ૧૫૦ સ્ટાર્ટ-અપમાં ૪૩ ટકા હિસ્સા સાથે ગુજરાત દેશભરમાં નંબર વન છે. ●



# બંદરો અને વાહનવ્યવહાર માટે કુલ રૂ. ૧૫૦૪ કરોડની જોગવાઈ



ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા પી.પી.પી. ધોરણે હજીરા પોર્ટથી ડેડિકેટેડ ફ્રેઇટ કોરીડોર સુધી રેલવે કનેક્ટિવિટીનો પ્રોજેક્ટ આશરે રૂ. ૧૬૦૦ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવ્યો છે. ભાવનગર જૂના બંદર અને નવા બંદરની કનેક્ટિવિટી માટે ભાવનગર શહેરનો ૨૧.૬૦ કિલોમીટર લાંબો રિંગ રોડ રૂ. ૨૯૭ કરોડના ખર્ચે વિકસાવવાનું આયોજન છે. જામનગર ખાતે પોર્ટના ટ્રાફિકને સહેલાઈથી હાઈવે સુધી પહોંચાડી શકાય તે માટેના રિંગ રોડ રૂ. ૭૦ કરોડના ખર્ચે વિકસાવવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી છે. વડાપ્રધાનશ્રીની પી.એમ. ગતિશક્તિ યોજનાને સાકાર કરવા ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા ગુજરાત પોર્ટ ઍન્ડ લૉજિસ્ટિક કંપની લિમિટેડની રચના કરવામાં આવી છે.

ભારત સરકારની સાગરમાલા યોજના અંતર્ગત નવલખી બંદર ખાતે જેટી કન્સ્ટ્રક્શન અને માળખાકીય સુવિધાઓના વિસ્તૃતીકરણ તેમજ નવલખી બંદરના એપ્રૉચ રોડને ચાર-માર્ગીય નૅશનલ હાઈવે તરીકે વિકસાવવાનું કામ શરૂ કરવામાં આવ્યું છે. ભાવનગર ખાતે પી.પી.પી. ધોરણે રૂ. ૨૦૦૦ કરોડના સી.એન.જી. ટર્મિનલની કામગીરી શરૂ કરવામાં આવશે, જેના થકી મોટા પ્રમાણમાં પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ રોજગારીની તકો ઉપલબ્ધ થશે.

ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ દ્વારા ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપવા ઝીરો પ્રદૂષણ ધરાવતી ૫૦ ઇલેક્ટ્રિક બસો સાથે બી.એસ.-૬ ધોરણની ૧૨૦૦ નવી બસો પ્રજાની સેવામાં મૂકવા માટે રૂ. ૩૭૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાત ઇલેક્ટ્રિક વેહિકલ પૉલિસી અંતર્ગત આવતાં ચાર વર્ષમાં ૧ લાખ ૧૦ હજાર ટુ વ્હીલર વાહનો માટે વાહનદીઠ મહત્તમ રૂ. ૨૦ હજાર, ૭૦ હજાર થ્રી વ્હીલર માટે વાહનદીઠ મહત્તમ રૂ. ૫૦ હજાર અને ૨૦ હજાર ફોર વ્હીલર માટે વાહનદીઠ મહત્તમ રૂ. ૧ લાખ ૫૦ હજારની સબસિડી આપવાનો સરકારે નિર્ણય કર્યો છે. આ માટે રૂ. ૧૦૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ●



### ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ માટે રૂ. ૧૫,૫૬૮ કરોડની જોગવાઈ

# ગુજરાતનું ક્લીન-ગ્રીન એનર્જીની દિશામાં પ્રયાણ



સામાજિક અને આર્થિક વિકાસ માટે વીજળી એક પાયાની આવશ્યકતા છે. ગુજરાત રાજ્યમાં સ્વચ્છ, પર્યાવરણલક્ષી અને સાતત્યપૂર્ણ ઊર્જાને સુનિશ્ચિત કરવા માટે ગુજરાત સરકાર અનેકવિધ પગલાં લઈ રહી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની આગેવાનીમાં નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ ગુજરાત સરકારનું નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩નું બજેટ રજૂ કર્યું હતું, જેમાં ગુજરાત સરકારે પાયાની જરૂરિયાત એવા ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ માટે કુલ ૧૫,૫૬૮ કરોડની જોગવાઇ કરી છે.

- ખેડૂતોને રાત્રિના બદલે દિવસે ખેતી માટે વીજળી પૂરી પાડવાના ઉદ્દેશથી કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત આંતરમાળખાકીય સગવડોના વિકાસ માટે રૂ. ૧૪૦૦ કરોડની જોગવાઈ કરાઈ છે.
- બાકી રહેતાં તમામ કૃષિવિષયક વીજજોડાણો આપવાની કામગીરી પૂર્ણ કરવા માટે રૂ. ૧૦૪૬ કરોડની જોગવાઈ કરાઈ છે.
- તમામ ગ્રામપંચાયતોના વૉટર વર્ક્સ માટે વિનામૂલ્યે વીજળી પૂરી પાડવા અંદાજપત્રમાં રૂ. ૭૩૪ કરોડની જોગવાઈ કરાઈ છે.
- ગ્રાહકોને સાતત્યપૂર્ણ અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવાના ઉદ્દેશથી રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ અંતર્ગત વીજવિતરણ માટે માળખાકીય સુવિધાઓનું અપગ્રેડેશન અને સ્માર્ટ મીટરની યોજના માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઈ કરાઈ છે.
- વધુ ગુણવત્તાયુક્ત વીજપુરવઠો પૂરો પાડવાના આશયથી રાજ્યમાં ૫૬ નવાં સબ-સ્ટેશનો આદિજાતિ વિસ્તારોમાં અને ૩૩ સાગરકાંઠા વિસ્તારોમાં સ્થાપવામાં આવશે.
- ખેતીવાડી ફીડરોની જાળવણી અને વિભાજનની કામગીરી માટે રૂ.૧૧૦ કરોડની જોગવાઈ કરાઈ છે.
- કિસાન હિત ઊર્જા શક્તિ યોજના હેઠળ ઓછી ક્ષમતાનાં ૫ હજાર ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફૉર્મર લગાડવાની યોજના માટે બજેટમાં રૂ. ૬૦ કરોડની જોગવાઈ કરાઈ છે.
- આદિજાતિ વિસ્તારોમાં સારા વૉલ્ટેજ સાથે વધુ સાતત્યપૂર્ણ અને ગુણવત્તાયુક્ત વીજળી પૂરી પાડવા માટે રૂ.૫૦ કરોડની જોગવાઈ કરાઈ છે.
- ઍગ્રિકલ્ચર પંપના સોલરાઈઝેશન માટેની પી.એમ.-કુસુમ યોજના અંતર્ગત રૂ. ૪૧ કરોડની જોગવાઈ કરાઈ છે.
- અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને ઓછી આવક ધરાવતા પરિવારોને ઘરવપરાશના સિંગલ પોઇન્ટ વીજજોડાણ માટે રૂ. ૨૨ કરોડની જોગવાઈ કરાઈ છે.
- હૉટેલ, રેસ્ટોરન્ટ્સ, વૉટરપાર્ક, સિનેમાઘરો-મલ્ટિપ્લેક્સ અને જિમ્નશિયમને વર્ષ ૨૦૨૧-૨૨ માટે વીજબિલમાં ફિક્સ ચાર્જ ભરવામાંથી મુક્તિ આપવામાં આવી છે.
- ૩ લાખ ઉપરાંત ઘરોમાં સોલર રૂફટૉપ સ્થાપી ૧૬૮૦ મેગાવૉટની ક્ષમતા મેળવી રાજ્યે સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. વધુ સવા લાખ ઘરોને આ યોજના હેઠળ લાભ આપવા માટે રૂ.૮૨૫ કરોડની જોગવાઈ કરાઈ છે.
- સરકારી શાળા, કૉલેજો, હૉસ્પિટલોનાં મકાનો ઉપર સોલર રૂફટૉપ સ્થાપિત કરી ૧૦ મેગાવોટની ક્ષમતા ઊભી કરવા માટે રૂ. ૩૭ કરોડની જોગવાઈ કરાઈ છે.
- ૯ હજાર વિદ્યાર્થીઓને બૅટરી સંચાલિત ટુ-વ્હીલર વાહનો ખરીદવા સહાય આપવા માટે રૂ. ૧૧ કરોડની જોગવાઈ કરાઈ છે.
- તદ્દુપરાંત વન્ય પ્રાણીઓ દ્વારા પાકને થતું નુકસાન અટકાવવા ખેતરની ફરતે સોલર પાવર ફેન્સિંગમાં સહાય માટે અંદાજપત્રમાં રૂ. ૨૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ●

# વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ માટે રૂ. ૬૭૦ કરોડની ફાળવણી



આઇ.ટી. અને બી.ટી. પૉલિસી અંતર્ગત લાયકાત ધરાવતાં એકમો/વ્યક્તિઓને સહાય આપવા માટે રૂ. ૧૧૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ભારતનેટ પ્રોજેક્ટ દ્વારા રાજ્યની ૧૪ હજારથી વધુ ગ્રામપંચાયતોને ઑપ્ટિકલ ફાઇબર નેટવર્ક દ્વારા ઇન્ટરનેટથી જોડાણ કરી ગુજરાત દેશમાં સર્વપ્રથમ સિદ્ધિ હાંસલ કરનાર રાજ્ય બન્યું છે. આ હાઇસ્પીડ ઇન્ટરનેટ કનેક્ટિવિટીથી ગામમાં આવેલી શાળાઓ, આંગણવાડી, સ્વાસ્થ્ય કેન્દ્ર, પોલીસ સ્ટેશન, બીજી સરકારી અને સહકારી સંસ્થાઓને જોડાણ આપવા માટે જોગવાઈ રૂ. ૭૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. સાયન્સ સિટીમાં માનવ અને જીવવિજ્ઞાન ગૅલેરી સ્થાપવા માટે રૂ. ૨૫૦ કરોડના ખર્ચે આયોજન કરવામાં આવ્યું છે, જે પૈકી આગામી વર્ષે રૂ. ૪૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ●

## ગૃહ માટે કુલ રૂ. ૮૩૨૫ કરોડની જોગવાઈ



પોલીસ પેટ્રોલિંગ અને સેવાઓની જાળવણી માટે, ૨૨૫૬ વાહનો ખરીદવા રૂ. ૧૮૩ કરોડની જોગવાઇ, ગૃહ વિભાગ હેઠળ વિવિધ સંવર્ગની ૧૦૯૪ નવી જગ્યાઓ ઊભી કરવા માટે રૂ. ૪૧ કરોડની જોગવાઇ, પોલીસ ખાતા માટે ૪૮ હજારથી વધુ મકાનોનું નિર્માણ કર્યું છે, રહેણાક અને બિનરહેણાક મકાનોના નિર્માણ માટે રૂ. ૮૬૧ કરોડની ફાળવણી કરાઇ છે. જિલ્લા જેલ, સબ-જેલ અને સ્ટાફ ક્વાટર્સના નિર્માણ માટે રૂ. ૧૫૮ની કરોડ, વિશ્વાસ પ્રોજેક્ટ તથા અન્ય આઈ.ટી. પ્રોજેક્ટ માટે રૂ. ૭૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ડ્રીમ સિટી સુરત અને ગિફ્ટ સિટી ખાતે નવાં પોલીસ સ્ટેશન સ્થાપવામાં આવશે. બોર્ડર એરિયાની સિક્યોરિટી વ્યવસ્થાને સુદૃઢ કરવા માટે કચ્છ જિલ્લામાં ધોરડો, હાજીપીર અને ગાગોદરા આઉટપોસ્ટને પોલીસ સ્ટેશનમાં અપગ્રેડ કરવામાં આવશે. ઈ-ગુજકોપ પ્રોજેક્ટ અંતર્ગત હાર્ડવેર અને સોફ્ટવેરની ખરીદી કરવા માટે રૂ. ૨૮ કરોડ, હાલની ટુ ફિંગરના સ્થાને ફાઇવ ફિંગર આધારિત ઑટોમેટેડ ફિંગર આઇડેન્ટિફિકેશન સિસ્ટમ ખરીદ કરવા માટે રૂ. ૩૪ કરોડ, પોલીસ આધુનિકીકરણ યોજના હેઠળ રૂ. ૧૫ કરોડ, બૉમ્બ ડિસ્પોઝલ એન્ડ ડિટેક્શન સ્ક્વૉડની કામગીરી માટે સાધન-સામગ્રીની ખરીદી કરવા માટે રૂ. ૫ કરોડની જોગવાઇ કરાઇ છે. જેલો તેમ જ આનુષંગિક કચેરીઓ ખાતે CCTV લગાડવા રૂ. ૩ કરોડ, રેપિડ ડ્રગ ટેસ્ટ માટે મોબાઇલ ડ્રગ ટેસ્ટિંગ ઍનલાઇઝરની ખરીદી તેમજ સિરોલૉજિકલ પદ્ધતિના બદલે લુપ મેડિયેટેડ આઇસોથર્મલ એમ્પ્લિફિકેશન સિસ્ટમનાં સાધનોની ખરીદી માટે રૂ. ૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ●

## રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે કુલ રૂ. ૫૧૭ કરોડની ફાળવણી

વર્ષ-૨૦૧૯માં યોજાયેલા ખેલ મહાકુંભમાં ૪૦ લાખ જેવી વિશાળ સંખ્યામાં બાળકો અને યુવાનોએ ૩૬ જેટલી વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. ખેલ મહાકુંભ અંતર્ગત આગામી વર્ષ માટે રૂ. ૭૩ કરોડની જોગવાઇ, વલસાડ, ગીર-સોમનાથ, બોટાદ, દેવભૂમિ દ્વારકા, મોરબી, મહીસાગર, અરવલ્લી, સુરત અને નવસારી ખાતે જિલ્લા કક્ષાનાં સ્પોર્ટ્સ સંકુલ માટે રૂ. ૪૭ કરોડ, જિલ્લા કક્ષાએ સ્પોર્ટ્સ સ્કૂલ (ડી.એલ.એસ.એસ)માં ૩૯ શાળાઓના અંદાજે ૪૩૫૦ વિદ્યાર્થીઓને સવલતો પૂરી પાડવા રૂ. ૪૩ કરોડની જોગવાઇ કરાઇ છે. વડોદરા જિલ્લાના ડેસર ખાતે સ્થપાયેલ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી માટે વધુ સુવિધાઓ વિકસાવવા રૂ. ૧૦ કરોડની જોગવાઇ કરાઇ છે. કલા, સાહિત્ય અને સંસ્કૃતિ ક્ષેત્રની પ્રતિભાશાળી વ્યક્તિઓને અવસર પૂરો પાડવા કલા મહાકુંભ અંતર્ગત રૂ. ૮ કરોડની ફાળવણી, રાજપીપળા અને આહવા ખાતે જિલ્લા કક્ષાની તથા વઘઈ, તરસાડી કોસંબા, ડેડિયાપાડા, ભીલોડા અને ઉમરપાડા ખાતે તાલુકા કક્ષાની અદ્યતન ઈકો ફ્રેન્ડલી સ્માર્ટ ગ્રીન લાઇબ્રેરીના નિર્માણ માટે રૂ. ૮ કરોડ અને સુરત ખાતે રમતગમતની આંતરરાષ્ટ્રીય કક્ષાની અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ સેન્ટર ઓફ એક્સેલન્સના નિર્માણ માટે રૂ. ૫ કરોડની ફાળવણી કરાઇ, વ્યારા ખાતે ૨૦૦ ખેલાડીઓ માટે હૉસ્ટેલના બાંધકામ અને ફોર લેન સિન્થેટિક ઍથ્લેટિક ટ્રેક સાથેનું ફૂટબૉલ ગ્રાઉન્ડ માટે રૂ. ૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ●

## રાજ્યમાં ૭૫ નમો વનનું નિર્માણ કરાશે



વનો તેમજ ઘાસિયા વિસ્તારોના વિકાસ, સંવર્ધન અને સંરક્ષણની કામગીરી માટે રૂ. ૪૮૦ કરોડની જોગવાઇ, વનવિસ્તાર સિવાયના વિસ્તારોમાં સામાજિક વનીકરણ માટે રૂ. ૩૨૫ કરોડ અને વન્ય પ્રાણીઓના નિભાવ અને સંરક્ષણ માટે રૂ. ૩૨૪ કરોડની ફાળવણી, વળતર વનીકરણ તથા અન્ય વન વિકાસની કામગીરીઓ માટે રૂ. ૧૫૨ કરોડ તેમજ વન ચેતના કેન્દ્ર, નવા ઘાસ ગોડાઉન અને ઔષધીય વનના કામો માટે રૂ. ૧૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ભારતના રાષ્ટ્રીય વૃક્ષ અને સેંકડો વર્ષો સુધી જીવંત રહેનાર વડનાં વૃક્ષોનું ૭૫ સ્થળોએ વાવેતર કરી ૭૫ નમો વડ વનનું નિર્માણ કરવામાં આવશે. શિવરાજપુર બીચને બ્લ્યુ ફ્લેગ આંતરરાષ્ટ્રીય બીચ તરીકે માન્યતા મળી છે તે જ ધોરણે તીથલ-વલસાડ, માંડવી-કચ્છ, માધવપુર-પોરબંદર અને અહેમદપુર માંડવી-ગીરસોમનાથ ખાતે બ્લ્યુ ફ્લેગ બીચના વિકાસ રૂ. ૮ કરોડ, બામ્બુ મિશન યોજના હેઠળ આર્થિક મહત્ત્વ ધરાવતા વાંસનું ૫૮૯૧ હેક્ટરમાં વાવેતર કરવા માટે ખેડૂતોને પ્રોત્સાહિત કરવા રૂ. ૨૦ કરોડની જોગવાઇ કરાઇ, લુપ્ત થતાં તેમ જ દુર્લભ પ્રાણીઓ, જેવાં કે કોરલ રીફ, ડોલ્ફિન, ડુગોંગ તેમજ વરુના સંરક્ષણ અને સંવર્ધન માટે રૂ. ૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.●



# વિધાનસભામાં લોકપ્રશ્નોને મળી વાચા

*લોકહિતનાં કાર્યો કરી ચૂંટાયેલા ધારાસભ્યશ્રીઓએ લોકપ્રહરી તરીકે ખરા ઊતરવાનું હોય છે. વિધાનસભામાં વિકાસકાર્યોને વાચા આપવાનું બહૂમૂલ્ય કાર્ય આ લોકપ્રહરીઓના શિરે હોય છે. ૧૪મી વિધાનસભાના દસમાં સત્ર દરમિયાન લોકો દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોનું પ્રતિનિધિત્વ ધારાસભ્યશ્રીઓએ કર્યું હતું. સમગ્ર પ્રશ્નોત્તરીને સમાવવાં શક્ય ન હોવા છતાં વિધાનસભા સત્રની કામગીરીની ઝલક અત્રે રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.*



અમદાવાદ જિલ્લામાં ઘાસચારા વિકાસ કાર્યક્રમ યોજના અંગે **અમરાઈવાડીના ધારાસભ્ય શ્રી જગદીશભાઈ પટેલે** પૂછેલા પ્રશ્નના જવાબનો ઉત્તર આપતા કૃષિમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ૨૮૦૦ કિટનું વિતરણ કરવામાં આવ્યું છે.



**વઢવાણના ધારાસભ્ય શ્રી ધનજીભાઈ પટેલે** સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંગે પૂછેલા પ્રશ્નનો જવાબ આપતાં ગ્રામ વિકાસ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, જિલ્લામાં ૫૦૧ આવાસ મંજૂર થયા છે, જે અંતર્ગતના ૪૨૦ આવાસ પૂર્ણ થયા છે.



સુરક્ષા સેતુ યોજના અંગે **હિંમતનગરના ધારાસભ્યશ્રી રાજેન્દ્રસિંહ ચાવડા**એ પૂછેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં મુખ્યમંત્રીશ્રી (ગૃહ)એ જણાવ્યું હતું કે, સુરક્ષા સેતુ યોજના અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં ૭૩૮૧ મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવી છે.



અમરેલી જિલ્લામાં વિવેકાધીન ગ્રાન્ટ હેઠળ મંજૂર થયેલાં કામો અંગે **સાવરકુંડલાના ધારાસભ્ય શ્રી પ્રતાપભાઈ દુધાતે** પૂછેલા પ્રશ્નનો જવાબ આપતાં મુખ્યમંત્રીશ્રી (વહીવટી સુધારણા અને આયોજન)એ જણાવ્યું હતું કે, છેલ્લાં બે વર્ષમાં અમરેલી જિલ્લાના સાવરકુંડલા અને લીલિયા તાલુકામાં ૧૫% વિવેકાધીન ગ્રાન્ટ હેઠળ રૂ. ૫૧૨.૫૭ લાખનાં કુલ ૧૯૪ કામો મંજૂર કરવામાં આવ્યાં છે.



છેલ્લાં બે વર્ષમાં કેટલાં સ્પોટ્‌ર્સ સંકુલ બનાવાયાં એ અંગે **સિદ્ધપુરના ધારાસભ્ય શ્રી ચંદનજી ઠાકોરે** પૂછેલા પ્રશ્નનો ઉત્તર આપતાં રમત-ગમત મંત્રીશ્રીએ જણાવ્યુ કે, રૂ. ૮૨૬૯ કરોડના ખર્ચે ૯ સ્પોર્ટસ સંકુલ બનાવવામાં આવ્યાં છે.



**નરોડાના ધારાસભ્ય શ્રી બલરામ થવાણી**એ અમદાવાદ જિલ્લામાં બકરા એકમ અંગે પૂછેલા પ્રશ્નના જવાબમાં પશુપાલન મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, છેલ્લાં બે વર્ષમાં ૨૩ લાભાર્થીઓને લાભ મળ્યો છે, જે અન્વયે રૂ. ૧૦,૩૫,૦૦૦ની સહાય આપવામાં આવી છે.

દાહોદ જિલ્લામાં માનવદિન રોજગારી અંગે લીમખેડાના ધારાસભ્ય શ્રી શૈલેશભાઈ ભાભોરે પૂછેલા પ્રશ્નના જવાબમાં ગ્રામવિકાસ મંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે, છેલ્લાં બે વર્ષમાં મનરેગા યોજના અંતર્ગત કુલ ૧,૫૪,૧૫,૭૯૩ માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવાની હતી. તેની સામે ૨,૦૧,૪૭,૬૪૬ માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવેલી છે.





વડોદરા જિલ્લામાં યોજાયેલા પશુ મેળા અંગે વાઘોડિયાના ધારાસભ્ય શ્રી મધુભાઈ શ્રીવાસ્તવે પૂછેલા સવાલનો જવાબ આપતા પશુપાલન મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, છેલ્લા બે વર્ષમાં ૩૮૨ પશુ મેળા યોજાયા છે. જેમાં ૭૬,૨૦૭ પશુઓને સારવાર આપવામાં આવી.

અબડાસાના ધારાસભ્ય શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજાએ પુછેલા પ્રશ્નનો જવાબ આપતા ગ્રામ વિકાસ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના અંતર્ગત કચ્છ જિલ્લામાં ૩૪૫ જળસંગ્રહના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે.





મહેસાણા જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંગે કડીના ધારાસભ્ય શ્રી કરશનભાઈ સોલંકીએ પૂછેલા પ્રશ્નનો જવાબ આપતા ગ્રામ વિકાસ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૯૦૧ આવાસ બનાવવાનું આયોજન હતુ.

જૂનાગઢ અને ડાંગ જિલ્લામાં જમીન ભાડે અથવા વેચાણથી આપવા અંગે વિસાવદરના ધારાસભ્ય શ્રી હર્ષદભાઈ રીબડિયાએ પૂછેલા પ્રશ્નનો પ્રત્યુત્તર આપતા મહેસૂલ મંત્રીશ્રીએ જણાવ્યુ કે, છેલ્લા બે વર્ષમાં ભાડે અથવા વેચાણ આપેલ જમીનથી જૂનાગઢ જિલ્લામાં રૂ.૫,૧૮,૨૭,૩૭૨ની તથા ડાંગ જિલ્લામાં રૂ.૩૮,૯૦,૬૦૩ની આવક થઈ છે.





## ભિલોડાના ધારાસભ્ય ડૉ. અનિલભાઇ જોષીયારાને શ્રધ્ધાસુમન અર્પણ કરતા રાજ્યપાલ - CM

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ભિલોડા મત ક્ષેત્રના ધારાસભ્ય શ્રી ડૉ. અનિલ જોષીયારાના ચૈન્નાઇ ખાતે સારવાર દરમિયાન થયેલા દુ:ખદ અવસાન અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, સ્વ. ડો. અનિલ જોષીયારા એક જાગૃત જનપ્રતિનિધિ તરીકે હંમેશા યાદ રહેશે. તેમણે સદગતના પરિવારજનોને દિલસોજી પણ પાઠવી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે સદગત ડૉ. જોષીયારાને શ્રદ્ધાંજલી પાઠવતા જણાવ્યું હતું કે, ડૉ. જોષીયારાએ આદિજાતિ સમાજ અને પોતાના મત ક્ષેત્ર સહિત સૌના લોક પ્રશ્નોની રજૂઆતો તથા નિવારણ માટે એક જાગૃત જન પ્રતિનિધિ તરીકે આપેલું યોગદાન અવિસ્મરણીય રહેશે. મુખ્યમંત્રીશ્રીએ દિવંગત ધારાસભ્ય ડૉ. અનિલ જોષીયારાના આત્માની શાશ્વત શાંતિ માટે પ્રાર્થના કરી હતી. ●

# આંતરરાષ્ટ્રિય મહિલા દિવસની ગૌરવભેર ઉજવણી



મહિલા શક્તિના સર્વગ્રાહી કલ્યાણ માટે રાજ્ય સરકારે સ્વાસ્થ્ય-શિક્ષા અને સુરક્ષાનો ત્રિસ્તરીય અભિગમ અપનાવ્યો છે.રાજ્ય સરકારે આઝાદીના અમૃત મહોત્સવના આ વર્ષે મહિલા બાળ કલ્યાણ વિભાગના બજેટમાં ૪૨ ટકાનો ધરખમ વધારો કરીને ૪૯૭૬ કરોડ રૂપિયા નારીશક્તિના સર્વાંગી ઉત્કર્ષ માટે ફાળવ્યા છે. રાજ્ય સરકારની કાર્યપ્રણાલીમાં નારીવંદના છલકાય છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ ગાંધીનગરમાં આંતરરાષ્ટ્રિય મહિલા દિવસના ઉપલક્ષ્યમાં આયોજિત સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય મંત્રીશ્રીએ વર્ષ ૨૦૨૦-૨૦૨૧ અને ૨૦૨૧-૨૨ના ગુજરાત મહિલા વિકાસ પુરસ્કાર, આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને માતા યશોદા પુરસ્કાર અંતર્ગત રોકડ પુરસ્કાર, શોલ અને પ્રમાણપત્ર અર્પણ કર્યા હતા.

તેમણે મહિલા અને બાળ કલ્યાણ રાજ્યમંત્રી શ્રીમતી મનિષાબહેન વકીલ, આરોગ્ય રાજ્યમંત્રી નિમિષાબહેન સુથારની ઉપસ્થિતીમાં આ સમારોહમાં ગંગા સ્વરૂપા માતાઓનું સન્માન, વહાલી દિકરી યોજનાના કુલ ૧.૧૦ લાખના મંજૂરી સહાય હુકમ વિતરણ તેમજ મહિલા સ્વાવલંબન યોજનાની લાભાર્થી બહેનોને સહાયના ચેક પણ અર્પણ કર્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ બાળકોને પૂરક પોષક આહાર રૂપે આર્યનયુક્ત ફોર્ટિફાઇડ આટાનું લોન્ચીંગ કરતાં સ્વસ્થ અને તંદુરસ્ત પેઢીના નિર્માણ માટે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇએ રાસાયણિક ખાતરમુકત પ્રાકૃતિક ખેતીનો જે રાહ ચીંધ્યો છે તે તરફ વળવાનું માતૃશક્તિને પ્રેરક આહવાન પણ કર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ આંતરરાષ્ટ્રિય મહિલા દિવસની ગૌરવ ઉજવણી અવસરે તાજેતરના ભૂતકાળમાં પેરા ઓલિમ્પિકસમાં રાજ્યનું પ્રતિનિધિત્વ કરનારી ૬ દિકરીઓની સિદ્ધિ ગાથા તથા યુક્રેન-રશિયા યુદ્ધની પ્રવર્તમાન સ્થિતીમાં ભારતીયોને 'ઓપરેશન ગંગા' અન્વયે ફલાઇટમાં સહિસલામત સ્વદેશ પરત લાવનારી કચ્છની પાયલટ દિકરી દિશા ગડાની સફળતાને પણ બિરદાવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં માતા-બહેનો-દિકરીઓની આપાતકાલિન સહાયતા માટે ૧૮૧ અભયમ હેલ્પલાઇન સહિતની નારી સુરક્ષા યોજનાઓનું વિવરણ કર્યુ હતું. તેમણે આ પ્રસંગે દેવભૂમિ દ્વારકા ખાતે રૂ. ૪૮.૬૯ લાખના ખર્ચે નવનિર્મિત સખી વનસ્ટોપ સેન્ટરનું, રુ. ૪.૯૭ કરોડના ખર્ચે નિર્માણ થયેલી ૭૨ આંગણવાડીઓનું ઇ-લોકાર્પણ તથા રૂ. ૨.૬૧ કરોડના ખર્ચે તૈયાર થનારી ૨૩ આંગણવાડીના ઇ-ભૂમિપૂજન સંપન્ન કર્યા હતા.

મહિલા અને બાળ કલ્યાણ રાજ્ય મંત્રી શ્રીમતી મનિષાબહેન વકીલે આંતરરાષ્ટ્રિય મહિલા દિવસની સૌ બહેનોને શુભેચ્છાઓ પાઠવી હતી.

આ અવસરે મહિલા ધારાસભ્યશ્રીઓ સર્વશ્રી સંગીતાબહેન પાટિલ, કલ્પનાબહેન મોહિલે, ઝંખનાબહેન પટેલ, મહિલા અગ્રણી લીલાબહેન અંકોલિયા તેમજ ગાંધીનગરના મેયર શ્રી હિતેશ મકવાણા સહિત અધિકારી અને વિશાળ સંખ્યામાં માતૃ-ભગિની શક્તિ ઉપસ્થિત રહ્યા હતા. ●

# રાજ્યના મહિલા ધારાસભ્યોને વિશેષ ભેટ

ગુજરાતની ચૌદમી વિધાનસભાના દસમાં સત્રમાં વિધાનસભા ગૃહના નેતા અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આંતરરાષ્ટ્રિય મહિલા દિવસના ઉપલક્ષ્યમાં રાજ્યના મહિલા જનપ્રતિનિધિઓને એક વિશેષ ભેટ આપી છે. મુખ્યમંત્રીશ્રીએ વિધાનસભા ગૃહમાં પ્રશ્નોત્તરી સમય પૂર્વે આ અંગેની જાહેરાત કરતાં જણાવ્યું કે, રાજ્યના મહિલા ધારાસભ્યોને ધારાસભ્ય તરીકે લોકહિતના કાર્યો માટે મળતી નિયમિત ગ્રાન્ટમાં સવા કરોડ રૂપિયાનો વધારો કરવામાં આવશે. તદઅનુસાર હવે, જનપ્રતિનિધિઓને મળતી વાર્ષિક દોઢ કરોડની ગ્રાન્ટમાં રાજ્યના મહિલા વિધાયકોને વધારાના સવા કરોડ રૂપિયાની ગ્રાન્ટ મળશે. મુખ્યમંત્રીશ્રીએ વિધાનસભાનું ગરિમામય અધ્યક્ષ પદ સંભાળી રહેલા પ્રથમ મહિલા અધ્યક્ષા ડૉ. નીમાબહેન આચાર્ય તેમજ ગૃહના સૌ મહિલા ધારાસભ્યોને વિશ્વ મહિલા દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે રાજ્યના પ્રથમ પૂર્વ મહિલા મુખ્યમંત્રીશ્રી અને ઉત્તરપ્રદેશના વર્તમાન રાજ્યપાલ શ્રીમતી આનંદીબહેન પટેલના યોગદાનનું પણ સ્મરણ કર્યુ હતું. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સમગ્ર નારીશક્તિની ઉત્તરોત્તર પ્રગતિની શુભકામનાઓ પણ આ વેળાએ વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીશ્રી અને ગૃહના નેતા શ્રી ભૂપેન્દ્ર પટેલની આ જાહેરાતને સૌ સભ્યોએ પાટલી થપથપાવી વધાવી લીધી હતી ●

## ધોરડોમાં યોજાયું મહિલા સંત સંમેલન

# મહિલાઓ નૈતિકતા, વફાદારી, નિર્ણાયકતા અને નેતૃત્વનું પ્રતિબિંબ - વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી







આંતરરાષ્ટ્રીય મહિલા દિન અવસરે કચ્છના ધોરડોમાં રાજ્યનું પ્રથમ મહિલા સંત સંમેલન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલી ઉપસ્થિતિમાં યોજાયું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મહિલા સંત શિબિરને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, મહિલાઓ નૈતિકતા, વફાદારી, નિર્ણાયકતા અને નેતૃત્વનું પ્રતિબિંબ છે. આપણા વેદ અને પરંપરાએ આહવાન આપ્યું છે કે મહિલાઓ રાષ્ટ્રને દિશા આપવા માટે સક્ષમ જોઈએ. મહિલાઓની પ્રગતિ હંમેશા રાષ્ટ્રના સશક્તીકરણને બળ આપે છે.

દેશની પ્રાથમિક્તા ભારતની વિકાસ યાત્રામાં મહિલાઓની સંપૂર્ણ ભાગીદારીમાં રહેલી છે. વડાપ્રધાનશ્રીએ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની શુભેચ્છા પાઠવતા જણાવ્યુ હતુ કે, કચ્છની મહિલાઓએ સમગ્ર સમાજને પડકારો સામે લડવાનું અને જીતવાનું શીખવ્યું છે. વડાપ્રધાનશ્રીએ પાણીની જાળવણી માટેની કચ્છની મહિલાઓની ભૂમિકાની પણ પ્રશંસા કરી હતી. વડાપ્રધાનશ્રીએ ૧૯૭૧ના યુદ્ધમાં આ વિસ્તારની વીરાંગના મહિલાઓના યોગદાનને યાદ કર્યું હતું.

ભારતની વિકાસ યાત્રામાં મહિલાઓની સંપૂર્ણ ભાગીદારી રહેલી છે. વડાપ્રધાનશ્રીએ જણાવ્યુ કે, સરકાર મહિલાઓને આર્થિક મદદ પણ કરી રહી છે જેના દ્વારા મહિલાઓ આગળ વધી શકે, પોતાના સપના પૂરા કરી શકે અને પોતાનું કામ શરૂ કરી શકે. "સ્ટેન્ડઅપ ઈન્ડિયા' હેઠળ ૮૦ ટકાથી વધુ લોન મહિલાઓના નામે છે.

સરકાર દ્વારા મહિલાઓ માટે પ્રસૂતિની રજા ૧૨ અઠવાડિયાથી વધારીને ૨૬ અઠવાડિયા કરી છે. કાર્યસ્થળ પર મહિલાઓની સુરક્ષા માટેના કાયદા વધુ કડક બનાવવામાં આવ્યાં છે. દુષ્કર્મ જેવા જઘન્ય ગુના માટે મૃત્યુદંડની જોગવાઈ પણ કરવામાં આવી છે. પુત્ર અને પુત્રી સમાન છે તે ધ્યાનમાં રાખીને વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતુ કે, સરકાર પુત્રીઓના લગ્નની ઉંમર વધારીને ૨૧ વર્ષ કરવાનો પ્રયાસ કરી રહી છે. આજે, દેશ સશસ્ત્ર દળોમાં દીકરીઓની વધુ ભૂમિકાઓને પ્રોત્સાહન આપી રહ્યો છે, સૈનિક શાળાઓમાં દીકરીઓનો પ્રવેશ શરૂ થઈ ગયો છે.

દેશમાં ચાલી રહેલા કુપોષણ સામેના અભિયાનમાં મદદ કરવા વડાપ્રધાનશ્રીએ લોકોને વિનંતી કરી હતી. તેમણે બેટી બચાવો બેટી પઢાવોમાં મહિલાઓની ભૂમિકા ઉપર પણ ભાર મૂક્યો હતો. તેમણે 'કન્યા શિક્ષા પ્રવેશ ઉત્સવ અભિયાન'માં લોકોને ભાગીદારી માટે જણાવ્યું હતું.

'વૉકલ ફોર લોકલ' એ અર્થતંત્ર સાથે સંબંધિત એક મોટો વિષય બની ગયો છે, પરંતુ તેનો મહિલા સશક્તીકરણ સાથે ઘણો સંબંધ છે, મોટાભાગના સ્થાનિક ઉત્પાદનોની સત્તા મહિલાઓના હાથમાં છે, એમ તેઓએ જણાવ્યું હતું.

કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી સ્મૃતિ ઇરાનીએ જણાવ્યું હતું કે વરસના ૩૬૫ દિવસ જે સ્ત્રી પોતાને દિકરી, માં, પત્ની, બેન તરીકે જે ત્યાગ સેવા કરે છે તે આ એક દિવસની દરકાર કરી સન્માન પામે છે. મહિલા શિક્ષણદાતા સરસ્વતીરૂપ છે એવી સશક્ત મહિલા સમૃધ્ધ ભારતનું નિર્માણ કરે છે. વડાપ્રધાનશ્રીની પરિકલ્પનાથી મહિલાના કલ્યાણ માટે સશક્ત મહિલા સમૃધ્ધ ભારતની પરિકલ્પના છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આયુષ્યમાન કાર્ડ હેઠળ ૨૪૦૦થી વધારે હોસ્પિટલમાં દેશના ૧૦ કરોડ ગરીબ પરિવારોને વિનામૂલ્યે સારવાર આપી છે. સરકારના ૧૮ મંત્રાલયો મહિલા અને બાળ વિકાસના માધ્યમથી પોષણ અભિયાનમાં દરેક પોતાની સેવા આપે છે. સરકારના પ્રયત્નથી ૧૨ લાખ આંગણવાડીઓને પગલે ૪૦ કરોડ મહિલાને લાભ મળ્યો છે. દેશમાં ૮.૩૦ લાખ આંગણવાડી કાર્યકર્તાઓને ભારત સરકારના સૌજન્યથી મોબાઇલ ફોન આપી ટેકનોલોજીથી પોષણ અભિયાનનું સરવૈયું રાખી શકે છે. ૧૦ લાખથી વધુ આંગણવાડી બહેનોની તાલીમ પોષણ અભિયાન હેઠળ અપાઈ છે. આ સંમેલનમાં સાધ્વી શ્રી ઋતંભરાજી, શિક્ષણ રાજયમંત્રી શ્રી કિર્તીસિંહ વાઘેલા, કેન્દ્રીય રાજ્ય સ્વાસ્થ્ય મંત્રી ડો. ભારતીબહેન પવાર, કેન્દ્રીય ગ્રામીણ વિકાસ રાજ્ય મંત્રી શ્રી સાધ્વી નિરંજના દેવી, સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા, કલેક્ટર શ્રી પ્રવિણા ડી.કે તેમજ વિવિધ પ્રાંતનાં સાધ્વીજીઓ મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. ●

## પાલ-દઢવાવ હત્યાકાંડમાં શહિદ થયેલા વનબાંધવોને શ્રદ્ધાંજલી

લગાન વધારાના જુલમ સામે વિરોધ નોંધાવવા ૭ માર્ચ ૧૯૨૨ના દિવસે પાલ-દઢવાવમાં એકઠા થયેલા ૧૨૦૦ આદિવાસી બાંધવો પર બ્રિટીશરોએ ગોળીઓ વરસાવી અને વિંધી નાખ્યા હતા. ૧૯૧૯ના જલિયાવાલા બાગ હત્યાકાંડથી પણ વધુ ક્રૂર આ હત્યાકાંડ ગુજરાતના પાલ-દઢવાવમાં થયો હતો.

આ ભિષણ રક્તપાતને ઇતિહાસમાં શહિદ સ્મૃતિ તરીકે અમર રાખવા ૭ માર્ચ-૨૦૨૨ ને શહિદ શતાબ્દી દિન તરીકે પાલ-દઢવાવમાં મનાવવામાં આવ્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે આ સ્મૃતિ દિવસમાં ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સથી સહભાગી થતાં વનવાસી શહિદોને ભાવાંજલિ આપી હતી. આ ૧૨૦૦ વનવાસી શહિદવીરોની સ્મૃતિને ચિરંજીવ રાખવા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતમાં તેમના મુખ્યમંત્રી પદ કાળ દરમ્યાન ૨૦૦૩માં ૧૨૦૦ વૃક્ષો વાવી શહિદ સ્મૃતિ વન ઊભું કર્યુ છે. આ શહિદ સ્મૃતિ વન વનવાસી શહિદોને યથોચિત શ્રદ્ધાંજલિ છે

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આઝાદી-સ્વતંત્રતા સંગ્રામની આવી વિસરાયેલી ઘટના અને આઝાદી સંગ્રામના વિરલાઓને જન-માનસમાં ઉજાગર કરવા આ વર્ષે પ્રધાનમંત્રીશ્રીની પ્રેરણાથી આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવાઇ રહ્યો છે.

આ અવસરે આદિજાતિ કલ્યાણ મંત્રી શ્રી નરેશભાઇ પટેલ, રાજ્યમંત્રી શ્રી વિનોદભાઇ મોરડીયા તેમજ આદિજાતિ વિકાસ સચિવ શ્રી ડૉ. મુરલીક્રિષ્ણા ગાંધીનગરથી સહભાગી થયા હતા. પાલ-દઢવાવના કાર્યક્રમ સ્થળે શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી કુબેરભાઇ ડીંડોર, સાંસદ શ્રી દિપસિંહજી અને શ્રીમતી રમિલાબહેન બારા સહિત જિલ્લાના પદાધિકારીઓ, અધિકારીઓ અને વનવાસી બાંધવો ઉપસ્થિત રહ્યા હતા. ●

## વુમન સ્ટાર્ટઅપ્સ સ્ટોરીઝ વર્ણવતી કોફી ટેબલ બુકનું વિમોચન



I-Hub અને SSIP અંતર્ગત તૈયાર કરાયેલી કોફી ટેબલ બુક "૭૫ સ્ટોરિઝ ઓફ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન"નું આંતરરાષ્ટ્રીય મહિલા દિવસેમુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલનાં હસ્તે અને શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણીની ઉપસ્થિતિમાં વિમોચન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રી ગુજરાતની મહિલા શક્તિના બળે રાજ્યના સ્ટાર્ટ અપ અને ઇનોવેશન ક્ષેત્રને વધુ ઉન્નત બનાવવાના પ્રખર હિમાયતી છે. તાજેતરમાં જ મુખ્યમંત્રીશ્રીએ તેમના નિવાસસ્થાને રાજ્યના યુવા સ્ટાર્ટ અપ સંચાલકોને આમંત્રિત કરી તેમની સાથે વન-ટુ-વન સંવાદ કર્યો હતો.ઇનોવેશનના ૧૨ ક્ષેત્રો તેમજ રાજ્યની યુનિવર્સિટીઓ અને ઈન્ક્યુબેટર્સમાં યોગદાન આપનારી ૭૫ મહિલા સાહસિકોના સ્ટાર્ટ-અપ્સને વર્ણવતી કોફી ટેબલ બુકનું સંકલન શિક્ષણ વિભાગે કર્યું છે. ગુજરાતની મહિલાઓ સ્ટાર્ટ-અપ્સ કરવા પ્રેરાય તે માટે રાજ્ય સરકારે SSIP અને i-Hub અંતર્ગત WE-Start, Women Start-up Demo day, WE-engage જેવા ફ્લેગશિપ પ્રોગ્રામ અમલી બનાવ્યા છે. આ પ્રસંગે ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ વિભાગના રાજ્ય મંત્રી શ્રી કુબેરભાઇ ડીંડોર અને શિક્ષણ વિભાગના અગ્ર સચિવ શ્રી એસ. જે. હૈદર ઉપસ્થિત રહ્યા હતા. ●



**ચિત્રકાર ઉદય ઉલ્હસ કોરડે કૉફી અને પાણીથી કલાત્મક ચિત્ર બનાવે છે. તેમણે અત્યાર સુધીમાં 350 જેટલા કોફી પેઇન્ટિંગ બનાવ્યા છે. જેમાં મહાત્મા ગાંધીજી, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, શ્રી અમિતભાઈ શાહ જેવા અનેક મહાનુભાવોના ચિત્રોનો સમાવેશ થાય છે. તાજેતરમાં ઉદય ઉલ્હસ કોરડેએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની મુલાકાત કરીને કૉફીથી બનાવેલા તેમના ચિત્રની ભેટ આપી હતી.**







# સુરતમાં 'આંતરરાષ્ટ્રિય મહિલા અધિવેશન' યોજાયું



'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' નિમિત્તે ગાદીવાળા માતૃશ્રીના પ્રાગટ્યોત્સવ અંતર્ગત અખિલ ભારતીય દક્ષિણ વિભાગ શ્રી લક્ષ્મીનારાયણદેવ મહિલા મંડળ દ્વારા ઉત્તરપ્રદેશના રાજયપાલ શ્રીમતી આનંદીબેન પટેલના અધ્યક્ષસ્થાને સુરતમાં 'ભક્તિ અને શક્તિનો સમન્વય-આંતરરાષ્ટ્રીય મહિલા અધિવેશન' યોજાયું હતું. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ 'પોષણ પ્રસાદ, સુપોષિત ગુજરાત' અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે રાજયપાલ શ્રીમતી આનંદીબેને જણાવ્યું હતું કે, ઘરના સંસ્કારો, માતાપિતાના આશીર્વાદ ભગવાનના સામીપ્ય તરફ દોરી જાય છે. શ્રી લક્ષ્મીનારાયણદેવ મહિલા મંડળ અને સ્વામિનારાયણ સંપ્રદાય સમાજને સંસ્કારમય ઉછેર દિશાદર્શન કરવાની જવાબદારી સુપેરે નિભાવી રહ્યા છે, જે સરાહનીય છે.

ગુજરાતમાં ૪૦ વર્ષ સુધી બાળકોને કિશોરીઓને કુપોષણમુક્ત કરવા અને સુપોષણ જાગૃતિ અંગે પ્રયાસો કર્યા હતા, અને વર્ષ ૨૦૦૩ માં મહિલા અને બાળ વિકાસમંત્રી તરીકે સખી મંડળોની શરૂઆત કરાવી હતી એમ પણ રાજયપાલશ્રીએ જણાવ્યું હતું.

વડાપ્રધાનશ્રીએ શરૂ કરેલી મુદ્રા લોનના કારણે લાખો મહિલાઓ લોન લઈને આત્મનિર્ભર બની હોવાનો ઉલ્લેખ કરી તેમણે દીકરી, કિશોરીઓ દિનચર્યા અને ભોજન પ્રણાલીમાં પરિવર્તન લાવી પોષણયુક્ત આહાર લેવાની હિમાયત કરી હતી. સાથોસાથ તેમણે સર્વાઈકલ કેન્સર ન થાય તે માટે કિશોરીઓને કેન્સર પ્રતિરોધક વેક્સીન લેવાની અપીલ કરી હતી.●

# અમદાવાદના દસક્રોઇમાં મેજર બ્રિજનું લોકાર્પણ

રાજ્યમાં અવિરત વિકાસ કાર્યોની સરિતા વહી રહી છે. રાજ્યના તમામ ગામડાઓ, નગરો, મહાનગરોમાં વિકાસના અલગ અલગ પ્રકલ્પ ચાલુ જ છે. તાજેતરમાં અમદાવાદના દસક્રોઈ તાલુકાના ચાંદીયલ રણોદરા ચવલજ રોડથી ભાવડા ઉન્દ્રેલ ભીતીયાને જોડતા મેશ્વો નદી ઉપર અંદાજે રૂપિયા ૧૧ કરોડના ખર્ચે બનાવેલા મેજર બ્રિજનું રાજ્યના માર્ગ અને મકાન મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીએ લોકાર્પણ કર્યુ હતુ. તેમજ બે ઈલેક્ટ્રિક બસને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ બ્રિજના કારણે અમદાવાદ, મહીસાગર, ખેડા તથા અન્ય જિલ્લાના ઔદ્યોગિક વિકાસને વેગ મળશે. આ બ્રિજ બનવાથી હીરાપુર, હરણીયાવ, ભુવાલ, મામાકાના, ઉન્દ્રેલ તેમજ ચાંદિયલ, રણોદરા, ચવલજ તથા અન્ય આસપાસના ગામોના અંદાજે ૩૨ હજારથી વધુ નાગરિકોને લાભ મળશે.




આ બ્રિજના નિર્માણ પહેલા ચવલજથી ભીતીયા જવા માટે ચાંદિયલ-રણોદરા-ચવલજ રોડ થઈ અમદાવાદ-ઈન્દોર રાષ્ટ્રીય ધોરીમાર્ગથી ભાવડા-ઉન્દ્રેલ-મામાકાના રોડથી મામાકાના-ભીતીયા રોડ ૨૫ કિમી. નું અંતર કાપવુ પડતુ હતુ, જે હવે માત્ર ૧ કિમી.નુ જ રહ્યુ છે. આ હાઈ લેવલ સબમર્સિબલ બ્રિજ એપ્રોચ રસ્તા સાથે બનવાથી નાગરિકોને આવાગમન વધુ સુગમતા રહેશે. સાથે જ નજીકના ભવિષ્યમાં ગ્રામજનોને કૃષિ, ઔદ્યોગિક, શૈક્ષણિક તથા રોજગારી અર્થે ભવિષ્યમાં સોનેરી તકો ઉપલબ્ધ થશે. આ પ્રસંગે ગ્રામ વિકાસ મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણે જણાવ્યું કે, બ્રિજના નિર્માણથી ૨૫ કિલોમીટરનું અંતર હવે માત્ર એક કિલોમીટરમાં સમેટાઈ ગયું છે. ચવલજ ગામના આજુબાજુના ગામડાના લોકોના સમયની સાથે સાથે ડીઝલ અને પેટ્રોલની બચત પણ થવાની છે. 'સૌનો સાથ સૌનો વિકાસ' કરતી આ સરકાર રાજ્યના ગામડાં હોય કે જિલ્લાઓમાં માર્ગનો વિકાસ કરીને જનતાને કનેક્ટિવિટી સુવિધાઓ ઉપલબ્ધ કરાવી રહી છે. આ પ્રસંગે દસકોઈના ધારાસભ્ય શ્રી બાબુભાઈ પટેલ, જિલ્લા કલેકટર શ્રી સંદીપ સાગલે, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનિલ ધામેલિયા, વાહન વ્યવહાર અને માર્ગ વિભાગનાં અધિકારીઓશ્રી, ચીફ મિકેનિકલ એન્જિનિયર શ્રી એ.કે પરમાર, વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ●

# અમદાવાદમાં પીવાના પાણી માટે રૂ.૧૬૮ કરોડ મંજૂર



ચાલુ વર્ષે સમગ્ર રાજ્યમાં દરેક પરિવારને ઘરઆંગણે નળ દ્વારા પાણી મળી રહે તેવો રાજ્ય સરકારે લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે. જે અનુલક્ષીને અમદાવાદ મહાનગરપાલિકામાં પીવાના પાણીના વિતરણના કામો માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રૂ.૧૬૮.૭૩ કરોડના કામોને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

અમદાવાદ મહાનગરપાલિકાએ નલ સે જલ કાર્યક્રમને અનુલક્ષીને પીવાના પાણીના વિતરણ કામો માટે જાસપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના કમ્પાઉન્ડમાં ઓગમેન્ટેશન કરીને નવા કામો હાથ ધરવાનું આયોજન કર્યુ છે. મુખ્યમંત્રીશ્રી સમક્ષ આ હેતુસર, અમદાવાદ મહાનગરપાલિકાએ ગુજરાત શહેરી વિકાસ મિશન મારફતે દરખાસ્ત રજૂ કરી હતી.

તદઅનુસાર, ૨૦૦ મિલીયન લીટર પ્રતિદિન ક્ષમતાનો નવો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, વોટર પમ્પ હાઉસ સાથે બનાવવાની કામગીરી માટે અંદાજે ૮૫.૬૪ કરોડ રૂપિયાના કામો હાથ ધરાવાના છે. આ ઉપરાંત, જાસપૂર ટ્રીટમેન્ટ પ્લાન્ટથી સરદાર પટેલ રીંગરોડ-વૈષ્ણોદેવી સર્કલ સુધી ૨૫૦૦ મી.મી. વ્યાસની એમ.એસ. કલીયર વોટર પાઇપ લાઇન નાંખવાની કામગીરી પણ રૂ. ૮૩.૦૯ કરોડના અંદાજીત ખર્ચે થવાની છે. મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદના નાગરિકોને પૂરતું પાણી મળી રહે તેવા ઉદાત્ત જનહિત અભિગમથી આ કામો માટે રૂ.૧૬૮.૭૩ કરોડ સૈદ્ધાંતિક રીતે મંજૂર કર્યા છે.



અમદાવાદ મહાપાલિકાની આ સૂચિત યોજના અંતર્ગત જે કામો સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે હાથ ધરાશે, તેના મુખ્ય ઘટકોમાં એમ.એસ. પાઇપ લાઇન, ૨૦૦ એમ.એલ.ડી વોટર ટ્રિટમેન્ટ પ્લાન્ટ, પમ્પીંગ સ્ટેશન, કનેક્ટીંગ લાઇન, જાસપૂર વોટર વર્કસથી કે.ડી. હોસ્પિટલ, એસ.પી.રિંગ રોડ સુધી ૨૫૦૦ મી.મી ડાયા એમ.એસ પાઇપ લાઇન, ૩૦૦૦ મી.મી. ડાયા એમ.એસ પાઇપ પુશિંગના કામો વગેરેનો સમાવેશ થાય છે. ●

# મંગલાષ્ટકરૂપી આશીર્વાદથી દાંપત્યનો મંગળ પ્રારંભ કરતી દીકરીઓ

...લગ્નનો અવસર હતો. પરંતુ આ લગ્નનું આંગણુ સવિશેષ હતું. બે દીકરીઓના લગ્નનું આંગણું હતું વડોદરાનું નારી સંરક્ષણ ગૃહ. બાળપણથી જેને ઘર બનાવ્યું એવા વડોદરાના નિઝામપુરા સ્થિત નારી સંરક્ષણ ગૃહમાં શિતલ અને વંદનાના લગ્ન લેવાયા. મહિલા અને બાળ કલ્યાણ રાજય મંત્રી શ્રી મનિષાબહેન વકીલે લગ્નમાં ઉપસ્થિત રહી યુવતીઓને તેમના જ પરિવારનો હિસ્સો હોવાની અનુભૂતિ કરાવી હતી. તેમણે નવયુગલોને ઉજ્જવળ ભાવિની શુભકામનાઓ સાથે આશીર્વાદ આપ્યા હતા. તેમણે લગ્ન કરનાર શુભમ પવાર અને વિવેક વ્યાસ તથા તેમના પરિવારજનોએ લગ્ન માટે સંસ્થાની દીકરીઓનો સ્વીકાર કરી સમાજમાં નવો રાહ ચીંધ્યો હોવાનું જણાવ્યું હતું.



પ્રભુતામાં પગલાં પાડનાર દીકરીઓની વાત કરીએ તો, શિતલ અતુલભાઇ પવારના માતાનું મૃત્યુ થયા બાદ પિતા ક્યાંક ચાલ્યા ગયા હતા અને તે બાદ તેમના સંબંધી તેમને નારી સંરક્ષણ ગૃહમાં મૂકી ગયા હતા. ત્યારથી તેણે સંરક્ષણ ગૃહને જ પોતાનું ઘર બનાવ્યું. માતા-પિતાનો આશરો ગુમાવ્યા બાદ આ કપરી સ્થિતિમાં રાજ્ય સરકારે તેમનું લાલનપાલન કર્યું. એવી જ કહાની વંદનાની પણ છે. તે આઠ વર્ષની હતી ત્યારે તેમને અહીં લાવવામાં આવી હતી. વંદનાના ઉમરેઠ ગામના વિવેક સાથે અને શિતલના લગ્ન વડોદરા શહેરના શુભમ સાથે શાસ્ત્રોક્ત વિધીથી કરવામાં આવ્યાં હતા. આ ઉપરાંત આ લગ્ન પ્રસંગમાં બાળ કલ્યાણ મંત્રી શ્રી મનીષાબહેન વકીલ, સાસંદ શ્રી રંજનબહેન ભટ્ટ, પોલીસ કમિશનર ડો. શમશેરસિંગ સહિત અગ્રણીઓ સહિત આમંત્રિત મહેમાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી નવદંપતિને સુખી સાંસારીક જીવનના આશીર્વાદ આપ્યાં હતા. ●

# ફાગણ-ચૈત્રમાં ફરી જામશે આદિવાસી મેળાઓની રમઝટ

ઉર્વી રાવલ

ગુજરાતી લોકજીવનના અનેકવિધ રંગબેરંગી પાસાં અને લોકજીવનની વિશિષ્ટ છાપ લોકસમૂહ દ્વારા ઠેર ઠેર ઉજવતા લોકોત્સવો અને લોકમેળામાં દ્રષ્ટિગોચર થાય છે. માનવજીવનમાં આનંદ, ઉલ્લાસ અને ચેતનાના રંગ છાંટણા નાખી લોકહૈયાને હિલોળે ચડાવનાર મેળાઓ સદાય મોખરે રહ્યાં છે.



સમગ્ર દેશની સાથોસાથ ગુજરાતની જનતાએ પણ બે-બે વર્ષ સુધી કોરોના કાળના કપરા દિવસોનો સામનો કર્યો છે. લોકડાઉન, ક્વોરન્ટાઈન, હોસ્પિટલની ભાગદોડ સાથે ચિંતા અને તણાવમાં દિવસો વિતાવ્યાં છે. મેળાઓ અને ઉત્સવો એકધારા જીવનમાં ચેતનાનો નવો સંચાર કરે છે સાથોસાથ જાણ્યે અજાણ્યે સંસ્કૃતિનું જતન પણ કરે છે. ભાવી પેઢી પ્રાચીન વારસો જાણવા ઈન્ટરનેટ પર ગુગલમાં જઈને સર્ચ કરવાને બદલે જે તે સ્થળે જઈને જાત અનુભવથી એ માણે અને તેની આવનારી પેઢી પણ તેને વારસા સ્વરુપે સાચવે તે આવશ્યક છે.

કોરોના વિરામ બાદ આ વર્ષે ફરી ભાતિગળ લોકમેળો 'ડાંગ દરબાર'ના પડઘમ વાગ્યા છે. ડાંગ જિલ્લાના પોતિકા ઉત્સવ એવા ઐતિહાસિક 'ડાંગ દરબાર'ના ભાતિગળ લોકમેળાનું પ્રતિવર્ષ હોળી-ધૂળેટીના અગાઉના દિવસો દરમિયાન આહવા ખાતે આયોજન કરાતું હોય છે. ગતવર્ષે કોરોનાને કારણે મોકૂફ રહેલો 'ડાંગ દરબાર'નો સાંસ્કૃતિક લોકમેળો, આ વર્ષે પૂર્ણ ગરિમા સાથે યોજાયો. તે માટે જિલ્લા વહીવટી તંત્રએ પણ ભવ્ય તૈયારીઓ કરી હતી. ડાંગ દરબારમાં ડાંગી રાજાઓ, નાયકો તેમજ તેના ભાઈબંધો રંગબેરંગી પોશાકમાં સુસજ્જ થઈને આવ્યા હતા.

વડોદરાથી આશરે ૧૦૦ કિ.મી.ના અંતરે આવેલા રાઠવા આદિવાસીઓના મૂળ વતન છોટા ઉદેપુરમાં એટલે કે, પંચમહાલના છેડે મધ્યપ્રદેશની સરહદે આવેલા ક્વાંટ ગામમાં હોળી પછીના પાંચમા દિવસે કવાંટનો મેળો ભરાય છે. પચ્ચીસ ગામોમાંથી અને મધ્યપ્રદેશ તેમજ રાજસ્થાનમાંથી આદિવાસીઓ રંગબેરંગી કપડાં પહેરી મેળો માણવા આવે છે. મેળા દરમિયાન રાઠવા આદિવાસીઓ માટીમાંથી બનાવેલા ઘોડા અને અન્ય દૈવી આકૃતિઓને ગામની બહાર આવેલા દેવના સ્થાનકે મૂકી આવે છે અને માને છે કે દેવને તેઓએ ખુશ કર્યા છે. આદિવાસીઓના દરેક મેળાઓની જેમ આ મેળામાં પણ સંગીત અને નૃત્યનું ખાસ મહત્વ છે. આ મેળામાં લગ્ન સંબંધો પણ બને છે જે સામાજિક જીવનને ધબકતું રાખે છે.

હોળી પહેલા અગિયારસના દિવસે દાહોદ જિલ્લાના ઘણાં સ્થળે આમલી અગિયારસના મેળા ભરાય છે, તો વળી ધૂળેટીના દિવસે ગરબાડા તાલુકાના ગાંગરડી અને ઝાલોદ તાલુકાના રણીયાર ગામે ચુલનો મોટો મેળો ભરાય છે. પંચમહાલ, ભરુચ અને વડોદરા જિલ્લાના આદિવાસીઓ હોળીના બીજે દિવસે ચૂલનો મેળો માણે છે. આ મેળામાં એકાદ ફૂટ પહોળો અને છ ફૂટ લાંબા એક ખાડામાં બાવળના લાકડાના મોટા કોલસા સળગાવીને અંગારા પાડવામાં આવે છે. તેમાં સંપૂર્ણ શ્રધ્ધા સાથે આદિવાસી સ્ત્રી-પુરુષો હાથમાં નાળીયેર અને પાણીના લોટા સાથે સાત વાર અંગારા ઉપર ચાલે છે, પછી પગે લાગી નાળીયેર વધેરે છે. આમ લોકો પોતાના બાળકો અને પશુઓના રક્ષણ માટે રાખેલી બાધા છોડે છે.

આદિવાસીઓના ચૂલના મેળા જેવો જ અતિ પ્રસિધ્ધ બીજો મેળો 'ગોળ-ગધેડા'નો મેળો છે. હોળી પછીના પંચમા, સાતમા કે બારમા દિવસે ગરબાડા તાલુકાના જેસાવાડા ગામે મેદાનમાં 'ગોળ-ગધેડા'નો મેળો ભરાય છે. પૌરાણિક યુગના સ્વયંવરની


### ડેક્લેરેશન

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રકાશન સ્થળ | : | માહિતી નિયામકશ્રીની કચેરી, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦ |
| ૨. | પ્રકાશનની સામયિકતા | : | પાક્ષિક |
| ૩. | મુદ્રકનું નામ | | ૧. સાહિત્ય મુદ્રણાલય પ્રા. લી., અમદાવાદ<br>૨. ગુજરાત ઓફસેટ પ્રા. લી., અમદાવાદ |
| | રાષ્ટ્રિયતા | | ભારતીય |
| | સરનામું | | ૧. સીટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ<br>૨. જૈન આશ્રમની સામે, વટવા રેલવે સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ |
| ૪. | પ્રકાશકનું નામ | : | માહિતી નિયામક, ગુજરાત સરકાર |
| | રાષ્ટ્રિયતા | : | ભારતીય |
| | સરનામું | : | માહિતી નિયામકશ્રીની કચેરી, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦ |
| ૫. | તંત્રીનું નામ | : | ડી. પી. દેસાઇ |
| | રાષ્ટ્રિયતા | : | ભારતીય |
| | સરનામું | : | માહિતી નિયામકશ્રીની કચેરી, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦ |
| ૬. | માલિકનું નામ | : | ગુજરાત સરકાર, માહિતી ખાતું |
| | સરનામું | : | માહિતી નિયામકશ્રીની કચેરી, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦ |

**હું ડી. પી. દેસાઇ, માહિતી નિયામક આથી જાહેર કરું છું કે, ઉપર જણાવેલ તમામ હકીકતો મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે. સરનામું : માહિતી નિયામકશ્રીની કચેરી, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦**

**ડી. પી. દેસાઇ, માહિતી નિયામક**

## કોઈ એનાં જેવું...

રાજેન્દ્ર શુક્લ

ઝાંખું ઝાંખું સાવ જણાતું જેવું તેવું,
એ તો ક્યાંથી હોય, હશે કાંઈ એનાં જેવું !

શ્વાસતણી આવન-જાવન આ અમથી સેવ,
એનું કાંઈ નામ જ ક્યાં છે, કોઈ વિદા લેવું !

હોઠે આવી હૈયું આ અટકે છે એવું,
કહેવાનું તો હોય ઘણું પણ ક્યમનું કહેવું !

નળિયાં ઊતરી જાય , રહે નઈ એકે નેવ,
નભ સંગાથે ફેલાવું, નભ સંગે રહેવું !

ગળું ફૂલાવી ગોખે બેઠું એક પારેવું,
કોક જનમને યાદ કરી ઘૂઘવે છે કેવું !

યાદ તાજી કરાવતો આ આદિવાસી મેળો અન્ય સમાજે પણ એકવાર તો જોવા જેવો છે. મેળાના મેદાનની મધ્યમાં ૨૦ થી ૨૫ ફૂટ ઊંચો સ્તંભ ઊભો કરી તેના પર વીંધ પાડી માણસ ઊભો રહી શકે તેવી રીતે ચાર-પાંચ ફૂટના બે આડા લાકડાના કટકા બેસાડવામાં આવે છે. સ્તંભની આસપાસ કુંવારી કન્યાઓ વાંસની સોટી લઈને રાસ કરે છે અને ત્રણ - ચાર જુવાનીયાઓ ટોંચ પર બાંધેલી ગોળની પોટલી લેવા ચડે છે ત્યારે કન્યાઓ તેને સોટીથી ફટકારે છે. પેલા યુવાનોએ ગોળ ખાઈ, મારથી બચી સૌની નજર ચૂકવી નીચે ઉતરવાનું હોય છે. મૂળ આ પોટલીનો ગોળ લેવા ગધેડા જેવો માર ખાવો પડે છે.

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના દેલવાડા ગામથી માત્ર દોઢેક કિ.મી.ના અંતરે આવેલા ગુણભાંખરી ગામમાં ફાગણ વદ ચૌદશે ચિત્ર-વિચિત્રનો મેળો ભરાય છે. અરવલ્લીની કંદરાઓમાં સોળે શણગાર સજીને ભીલ અને ગરાસિયા આદિવાસીઓ આ મેળામાં ઉમટી પડે છે. નદીઓના સંગમ સ્થાને આવી તેઓ પિતૃઓના અસ્થિઓનું વિસર્જન કરે છે અને ધાર્મિક વિધી પણ કરે છે. સગા સ્નેહીઓને મળી વર્ષ દરમિયાન મૃત્યુ પામેલા સ્નેહીજનોને યાદ કરી વિલાપ કરે છે.

સૌરાષ્ટ્રના પોરબંદર પંથકમાં આવેલા માધવપુર-ઘેડ વિસ્તારમાં ચૈત્ર નોમ થી સુદ તેરસ સુધી માધવરાય એટલે કે ભગવાન શ્રીકૃષ્ણ અને રુકમણીનો વિવાહ પ્રસંગ ઉજવાય છે. આ લગ્ન સમારંભને માણવા દેશભરમાંથી શ્રીકૃષ્ણના ભકતજનો એકઠા થાય છે અને મહેરામણ સર્જાય છે જે મેળાનું સ્વરુપ ધારણ કરે છે. આ મેળા માટે એક દુહો જાણીતો છે...

**“ માધવપુરનો માંડવો, આવે જાદવકુળની જાન,**
**પરણે રાણી રુકમણી જ્યાં વર દુલ્હા ભગવાન”**

ગુજરાતની અંદર વસતું એક અલગ ગુજરાત એટલે કચ્છ. કચ્છની સંસ્કૃતિ, કલા અને રિવાજો બધાથી અનોખા છે. કચ્છમાં મુખ્ય ૧૨ મેળાઓ વર્ષ દરમિયાન યોજાય છે. જેમાં ચૈત્ર વૈશાખના મેળાઓ જોઈએ તો ચૈત્ર માસના પ્રથમ સોમવારનો હાજીપીર બન્નીનો મેળો, અમરા ખાતે ચૈત્ર માસના પ્રથમ સોમવારનો કરોલપીરનો મેળો, તલવણામાં ચૈત્ર માસના બીજા સોમવારે યોજાતો રૂકન્સાપીરનો મેળો, માંડવીમાં ચૈત્ર- વદ તેરસનો શીતળા માતાનો મેળો અને અંજારમાં ચૈત્ર સુદ ૧૪-૧૫ નો જેસલ તોરલનો મેળો કચ્છની ગ્રામ્ય સંસ્કૃતિનો અરીસો છે.

ચૈત્રી પૂનમે ચુંવાળ પંથક બહુચરાજીમાં માતાજીના પ્રાગટ્ય દિવસે માતાજીનો મેળો ભરાય છે. ગુજરાતની ત્રણ વિદ્યાપીઠ પૈકી બહુચરાજીમાં શ્રધ્ધા, ભક્તિ અને શક્તિનો ત્રિવેણી સંગમ રચાય છે. બાલાત્રિપુરા સુંદરી બહુચરાજીના આ સ્થાનકમાં દક્ષ કન્યા માં ભગવતી સતીના હાથના અવયવો પડેલાં છે. માતાજીને ચૈત્રી પૂનમની રાત્રે ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવે છે. આ સ્થળ એક સિધ્ધ શક્તિપીઠ છે જ્યાં મા બહુચરના ચાર પ્રાગ્ટય સ્વરૂપે મેળાની ઉજવણી થાય છે.

આમ, મેળો માનવીને આનંદ, ખરીદી અને દેવદર્શનની અમૂલ્ય તક પૂરી પાડે છે. મેળામાં લોક જીવનનો ઉમંગ, ઉત્સાહ લોકસંસ્કૃતિની રંગીન કલાત્મકતાનો સ્વાભાવિક આનંદ છતો થાય છે. આ મેળાઓ આખો દિવસ મહેનત કરતાં માનવીના જીવનમાં વૈવિધ્ય લાવી, એના હૈયાને હળવું બનાવી આનંદથી ભર્યું ભાદર્યું બનાવે છે. ●

## ક્યાં છે ગીતાનો ગાનાર ?

ભાનુપ્રસાદ ત્રિવેદી

ડગલે પગલે કુરુક્ષેત્ર છે,
અર્જુન કોણ થનાર ?
કોઈ થાય અર્જુન પણ ક્યાં છે
ગીતાનો ગાનાર ?
કોણ સ્નેહનાં બંધન ત્યાગે ?
જાગે કોણ અગન-અનુરાગે ?
વીર હોય તે આવે આગે,
મુક્ત થવા આ ધરતી માગે,
મુક્ત થવા આ ધરતી માગે માનવનો અધિકાર... કોઈ.
અહો સ્વર્ણ-કીચડ : રથ કળણે,
રોપાતાં જંતર હય-ચરણે,
વ્યર્થ સાત કોઠાનું મરણે,
ધર્મરાજ દુર્યોધન શરણે,
ધર્મરાજ દુર્યોધન શરણે-રટતા જય જય કાર... - કોઈ.

# વિવિધ વિભાગોમાં અંદાજપત્રીય ફાળવણીની વિગતો



| | | |
|---|---|---|
| કૃષિ સહકાર<br>₹ 7737 કરોડ | જળસંપત્તિ<br>₹ 5339 કરોડ | પાણીપુરવઠા<br>₹ 5451 કરોડ |
| આરોગ્ય અને પરિવાર<br>₹ 12240 કરોડ | મહિલા અને બાળવિકાસ<br>₹ 4976 કરોડ | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી<br>₹ 670 કરોડ |
| અન્ન, નાગરિક પુરવઠા<br>₹ 1526 કરોડ | સામાજિક ન્યાય<br>₹ 4782 કરોડ | શ્રમ, કૌશલ્ય અને રોજગાર<br>₹ 7737 કરોડ |
| શિક્ષણ<br>₹ 34884 કરોડ | આદિજાતિ વિકાસ<br>₹ 2909 કરોડ | માર્ગ અને મકાન<br>₹ 12024 કરોડ |
| પંચાયત અને ગ્રામવિકાસ<br>₹ 9048 કરોડ | શહેરી વિકાસ<br>₹ 14297 કરોડ | બંદરો અને વાહન વ્યવહાર<br>₹ 1504 કરોડ |
| ઉદ્યોગ અને ખાણ<br>₹ 7030 કરોડ | પ્રવાસન યાત્રાધામ<br>₹ 465 કરોડ | ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ<br>₹ 15568 કરોડ |
| ક્લાઈમેટ ચેન્જ<br>₹ 931 કરોડ | વન અને પર્યાવરણ<br>₹ 1822 કરોડ | મહેસૂલ<br>₹ 4394 કરોડ |
| કાયદો અને વ્યવસ્થા<br>₹ 8325 કરોડ | રમતગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ<br>₹ 517 કરોડ | માહિતી અને પ્રસારણ<br>₹ 199 કરોડ |
| | સામાન્ય વહીવટ<br>₹ 2146 કરોડ | |



**Published on Date 16-3-2022**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2021-23 Valid upto 31/12/2023, LPWP No. WPP PMG/NG/061/2021-23 Valid upto 31/12/2023 • Licensed to Post without Prepayment At Post : PSO/1 - Ahmedabad/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M., Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.

**48 + 4 Cover = Total 52 Pages** • **Editor and Published by** Director of Information on behalf of Directorate of Information, Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad & Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**

**માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦**